# પત્રમાં તત્ત્વજ્ઞાન

(ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના બે પત્રોનું વિવરણ)


: વિવરણકાર :

મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી

(છેલ્લે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ધર્મધુરન્ધરસૂરિ મહારાજ)



: પ્રકાશક :

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા

અમદાવાદ.

સં. ૨૦૬૩ ઇ.સ. ૨૦૦૭

# પત્રમાં તત્ત્વજ્ઞાન

(ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના
બે પત્રોનું વિવરણ)

: વિવરણકાર :
મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી
(છેલ્લે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ધર્મધુરન્ધરસૂરિ મહારાજ)

: પ્રકાશક :
શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
અમદાવાદ.

સં. ૨૦૬૩ ઈ.સ. ૨૦૦૭

પત્રમાં તત્ત્વજ્ઞાન

પ્રતિ : ૫૦૦

મૂલ્ય : ૨૫ રૂ.

: પ્રાપ્તિસ્થાન :

જિતેન્દ્રભાઈ કાપડિયા
C/o. અજંતા પ્રિન્ટર્સ
૧૪ બી, સત્તર તાલુકા સોસાયટી,
પોષ્ટ : નવજીવન, અમદાવાદ -૧૪.
ફોન : (ઓ) ૨૭૫૪૪૫૫૫૭
(રહે.) ૨૬૬૦૦૯૨૬

શરદભાઈ શાહ
૧૦૨, વી. ટી. એપાર્ટમેન્ટ,
દાદાસાહેબ પાસે,
કાળાનાળા,
ભાવનગર-૩૬૪૦૦૧.
ફોન : ૨૪૨૬૭૯૭

વિજયભાઈ બી. દોશી
(મહુવાવાળા)
સી-૬૦૨, દત્તાણીનગર,
બિલ્ડીંગ નં.-૩, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૯૨
મોબાઈલ : ૯૮૨૦૪ ૭૮૮૦૪

મુદ્રક:
કિરીટ ગ્રાફીકસ ૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર,
રતનપોળ, અમદાવાદ-૧. ફોન : ૦૭૯-૨૫૩૫૨૬૦૨

॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

# થોડી વાત

વર્ષો પહેલાં ભાવનગરથી પ્રકાશિત **જૈન ધર્મ પ્રકાશ** નામના માસિક પત્રમાં ક્રમશઃ દશ હપ્તા રૂપે પૂજ્યપાદ સ્વનામધન્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે લખેલા બે પત્રોનું વિવરણ પૂજ્ય મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજીએ લખેલું તેનું આ પુસ્તક રૂપ છે.

પત્રો કહેવાય, બાકી તેઓના પત્રો પણ ગ્રન્થ સ્વરૂપે જ હોય છે તેવા દિગ્ગજ વિદ્વાન હતા. મને આનન્દ થાય છે કે આ રીતે ગુરુ મહારાજનું કાર્ય કરવાનો મોકો મને મળ્યો.

મૂળ પત્ર મહેસાણા પાઠશાળા તરફથી પ્રકાશિત ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભાગ બેમાં 'દ્રવ્યગુણપર્યાય રાસ' છે તેની પાછળ આ પ્રકાશિત થયા હતા. તેના ઉપરનું વિવરણ પૂજ્યશ્રીએ ત્યારે ક્રમશઃ લખેલું પણ તેનું પુસ્તકાકારે પ્રકટ થવાનું બાકી રહ્યું હતું તે શેષ કાર્ય જે મારા માટે તો વિશેષ કાર્ય છે.

મૂળ પત્ર એટલા બધા વજનદાર છે કે તેનું વિવરણ પણ એવું જ બન્યું છે.

વર્તમાનમાં આ લખાણ પ્રસ્તુત છે જ્યારે પત્રમાં પણ આવું તત્ત્વજ્ઞાન પીરસી શકાય.

ધ્યાનથી વાંચવા જેવા પત્રોનું અને તેના વિવરણનું સ્વાગત હો!

*વિ.સં. ૨૦૬૩*
*ભા. વ. ૩*
*કાંદીવલી પૂર્વ*

*શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રશિષ્ય*
*પ્રદ્યુમ્નસૂરિ.*

# પત્રમાં તત્ત્વજ્ઞાન

(ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના
બે પત્રોનું વિવરણ)

# પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૧)

વિભિન્ન સ્થળે રહેલા એકબીજાનો સમ્પર્ક સાધવાનું અતિ ઉપયોગી સાધન પત્ર છે. પત્રની શરૂઆત માટે અનેક પ્રકારની વિવિધ કલ્પનાઓ કરવામાં આવે છે પણ માનવજાતનો વ્યવહાર જેટલો જુગજૂનો છે તેટલો જ પત્ર પણ જુગજૂનો છે. પત્રો અનેક પ્રકારના લખાય છે. તેમાં પણ પ્રાચીન યુગ કરતાં વર્તમાન યુગમાં પત્રલેખનની પ્રવૃત્તિ અને વિવિધતા ખૂબ પ્રમાણમાં વધી છે.

પત્ર લખવાનાં કારણો હજારો છે. તેમાં વર્તમાનમાં મુખ્યત્વે વેપાર, વ્યવહાર અને સ્નેહ એ ત્રણ કારણોથી પત્રો લખાય છે. એ સિવાયના પત્રો જૂજ છે. પ્રાચીન સમયમાં પણ વિશિષ્ટ પત્રો તો વિરલ જ લખાતા, એ વિશિષ્ટ પત્રોમાં પણ જે પત્રોમાં તત્ત્વજ્ઞાન ભર્યું હોય એવા પત્રો જોવા પણ દુર્લભ થઈ પડે એમ છે.

પત્રસાહિત્યમાં અમર સ્થાને મૂકી શકાય એવા તત્ત્વજ્ઞાનથી ભરપૂર બે પત્રો પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રીના લખેલા છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સોળમી સદીના ઉત્તરાર્ધ અને સત્તરમી સદીના પૂર્વાર્ધના અનન્ય વિદ્વાન્ અને અદ્વિતીય ગ્રંથકાર

છે. તેમની કલમથી લખાએલ વિવિધ સાહિત્ય સચોટ અને હૃદયંગમ છે. તેઓશ્રીના આ બંન્ને પત્રો **ખંભાતથી જેસલમેર** લખાયેલા છે.

જેમના ઉપર એ પત્રો લખાયેલા છે તે શ્રાવકોનાં નામ છે- શા. હરરાજ તથા શા. દેવરાજ.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ અને આ શ્રાવકો વચ્ચે પત્રવ્યવહાર હશે એમ આ બંને પત્રો પરથી જણાય છે. પત્રવ્યવહારમાં મુખ્યત્વે જ્ઞાનચર્ચા ચાલતી હશે એ પણ આ પત્રોથી સમજાય છે.

પ્રસ્તુત બંને પત્રો તે શ્રાવકોના આવેલા કાગળના જવાબરૂપે લખાયેલા છે. તે શ્રાવકોએ પૂજ્ય ઉપાધ્યાયજી મ. ઉપર પત્ર કેવા પ્રકારે લખેલ એ ઉપલબ્ધ નથી છતાં આ પત્રો ઉપરથી તેમના પૂછેલા પ્રશ્નોનો ખ્યાલ આવી જાય છે.

પ્રસ્તુત બંને પત્રો આ પ્રમાણે છે : તેમાં પ્રથમ પત્રની શરૂઆતમાં કાગળ ઉપર 'શ્રી જિનાય નમઃ' એ પ્રમાણે છે.

પછી નીચે પ્રમાણે પ્રારંભ કરેલ છે.

-स्वस्ति श्रीस्तम्भनकपार्श्वजिनं प्रणम्य श्रीस्तम्भतीर्थनगरतः श्रीजेसलमेरुमहादुर्गे न्यायाचार्योपाध्याय श्रीयशोविजयगणयः सपरिकराः सुश्रावक-पुण्यप्रभावक-श्रीदेवगुरुभक्तिकारक-श्री जिनाज्ञाप्रतिपालक-गीतार्थपरम्पराप्राप्तसामाचारी-रुचिधारक-आगमाध्यात्मविवेककारक-मोक्षैकतानसर्वावसरसावधान-शा. हरराज, शा. देवराज योग्यं धर्मलाभपूर्वकं लिखितम्.

પત્રની શરૂઆતમાં ઘણી વિશેષતાઓ સમાએલી છે.

(૧) પત્રના પ્રારંભમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવો જરૂરી છે. વર્તમાનમાં પણ એ પ્રવૃત્તિ પત્ર લખતાં કેટલેક સ્થળે જળવાઈ રહેલી જોવામાં આવે છે.

વિશિષ્ટ પ્રસંગોએ લખાતી કુમકુમપત્રિકા એ પણ એક પત્રનો પ્રકાર છે. તેમાં શરૂઆતમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવામાં આવેલ હોય છે. વિશિષ્ટ પ્રસંગની પત્રિકા હોય અને તેમાં શરૂઆતમાં ઈષ્ટદેવને નમસ્કાર કરાએલો ન હોય તો તે પત્રિકા અધ્ધરિયા લાગે છે અને એ ખામી ખટક્યા કરે છે. જો કે હવે નાના નાના પ્રસંગોની પત્રિકાઓ મુદ્રણકાર્યની વિપુલતા વધવાને કારણે પુષ્કળ બહાર પડે છે. તે નાની પત્રિકાઓમાં કેટલીકમાં ઈષ્ટદેવને નમસ્કાર કર્યો હોય છે તો કેટલીકમાં નથી કર્યો હોતો, પણ નાની કે મોટી પત્રપ્રવૃત્તિમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવો જરૂરી છે, એમાં શિષ્ટતા છે અને વિશિષ્ટતા પણ છે.

વર્તમાન યુગ એક રીતે ઉભડકિયો યુગ ગણાવી શકાય. ખાવું-પીવું, બેસવું-ઊઠવું, સૂવું-હરવું-ફરવું બધું ઉભડકિયું-અધ્ધરિયું આ યુગમાં જોવામાં આવે છે. એટલે ઉભડકિયું લખાણ પણ વધેલું જોવામાં આવે પણ એ શિષ્ટ-વિશિષ્ટ તો નથી.

ઈષ્ટ નમસ્કારથી સ્થિરતા વ્યક્ત થાય છે.

(૨) જે ગામથી પત્ર લખવાનો હોય તે ગામનું નામ લખવું જરૂરી છે. તે આ પત્રમાં છે. **ખંભાત** એ ચાલુ નામ હોવા છતાં શિષ્ટ ભાષામાં **સ્તમ્ભતીર્થ** એ પ્રમાણે નામ પ્રચલિત હતું અને છે. જેઓનો વાસ નિયત અને પ્રસિદ્ધ હોય તેઓ કદાચ પત્રમાં કોઈ વખત ગામનું નામ ન લખે તો ચાલી શકે પણ જેઓ અનિયત વસે છે તેઓએ તો પત્ર ક્યાંથી લખે છે તે અવશ્ય જણાવવું જોઈએ.

ઘણાને પત્રમાં પોતે ક્યાંથી લખે છે એ લખવાની ટેવ નથી હોતી તેથી મહત્ત્વના પત્રમાં પણ એ ખામી સાલે છે એટલું જ નહિ પણ કોઈ મહત્ત્વના સમાચાર મોકલવા હોય તો તેઓ ક્યાં હશે ? એ ચિંતા જેમના ઉપર એ પત્ર લખાયો હોય છે તેઓને થતી હોય છે. પત્ર લખનારનું ઠેકાણું મેળવવા તેઓને પ્રયત્ન વિશેષ કરવો પડે છે.

એમ છતાં ગામ વગેરે ન મળે ત્યારે કાર્ય જતું કરવું પડે છે. શરૂઆતમાં ગામનું નામ લખવાથી ઉપરની ઘણી હકીકતો પતી જાય છે.

આ કાગળમાં 'श्रीस्तम्भतीर्थनगरतः' એ પ્રમાણે પંચમી વિભક્તિનો પ્રયોગ છે એટલે પત્ર ખંભાતથી લખાયો છે એ પણ સ્પષ્ટ થઇ જાય છે. કેવળ એમ ને એમ ગામનું નામ હોત તો સંદેહ પણ થવાની સંભાવના રહે.

(૩) ગામના નામ પછી જેમના ઉપર પત્ર લખવાનો છે તેમના ગામનું નામ છે. આ નામ પણ લખવું જરૂરી છે. એ નામ કેટલીક વખત આગળ પાછળ પણ લખવાનો વ્યવહાર છે. કુમકુમપત્રિકામાં એ પદ્ધતિ જોવાય છે.

વર્તમાન યુગમાં પત્રો પહોંચાડવાની સ્વતંત્ર વ્યવસ્થા છે. લાખો-કરોડો પત્રો એ વ્યવસ્થા દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં આવે છે. તેમાં જે સ્થળે પત્ર પહોંચાડવાનો હોય છે ત્યાંનું સાંગોપાંગ લખાણ લખવાની સ્વતંત્ર વ્યવસ્થા હોય છે. એ અલગ સ્વતંત્ર સ્થળ પર નામ-ઠેકાણું-ગામ વગેરે લખાય છે. એ લખાણને ''શિરનામું'' કહેવામાં આવે છે. શિરનામું જેટલું વ્યવસ્થિત લખાયું હોય તેટલી પત્ર પહોંચાડનારને વિશેષ અનુકૂળતા રહે છે. કેટલાક શિરનામું ગરબડિયું-અવ્યવસ્થિત કરતા હોય છે. કેટલાક ઉતાવળી પ્રકૃતિના માણસો શિરનામામાં કેટલુંક અગત્યનું લખાણ ભૂલી જતા હોય છે. કેટલાક તો જે ગામ પત્ર મોકલવાનો હોય છે તે ગામનું નામ પણ લખવું ભૂલી જતા હોય છે. આવી સ્થિતિમાં જેઓએ એ પત્રો પહોંચાડવાની જવાબદારી લીધી છે તેઓ તે પત્રની અંદરના લખાણ ઉપરથી ગામ-નામ-ઠેકાણું વગેરે શોધી કાઢે છે. અને પત્ર પહોંચતો કરે છે. આ વ્યવસ્થા જે સ્થળે થાય છે તે સ્થળને 'ડેડલેટર ઓફિસ' કહે છે. મોટા શહેરમાં એ સ્થળ રહે છે અને ત્યાંથી સર્વ વ્યવસ્થા

કરવામાં આવતી હોય છે. જો કાગળની અંદર ગામનું નામ ન હોય તો એ વ્યવસ્થા કરનારાને પણ ખબર પડે નહિ, છતાં અમુક વખત સુધી એવા કાગળોને તેઓ સાચવી રાખે છે અને પછીથી તેનો નાશ કરવામાં આવે છે.

સામાન્ય-નજીવી ભૂલને કારણે કોઈ વિશિષ્ટ પત્રનો નાશ ન થાય એ માટે ગામનું નામ બન્ને તરફ લખવું જરૂરી છે.

(૪) એ પછી પત્રમાં જેઓ પત્ર લખનાર છે તેઓનું નામ છે. આ નામ લખવાની શિષ્ટ રીત આ પ્રમાણે ચાલુ છે.

પત્ર લખનાર અને પત્ર જેના ઉપર લખવાનો છે તે - એ બેમાં એક વડીલ હોય અને બીજા નાના હોય એ સ્વાભાવિક છે.

પત્ર લખનાર વડીલ હોય તો તેઓ પોતાનું નામ પ્રથમ લખે અને પછી જેના ઉપર લખવાનું છે તેનું નામ લખે.

પત્ર જેના ઉપર લખવાનો છે તેઓ જો વડીલ હોય તો તેમનું નામ પ્રથમ લખીને પછી પોતાનું નામ લખે.

વર્તમાનમાં જેના ઉપર પત્ર લખવાનો હોય છે તેનું નામ ઉપર લખીને પત્ર પૂરો કર્યા પછી નીચે પોતાનું નામ લખવાની રીતિ-પ્રચલિત રીતિ અજુગતી ન જણાતી હોય તેથી તે વ્યાજબી કે શિષ્ટ છે એમ કહી શકાય નહિ.

અહીં પત્ર લખાનર વિશિષ્ટ મુનિ છે - ઉપાધ્યાયજી મહારાજ છે. જેમના ઉપર પત્ર લખવાનો છે તેઓ શ્રાવક છે. એટલે તેઓશ્રીએ પોતાનું નામ લખ્યું છે તે ઉચિત છે.

પત્ર લખનારે પોતે પોતાનું નામ કઈ રીતે લખવું એ પણ સમજવા જેવું છે. કેટલાક પોતાનું નામ ટૂંકમાં લખે છે જ્યારે કેટલાક સંપૂર્ણ લખે છે. ટૂંકમાં નામ લખવું એ સમુચિત નથી. નામ પૂરું

લખવાથી ઔચિત્ય જળવાય છે. તેમાં લખનાર પોતે વડીલ હોય તેમણે તો પાતનું નામ પૂરું લખવું એ વિશેષ કરીને આવશ્યક છે.

નામ જ્યારે પોતાનું લખવાનું હોય ત્યારે પોતાની યોગ્યતાસૂચક કેટલાંક વિશેષણો હોય છે તે વાપરવાં કે નહિ ? એ પણ સમજવા જેવું છે. સામાન્ય રીતે શિષ્ટ મત એવો છે કે નામ માત્ર લખવું પણ વિશેષણો ન વાપરવાં. પણ કેટલીક વખત કાર્યવિશેષની સિદ્ધિને માટે તે તે વિશેષણો વાપરવાં એ વ્યાજબી છે. તેમાં ઔચિત્યનો ભંગ થતો નથી. પરંતુ ઔચિત્ય જળવાય છે. એ હકીકત અહીં "ન્યાયા-ચાર્યોપાધ્યાય-" એમ લખેલ છે તેથી સ્પષ્ટ થાય છે. એ જ પ્રમાણે પોતાના નામને બહુવચનમાં વાપરીને પણ તેમણે પત્રની વિશેષતામાં વધારો કરેલ છે. પોતાનું નામ બહુવચનમાં મૂકવાનું વિધાન વ્યાકરણશાસ્ત્રે પણ જણાવ્યું છે.

(૫) પત્રમાં શ્રાવકો અંગે જે વિશેષણો વપરાયાં છે તે- પત્રનો આગળ ઉપર આવતો ભાગ જોતાં ખરેખર સાર્થક છે એ સ્પષ્ટ થાય છે. કેવળ શ્રાવકને સારું લગાડવા ખાતર નથી લખાયું એ પણ પત્ર વાંચતાં જણાઈ આવે છે.

શ્રાવકો માટે આઠ વિશેષણો છે.

(૧) સુશ્રાવક, (૨) પુણ્યપ્રભાવક, (૩) શ્રી દેવગુરુભક્તિકારક, (૪) શ્રીજિનાજ્ઞાપ્રતિપાલક, (૫) ગીતાર્થ-પરમ્પરાપ્રાપ્ત સામાચારિ-રુચિધારક (૬) આગમાધ્યાત્મવિવેકકારક, (૭) મોક્ષૈકતાન, (૮) સર્વાવસરસાવધાન.

આ આઠ વિશેષણોથી વિશિષ્ટ શ્રાવકો કેવા હોય એ સ્પષ્ટ થાય છે.

વિશેષણો સામાન્ય રીતે સ્પષ્ટ અર્થવાળા છે, છતાં છઠ્ઠું વિશેષણ તે સમયના વાતાવરણનું સૂચક જણાય છે.

આગમ અને અધ્યાત્મનો વિવેક ન જળવાય તો આત્મા કર્યું કારવ્યું હારી જાય. તે સમયે અધ્યાત્મના આડંબરીઓનું જોર હતું. અને કેટલાક ભણેલા એ બાજુ ખેંચાઈ જતા હતા. આ બન્ને શ્રાવકો માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજના હૃદયમાં કેવો સુન્દર સદ્ભાવ છે એ ઉપરના આઠે વિશેષણોથી સ્પષ્ટ જણાય છે.

હૃદયમાં ગુરુમહારાજને રાખવા એ પ્રબલ પુણ્યની નિશાની છે, પણ ગુરુમહારાજના હૃદયમાં સ્થાન મેળવવું એ તો અતિ પ્રબલ પુણ્ય હોય ત્યારે જ બને. આ શ્રાવકો એ રીતે ભાગ્યશાળી બન્યા છે. ધન્ય છે તેમને ! પછીથી પત્ર શરૂ થાય છે.

■ ■ ■

## પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૨)

"अठे धर्मकार्य सुखे प्रवर्ते छे. अपरम् थारा कागद समाचार पाया. वांची बहुत सुख पाया. अत्र ज्ञानगोष्ठीगरिष्ठ ऐसी सभा छे जे देखी थासरखां ज्ञानप्रिय लोकने घणुं सुख उपजे. ते प्रीछजो—"

**અહીં ધર્મકાર્ય સુખે પ્રવર્તે છે.** મુનિ જીવનમાં મુખ્ય લક્ષણ ધર્મકરણી સુખપૂર્વક સધાય એ હોય એ સ્વાભાવિક છે. એ હકીકત ટૂંકમાં ઉપર પ્રમાણે જણાવી છે.

**બીજું તમારા કાગળ-સમાચાર મળ્યા.** આ પત્ર ઉત્તરરૂપે લખાયો છે. આ વાત પ્રથમ પણ આવી ગઇ છે. અહીં એ સ્પષ્ટ છે. કાગળ મળ્યો અને સમાચાર જાણ્યા એમ લખવાને બદલે ટૂંકમાં 'કાગળ-સમાચાર' એટલેથી પતાવી દીધું છે. એમાં કહેવાનો આશય સ્પષ્ટ તરી આવે છે.

**'વાંચી ઘણું સુખ થયું.'** કાગળમાં તત્ત્વજ્ઞાનને લગતા અનેક ગંભીર પ્રશ્નો છે. એવા પ્રશ્નો વાંચીને આનંદ કેમ ન થાય? જરૂર થાય. આવા જ્ઞાનરસિક શ્રાવક-જનો સાથેનો ધર્મસ્નેહ આ રીતે વૃદ્ધિ પામે-ટકે.

**અહીં જ્ઞાનગોષ્ઠી-જ્ઞાનચર્ચા મોટી ચાલે એવી સભા છે.**

ખંભાતથી આ પત્ર લખાયો છે. ત્યાં પણ તત્ત્વજ્ઞાનની ચર્ચામાં રસ લેતા અનેક શ્રાવકો વગેરે રહે છે. સભામાં-વ્યાખ્યાનમાં એવા એવા પ્રશ્નો પૂછે છે. ગંભીરપણે પૂછે છે. જિજ્ઞાસાવૃત્તિથી સાંભળે છે. ખપી જીવો છે.

એવી સભા જાણીને પણ આનંદ થાય તો સાક્ષાત્ એવી સભાનો પરિચય થતાં આનંદ કેમ ન થાય ? આનંદ એવા પ્રસંગે તેને ન થાય કે જેને જ્ઞાન-વિનોદમાં રસ નથી, જે જડ છે. જ્ઞાનરસિકને તો જરૂર આવા સમાચારથી આનંદ ઊપજે. જેસલમેરથી ખંભાત આવવું એ, એ સમયમાં સહેલું ન હતું. એટલે સીધું એમ તો ન જણાવાય કે તમે અહીં આવજો કે આવશો તો આનંદ આવશે, પણ **જે દેખી તમારા જેવા જ્ઞાનપ્રિય જનને ઘણું સુખ ઊપજે એ જાણજો.**

આવી સભા જોઈને તમારા જેવા જ્ઞાનરસિક માણસોને ઘણો આનંદ ઉત્પન્ન થાય એ જાણજો.

વ્યંગ્ય રીતે એ પણ સૂચવ્યું કે અનુકૂળતા હોય તો આવજો.

थें लिख्यो छे, जे "केवली कवलाहार करइ, पणि तिणरी युगति किउं नथी लिखी?" ते लिखतां ग्रंथांतर थाई. ते भणी न लिखीती. बीजां सर्व प्रसनरी युगति तो थांनइं पुहुती, थांहरुं दिल प्रसन्न हुउं. हवे-ते युगति जाण्यारी इच्छा छइं. सा गदाधरमहाराज हस्ते अध्यात्ममतपरीक्षारो बालावबोध लिखावी आपस्यां, तेथी सर्व प्रीछ्यो—

તમે લખ્યું છે જે– **'કેવલી કવળાહાર કરે, પણ તેની યુક્તિ કેમ નથી લખી ?' તે લખતાં ગ્રંથાન્તર થાય, તે માટે ન લખી હતી. બીજા પ્રશ્નોની યુક્તિ તો તમને પહોંચી. તમારું દિલ પ્રસન્ન થયું. હવે તે યુક્તિ જાણવાની ઈચ્છા છે તે ગદાધર મહારાજને હાથે અધ્યાત્મમતપરીક્ષાનો બાલાવબોધ લખાવી આપીશું તેથી જાણજો-'**

આ પત્રવ્યવહાર પ્રથમ જ નથી. પત્રવ્યવહાર ચાલુ છે. એટલે આ પત્ર ઉપરથી એ કલ્પના સહેજે થઇ શકે છે કે આની પહેલાં એ શ્રાવકોએ પુછાવેલા કેટલાક પ્રશ્નોનો ઉત્તર ઉપાધ્યાયજી મહારાજે આપ્યો હતો. તેમાંના અનેક પ્રશ્નોમાં 'કેવલી કવલાહાર કરે કે નહિ' એવો એક પ્રશ્ન હતો અને તેના ઉત્તરમાં ટૂંકમાં- 'કેવલી કવલાહાર કરે' એ પ્રમાણે જણાવેલ. એના અનુસંધાનમાં આ વખતે અન્ય પ્રશ્નોના પત્રમાં એ શ્રાવકોએ પુછાવ્યું કે- 'કેવલી કવલાહારની યુક્તિ કેમ નથી લખી ?' એનો ઉત્તર ઉપાધ્યાયજી મહારાજ આપે છે–

કેવલી કવલાહાર કરે-એની યુક્તિઓ જણાવવી એ નાની વાત નથી. ટૂંકમાં એ જણાવાય નહિ. એ લખવા જઇએ તો એક મોટો ગ્રંથ થઈ જાય. કેટલીક હકીકતો એવી હોય છે કે જે ટૂંકમાં પણ બરાબર સમજાવી શકાય છે. જ્યારે કેટલીક હકીકતો જ એવી હોય છે જે ટૂંકમાં લખવા જતાં વિશેષ ગૂંચ ઊભી થાય. એ હકીકત જ્યારે સમજુને સમજાવવાની હોય ત્યારે પરિપૂર્ણ શક્ય - હોય તે પ્રમાણે જણાવવી જોઈએ. એ જણાવતાં ગ્રંથાન્તર થઇ જાય એ સ્વાભાવિક છે. એ કારણે યુક્તિઓ જણાવી ન હતી.

ચાલુ પત્રમાં આગળ ઉપર કેટલીક યુક્તિઓ આવવાની છે–

કેવલી કવલાહાર સિવાયના બીજા અનેક પ્રશ્નોના ઉત્તરો પૂ. ઉપાધ્યાયજીએ યુક્તિયુક્ત જણાવ્યા હતા. એ વાંચીને શ્રાવકોના મનમાં આનંદ ઊપજ્યો હતો. એ વાત તેઓશ્રીએ સ્પષ્ટ લખી છે.

હવે કેવલી કવલાહાર કેમ કરે એ સંબંધી યુક્તિઓ જાણવાની તમોને ઇચ્છા છે-તો તે યુક્તિઓ પૂ. ઉપાધ્યાયજી મહારાજે 'અધ્યાત્મમતપરીક્ષા' નામે એક ગ્રન્થ દિગમ્બરના અધ્યાત્મવાદનું ખંડન સમજાવતો લખેલ છે. એ ગ્રંથમાં કેવલી કવલાહાર કરે તેની અનેક યુક્તિઓ જણાવેલ છે, પણ એ સર્વ સંસ્કૃત ભાષામાં હોવાને કારણે

પ્રશ્નકાર શ્રાવકોને ન સમજાય એટલે તેનો બાલાવબોધ-અર્થાત્ ગૂર્જરભાષાનુવાદ લખીને મોકલવામાં આવે તો તે શ્રાવકો સમજી શકે.

ઉપાધ્યાયજી મહારાજ પાસે ગદાધર મહારાજ નામે એક લહિયો રહેતો હતો. તે ઉપાધ્યાયજી મહારાજની પ્રતોની નકલો કરતો હતો. તેને હાથે અધ્યાત્મમત પરીક્ષા-બાલાવબોધની નકલ કરાવીને શ્રાવકો ઉપર મોકલી આપવાનું પત્રમાં જણાવેલ છે. એથી સર્વ જાણજો-એ જણાવીને આ બાલાવબોધ વાંચવાથી કેવલી કવલાહાર કેમ કરે ? તે સંબંધી યુક્તિઓ જાણવાની જે ઇચ્છા જાગી છે તે ઇચ્છા પૂરી થશે. આ ગ્રંથમાંથી અનેક યુક્તિઓ જાણવા મળશે.

હાલ પણ એ ગ્રંથ વિદ્યમાન છે અને તેમાં સચોટ યુક્તિઓ આપેલ છે. જે વાંચતાં તર્કરસિકને જરૂર આનંદ આવે એવું છે.

■ ■ ■

## પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૩)

इउ मती जाणो णे-श्री जिनभद्रगणि क्षमाश्रमण, श्रीउमास्वातिवाचक प्रमुखें दिगम्बर न निपेध्युं छे. श्रीहेमाचार्यप्रमुख अर्वाचीन आचार्यइं ज निषेध्युं छे.

(એમ નહિ જાણજો, જે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, શ્રી ઉમાસ્વાતિ વાચક વગેરેએ દિગમ્બરને નિષેધ્યા નથી. શ્રી હેમાચાર્ય વગેરે અર્વાચીન આચાર્યોએ જ નિષેધ્યા છે.)

દિગમ્બર મત દૂષિત છે એવું શ્રી હેમચન્દ્રાચાર્યની પૂર્વના આચાર્યો કહેતા નહિ- એ પ્રમાણે શંકા હોય તો તે માટે બે પ્રામાણિક મહાપુરુષોના નામોલ્લેખપૂર્વક એ શંકાને રજૂ કરીને એવી શંકા નહિ કરવા માટે જણાવ્યું છે.

जे माटे **विशेषावश्यक** मध्ये ७ निह्नव देशविसंवादी कह्या छइ. आठमो निह्नव सर्वविसंवादी दिगम्बर कहीउ छई.

"छव्वाससएहिं नवुत्तरेहिं सिद्धिगयाओ वीरस्स

तो वोडीयाण दिट्ठी, रहवीरपुरे समुप्पन्ना"

इत्यादि उत्पत्ति कही छइ. ते विशेषावश्यक श्री जिनभद्रगणि क्षमाश्रमणकृत छई. तथा श्रीउमास्वातिवाचकें **श्रीप्रशमरति** ग्रन्थमध्ये

साधुने धर्मोपगरण थाप्या छई. किं बहुना ? श्री सूत्रमध्ये घणी स्त्री दीक्षा लेई मोक्षे गईं कही छईं. श्रीमल्लिनाथ–स्त्रीपर्यायेज कह्या छई.

(જે માટે **વિશેષાવશ્યક** મધ્યે સાત નિહ્નવોને દેશવિસંવાદી કહ્યા છે. આઠમો નિહ્નવ સર્વવિસંવાદી દિગમ્બર કહ્યો છે :- 'छव्वाससएहिं' એ ગાથા વગેરે પ્રમાણે ઉત્પત્તિ કહી છે. તે વિશેષાવશ્યક શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કરેલું છે. તથા શ્રી ઉમાસ્વાતિવાચકે શ્રી પ્રશમરતિ ગ્રન્થ મધ્યે સાધુને ધર્મોપકરણ સ્થાપ્યા છે. વધુ શું ? શ્રી સૂત્રમાં ઘણી સ્ત્રીઓ દીક્ષા લઈને મોક્ષે ગઈ-એમ કહેલ છે. શ્રી મલ્લિનાથ સ્ત્રીપર્યાયે જ કહ્યા છે.)

પૂર્વે જે શંકા ન કરવા માટે જણાવ્યું તેનો ઉત્તર ઉપર પ્રમાણે આપેલ છે. તેમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે દિગમ્બરનો નિષેધ વિશેષાવશ્યકમાં જે કરેલ છે તે પ્રમાણરૂપ આપ્યું છે. વિશેષાવશ્યકના કર્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે.

શ્રી ઉમાસ્વાતિ વાચકે દિગમ્બરનો નિષેધ સીધો કર્યો નથી પણ તેની માન્યતાનો વિરોધ એ તેનો વિરોધ કર્યા બરાબર છે. ધર્મોપકરણ પણ પરિગ્રહરૂપ છે અને તે રાખનાર સાધુ ન કહેવાય, એ પ્રમાણે દિગમ્બર કહે છે. જ્યારે પ્રશમરતિમાં સાધુઓને ધર્મોપકરણ રાખવાનું કહેલ છે.

**પ્રશમરતિ** ગ્રન્થનું તે કથન આ પ્રમાણે છે :-

*पिण्डः शय्या वस्त्रैषणादि पात्रैषणादि यच्चान्यत् ।*
*कल्प्याकल्प्यं सद्धर्म-देहरक्षानिमित्तोक्तम् ॥ १३८ ॥*

*कल्प्याकल्प्यविधिज्ञः, संविग्नसहायको विनीतात्मा ।*
*दोषमलिनेऽपि लोके, प्रविहरति मुनिर्निरुपलेपः ॥ १३९ ॥*

*यद्वत् पङ्काधारमपि पङ्कजं नोपलिप्यते तेन ।*
*धर्मोपकरणधृतवपुरपि साधुरलेपकस्तद्वत् ॥ १४० ॥*

*यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः ।*
*तद्वदुपग्रहवानपि, न सङ्गमुपयाति निर्ग्रन्थः ॥ १४१ ॥*

× × ×

**किञ्चित् शुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम्।**
**पिण्डः शय्या वस्त्रं, पात्रं वा भेषजाद्यं वा ॥ १४५ ॥**

**પ્રશમરતિ** ગ્રન્થના કર્તા શ્રી ઉમાસ્વાતિ વાચક છે, એ સ્પષ્ટ છે. સ્ત્રીઓ વસ્ત્ર વગર રહી શકે નહિં. વસ્ત્ર રાખે તેને મુનિપણું ન હોય. મુનિપણું ન હોય તેને મુક્તિ ન હોય એટલે સ્ત્રીઓને મુક્તિ ન હોય-એ પ્રમાણે દિગમ્બરનું કથન છે. જ્યારે સૂત્રમાં મૂળ આગમમાં અનેક સ્ત્રીઓ મોક્ષે ગયાનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. એટલે સૂત્રને આધારે પણ દિગમ્બર વિરુદ્ધ છે. **શ્રી જ્ઞાતાધર્મકથાંગ** વગેરે આગમોમાં શ્રી મલ્લિનાથ ભગવાન્ સ્ત્રી હતા એવો સ્પષ્ટ પાઠ છે. એટલે દિગંબર શાસ્ત્રવિરોધી છે.

८४००० स्याद्वादरत्नाकर ग्रंथ हुंतो, ते मध्ये ४००० ग्रंथ महातर्क युक्तिसहित स्त्रीमुक्ति उपरिज हुंतो. हवणां-सकल श्वेताम्बरतर्कग्रंथ दिगम्बरमत निर्दलक ज छई. ए मोटो अंतर छइ. इणमें जो संदेह कीजई 'ए श्वेतांबर युक्ति छइ, ए दिगम्बरयुक्ति छइ, पछिं-जिन जाणें' तो परीक्षक लोकने बडी खामी छई. रागद्वेषी नाम धरावणो टलें छईं. पणि-मिथ्यात्व आवईं छईं. 'छागमपनयतः क्रमेलकप्रवेशः' न्यायः । उक्तं च हेमाचार्यै**रयोगव्यवच्छेदद्वात्रिंशिका**याम्—

सुनिश्चितं मत्सरिणो जनस्य, न नाथ ! मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षकाये, मणौ च काचे च समानुबन्धाः ॥२-२७॥

अर्थ :- हें नाथ ! हे वीतराग देव ! ए मईं सुनिश्चित छईं, जे ते लोक मत्सरीरी मुद्रा अतिक्रमता न छईं, एतावता-मत्सरी ज छईं, जे माध्यस्थ्य-क० मध्यस्थापणा प्रति, आस्थाय-क० आदरीश्रद्धानकरी, परीक्षक हुंता, मणिमां अने काचमां समानुबन्ध क० सरखे परिणामे

छई, काच-रतनरो अंतर न देखावई. मध्यस्थ्य रहई, परीक्षकलोक अविषय अथई जिननें भणावई, बीजो-जिनरो निर्णय थाई. इतरो निर्णय करी परीक्षक गीतार्थरी आज्ञा प्रमाण करई. अनिश्चित अर्थ साचो कहई तो-परीक्षक अपवादमां पडई.

उक्तं च **सम्मतिमहातर्के**—

***एयंतासब्भूयं सन्भूयमणिच्छियं च वयमाणो ।***

***लोइअपरिच्छयाणं, वयणिज्जपहे पडइ वाई ॥ ३-५९ ॥***

अर्थ- एकांतई असद्भूत अर्थ दूर रहो, सद्भूत अर्थ पणि जो अनिश्चित-क० संदेहाक्रान्त कहई तो वादी, लौकिक अने परीक्षक जे लोक तेहनो वचनीयपथ-क० निंदामार्ग तेहमां पडे. ते माटे संदेह न करवो.

(૮૪૦૦૦ સ્યાદ્વાદરત્નાકર ગ્રંથ હતો, તેમાં ૪૦૦૦ ગ્રંથ મહાતર્ક યુક્તિ સહિત સ્ત્રીમુક્તિ ઉપર જ હતો. હમણાં સકલ શ્વેતામ્બર તર્ક ગ્રંથ દિગમ્બર મત નિર્દલક જ છે. એ મોટું અંતર છે. એમાં જો સંદેહ કરીએ - 'આ શ્વેતામ્બર યુક્તિ છે, આ દિગમ્બર યુક્તિ છે. પછી નિજ જાણે' તો પરીક્ષક લોકને મોટી ખામી છે. રાગદ્વેષી નામ ધરાવવાનું ટળે છે, પણ મિથ્યાત્વ આવે છે. 'छागमपनयतः क्रमेलकप्रकाशः-' એ ન્યાય હેમાચાર્ય મહારાજે અયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકામાં કહ્યું છે કે- सुनिश्चितम् ઇત્યાદિ.

અર્થ- હે નાથ ! હે વીતરાગ દેવ ! એ મને સુનિશ્ચિત છે જે તે લોક મત્સરીની મુદ્રાને અતિક્રમતા નથી. એટલે મત્સરી જ છે. જે **માધ્યસ્થ્ય** કહેતાં મધ્યસ્થપણામાં, **આસ્થાય** કહેતાં આદરી-શ્રદ્ધાન કરી પરીક્ષક છતાં મણિમાં અને કાચમાં **સમાનુબન્ધ** કહેતાં સરખે પરિણામે છે. કાચ અને રત્નનો તફાવત બતાવતા નથી. મધ્યસ્થ રહે. પરીક્ષકલોક અવિષય અર્થમાં જિનને ભળાવે. બાકી જેનો નિર્ણય થાય તેટલો નિર્ણય કરી પરીક્ષક ગીતાર્થની આજ્ઞા પ્રમાણ કરે. અનિશ્ચિત અર્થ સાચો કહે તો પરીક્ષક અપવાદમાં પડે. સમ્મતિ-મહાતર્કમાં કહ્યું છે જે- **એયંતા** ઇત્યાદિ.

અર્થ- એકાંતે અસદ્ભૂત અર્થ દૂર રહો, સદ્ભૂત અર્થ પણ જો **અનિશ્ચિત-** કહેતાં સંદેહાક્રાન્ત કહે તો વાદી, લૌકિક અને પરીક્ષક જે લોક તેનો **વચનીયપથ** કહેતાં નિન્દામાર્ગ તેહમાં પડે. તે માટે સંદેહ ન કરવો.)

દિગમ્બર મત સર્વથા મિથ્યા છે-એ હકીકત ભારપૂર્વક જણાવે છે. એ માટે કાંઇ યુક્તિ છે કે નહિ એ પ્રશ્નના ઉત્તરમાં પ્રાચીનોની સમ્મતિ જણાવ્યા બાદ બારમી સદીના મહાવાદી-શ્રી દેવસૂરિજી મહારાજ વિરચિત **'સ્યાદ્વાદરત્નાકર'** ગ્રંથની સમ્મતિ આપે છે. એ ગ્રંથ ઘણો જ વિશાળ હતો. તેનું ૮૪ હજાર શ્લોકપ્રમાણ હતું. તેમાં ચાર હજાર શ્લોકપ્રમાણ તો સ્ત્રીમુક્તિ ઉપર જ હતો. કેવળ ચાર હજાર શ્લોકપ્રમાણ ગમે તેમ પૂરું કર્યું હતું એમ નહિ. યુક્તિ અને તર્કથી-ભરપૂર એ લખાણ હતું. વર્તમાનમાં પણ એ ગ્રંથ વિદ્યમાન છે, તેમાંથી કેટલોક ભાગ વિચ્છેદ ગયો છે, છતાં એ ગ્રંથમાં સચોટ તર્કયુક્તિઓ સંગ્રહાએલી છે.

બધા શ્વેતામ્બર ગ્રંથો-તર્કગ્રંથો દિગમ્બર મતનું ખંડન જ કરનારા છે એમ માનવું એમાં મોટું અંતર છે. શ્વેતામ્બરો પોતાની વાત ખરી છે એ સમજાવવા માટે યુક્તિઓ આપે અને દિગમ્બરો પોતાની વાત ખરી કરવા માટે યુક્તિઓ આપે એમાં આ સાચું અને આ ખોટું એમ કેમ કહેવાય? સાચી વાત તો કેવળી જાણે. એ પ્રમાણે જો સંદિગ્ધ રહેવામાં આવે તો પરીક્ષક લોકને મોટી ખામી આવે. પરીક્ષા કરવામાં કુશળ લોકથી એ પ્રમાણે કહેવાય નહિં. ઉપર પ્રમાણે કહેવાથી રાગી કે દ્વેષીની છાપ દૂર થાય. જો આ સાચું છે અને આ ખોટું છે એમ કહીએ તો જે સાચું કહ્યું તે તરફ રાગ કર્યો ગણાય અને જેને ખોટું કહ્યું તે તરફ દ્વેષ કર્યો કહેવાય. જેનું સાચું કહીએ તે પક્ષવાળા સારા ગણે અને જેનું ખોટું કહીએ તે પક્ષવાળા ખરાબ ગણે. એટલે બધાને સારું લગાડવાની ખાતર સાચું શું અને ખોટું શું એની માથાકૂટમાં ન પડવાની મનોવૃત્તિ થાય-પણ એ પ્રમાણે તટસ્થ રહેવાથી અનભિનિવેશિક મિથ્યાત્વ આવે છે. રાગદ્વેષીની છાપ કરતાં

મિથ્યાત્વીની છાપ ઘણી જ ભયંકર છે. એ તો બકરું કાઢતાં ઊંટ પેસી જાય એના જેવું છે.

શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા**માં આ ભાવને સમજાવતાં સ્પષ્ટ જણાવે છે કે 'હે નાથ ! એ નક્કી છે જે-જેઓ પરીક્ષક બનીને મધ્યસ્થતાનો આગ્રહ રાખવાપૂર્વક મણિ અને કાચમાં સરખા ભાવને ધારણ કરે છે તેઓ વિદ્વેષી લોક કરતાં જરી પણ ચઢતા નથી.'

મણિ અને કાચની પરીક્ષા કરવા માટે બેસાર્યા હોય, પછી મણિને મણિ કહેવામાં અને કાચને કાચ કહેવામાં શરમ શી ! મણિવાળાને સારું લગાડવા ખાતર અને કાચવાળાને ખોટું લગાડવા ખાતર એ પ્રમાણે કહેવાનું નથી. પરીક્ષામાં જે જણાય એ જણાવવાનું છે. દ્વેષી માણસ તો પોતાના કાચના ટુકડાને મણિ કહે અને સામાના મણિને કાચ કહે એથી શું ? આ સ્થિતિમાં પરીક્ષક જો મધ્યસ્થ બનીને કાંઇ પણ નિર્ણય ન કરે તો દ્વેષીમાં અને પરીક્ષકમાં તફાવત શું ? એટલે પરીક્ષકે પરીક્ષા કરવામાં ભૂલ ન થાય એટલી કાળજી રાખવી જરૂરી છે. બાકી કાળજીપૂર્વક પરીક્ષા કરીને જે પરિણામ આવે તે સમજવામાં અને સમજાવવામાં જરા પણ સંકોચ રાખવાની જરૂર નથી.

શ્રી સિદ્ધસેન દિવાકરજી તો **સમ્મતિ મહાતર્ક**ગ્રન્થમાં જણાવે છે- કે જે પ્રમાણે કોઇ પણ વસ્તુને એકાન્તે અસદ્ભૂત જણાવનાર નિંદનીય છે તે પ્રમાણે સદ્ભૂત ભાવને પણ સંદિગ્ધ જણાવનાર વાદી, લૌકિક અને પરીક્ષક લોકમાં નિંદનીય બને છે. સદ્‌ભૂત ભાવને અસદ્‌ભૂત કહેનાર જેટલો દૂષિત છે, તે કરતાં સદ્ભૂત ભાવને આ સદ્ભૂત હશે કે નહિ એમ કહેનાર જવાબદાર ઓછો દૂષિત નથી. એથી વાદીમાં-લૌકિકજનોમાં કે પરીક્ષક લોકમાં તેની પ્રતિષ્ઠા વધતી તો નથી પણ ઘટે છે.

■ ■ ■

## પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૪)

જે પ્રમાણે સદ્ભૂતભાવને અસદ્ભૂત કહેવાથી સદ્ભૂતભાવથી લોકો વંચિત રહે છે અને સદ્ભૂતભાવની હાનિ થાય છે તે પ્રમાણે સદ્ભૂતભાવને સંદિગ્ધ જણાવવાથી પણ થાય છે એટલે પરિણામે કશું અંતર રહેતું નથી, માટે સદ્ભૂતભાવને સદ્ભૂત કહેવામાં અને અસદ્ભૂતને અસદ્ભૂત કહેવામાં જરા પણ સંકોચ કરવો નહિ.

એટલે દિગમ્બરોની યુક્તિ અને શ્વેતામ્બરોની યુક્તિમાં કઇ સાચી અને કઇ ખોટી એનો નિર્ણય કેવળીને ભળાવી દઇને પોતે સંદિગ્ધ રહેવું એ વ્યાજબી નથી. તર્કસિદ્ધ સત્ય હકીકતને દૃઢતાપૂર્વક સ્વીકારવામાં અભિનિવેશ નથી ગણાતો. અણસમજુ આત્માઓ એને ભલે અભિનિવેશ કે કદાગ્રહ કહે પણ તેથી સમજુ માણસોમાં પ્રતિષ્ઠા ઘટતી નથી, ઊલટી વધે છે; માટે સન્દેહ કરવો નહિ–

बीजुं–जे लिख्यो छई– 'लाभांतरायकर्मरा क्षयथी केवलीनें दिव्य-परमाणुचयोपचय रोमेरोम हुई रह्यो छई ते माटे–आहार कह्यो छई. केवलींनें–पणि कवलाहार नथी'

ए वात थांरा दिलमां ज किउं पइसें ? ए आहार तो क्षायिक हुई जाई. क्षयरो कार्य तो सिद्धनें पणि छबई. 'क्षयरो कार्य-अनईं पुद्गलविपाकी!' ईसडो तो दिगंबर ज युक्तिशून्य सद्दहईं.

बीजुं-लाभांतराय कर्मक्षयथी लाभ ज होई, तो उपचय ज होई. तदिईं-कठईं चयोपचयांतराय कर्म जो दीठुं हुई, तो तिणरें क्षयईं चयोपचय कही सकिईं.

બીજું-જે લખ્યું છે- 'લાભાંતરાય કર્મના ક્ષયથી કેવલીને દિવ્ય પરમાણુ ચયોપચય રોમરોમ થઈ રહ્યો છે. તે માટે આહાર કહ્યો છે- કેવળીને પણ કવલાહાર નથી.' એ વાત તમારા દિલમાં જ કેમ પેસે? એ આહાર તો ક્ષાયિક થઈ જાય. ક્ષયનું કાર્ય તો સિદ્ધને પણ સંભવે. 'ક્ષયનો કાર્ય અને પુદ્ગલ વિપાકી' એવું તો દિગમ્બર જ યુક્તિશૂન્ય સદહે. બીજું લાભાંતરાય કર્મના ક્ષયથી લાભ જ થાય તો ઉપચય જ થાય. ત્યારે-ક્યાંય પણ ચયોપચયાંતરાય કર્મ જો જોયું હોય તો તેના ક્ષયે ચયોપચય કહી શકાય. દિગમ્બરો કેવલીને કવલાહાર માનતા નથી પણ આહાર તો માને છે. અને તે પણ દિવ્ય આહાર તેઓ માને છે કે દિવ્ય પરમાણુઓનો ચયોપચય કેવળીના શરીરમાં રોમેરોમે ક્ષણેક્ષણે થયા જ કરે છે. એ જ કેવળીને આહાર છે પણ કવલાહાર નથી. આ શાથી થાય છે ? તેના કારણ રૂપે લાભાન્તરાય કર્મનો ક્ષય થાય છે એમ દિગમ્બરો જણાવે છે. આ હકીકત તે શ્રાવકોએ પત્રમાં જણાવેલ તેના પ્રત્યુતરમાં ઉપાધ્યાય મહરાજા જણાવે છે- 'બીજું'-વગેરે.

જેઓ કર્મગ્રન્થના અભ્યાસી હોય-આગમના ભાવો જેમણે ગુરુમુખે સાંભળ્યા હોય-સમજણની જેઓમાં શુદ્ધિ હોય તેઓ ઉપરની વાત સાંભળીને હસી કાઢે, એમના મનમાં એવી વાત કરનાર ઉપર દયા ઊપજે. લખનાર શ્રાવકો બહુશ્રુત હતા-એટલે પૂ. ઉપાધ્યાયજી

મહારાજ તેમને લાગણીપૂર્વક જણાવે છે કે- **'એ વાત થારાં દિલમાં જ કિઉં પઈસે'** આવી વાત તમારા હૃદયમાં કેમ ઊતરે ? ન જ ઊતરવી જોઈએ, તેમાં તર્ક-યુક્તિ જણાવતાં તેઓશ્રી લખે છે કે-

ક્ષયનું કાર્ય ક્ષણિક હોય એટલે લાભાંતરાય-કર્મના ક્ષયથી થતો આહાર ક્ષાયિક થઈ જાય અને લાભાંતરાય કર્મનો ક્ષય તો સિદ્ધાત્માઓને પણ છે એટલે તેથી નીપજતું પરિણામ સિદ્ધને પણ સંભવે. જે જે કર્મના ક્ષયથી કેવળીને જે જે ક્ષાયિક ભાવો જન્મ્યા છે તે સર્વભાવો સિદ્ધને પણ છે.

શરીર હોય ત્યાં સુધી એ દિવ્યાહાર થાય એમ સમાધાન કરવું એ તો વિશેષ મૂર્ખ બનવા જેવું છે. 'ક્ષયનું કાર્ય અને પુદ્ગલ વિપાકી' એવું યુક્તિશૂન્ય દિગમ્બર જ માને.

બીજું-લાભાંતરાય કર્મનો ક્ષય થાય એટલે લાભ જ થયા કરે, અને લાભ જ થાય એટલે વૃદ્ધિ જ થયા કરે-એને લાભ જ થાય એટલે વૃદ્ધિ જ થયા કરે, ઘટવાપણું હોય જ નહિ. ત્યારે ચયોપચય ક્યાંથી આવ્યો ?

જો પાંચ અન્તરાય સિવાય એક ચયોપચયાન્તરાય છઠ્ઠું હોય તો તો માની શકાય કે તેના ક્ષયથી ચયોપચય થયા કરે છે પણ એવું કોઈ કર્મ કોઈ પણ સ્થળે જોવામાં આવ્યું નથી એટલે ચયોપચયની વાત યુક્તિશૂન્ય-તર્કરહિત છે.

■ ■ ■

# પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૫)

### મૂળ પત્ર

બીજું-રોમાહાર કહે છેં. તેણિ દિગમ્બર પ્રક્રિયા પણિ સમઝીન છેં, દિગમ્બર વ્યંજનાવગ્રહ વિના કેવલિને સ્પર્શઇં આહાર લેવો ન માંનઇ-

'रहिदं तु उग्गहादिहि' इत्यादि **प्रवचनसार** वचनात्- (१-५९) केवलिनामनवरतलोकालोकावलोकनकेलिसमुपजृम्भमाणकेवलज्ञानमहिम्ना मनसोपनीता एवाहारवर्गणा वृद्धिपोषदायिन्यः इति चेत् न, मनोभक्षिणां देवानां वैक्रियशरीरानुगतानामेव तासां श्रवणात् भगवत्यौदारिकशरीरानुगता अपि ताः परिकल्प्यन्ते इति चेत् ? किमर्थम् ? भगवच्छरीरस्थिति-वृद्ध्याद्यर्थम् इति चेत् ? न, औदारिकस्थितिवृद्ध्यादेः कवलाहार-निमित्ताया एव दृष्टत्वाद्, अदृष्टपरिकल्पनायां प्रमाणाभावात्, भगवदौ-दारिकस्थितित्वावच्छिन्नेऽपि तद्व्यभिचाराच्च । केवलज्ञानोत्तरभगवतौ-दारिकस्थितौ तद्धेतुत्वे शैलेश्यां तत्प्रसङ्गः । सयोगिजिनशरीरस्थितौ द्रव्यमनोऽवष्टम्भोपनतदिव्याहाराणुसंक्रमो हेतुः, इत्यपि रिक्तं वचः- केवलज्ञानोत्तरं प्रतिक्षणं जायमानस्य तस्य कालनियमे मानाभावात् । एतेन परमौदारिकत्वावच्छिन्ने हेतुत्वमप्यपास्तम्, अन्योऽन्याश्रयाच्च

किञ्च-एवम्-अन्वयव्यतिरेकाभ्यां केवलज्ञानस्यैव दिव्याहारहेतुत्वप्रसक्तौ कारणकार्योपचारादिना मतिज्ञानादेरिव पौद्गलिकत्वप्रसङ्गः इति । न किञ्चिदेतत् । इत्यादिकम्-अस्मत्कृतशास्त्रवार्तासमुच्चयवृत्तौ **स्याद्वादकल्पलता**नाम्न्याम् ॥१०-स्त०॥

**टबार्थ :-** કેવલજ્ઞાન બલઇં જ આવી આહાર વર્ગણા જો કેવલિ શરીરવૃદ્ધિ પોષ હેતુ કહીસિ, તો જૂઠું, એહવું તો મનોભક્ષી દેવતા-નઇં જ હોઈં. કેવલીનેં ઇમ કલ્પિઇં તો અદૃષ્ટ પરિકલ્પના થાઇં જે માટે-ઔદારિક શરીરની સ્થિતિ-વૃદ્ધિ-પુષ્ટિ કવલાહારઇં જ દીઠી છઇં. ભગવંતના ઔદારિક શરીરની સ્થિતિ પહિલાં તેહ વિના ન છઇં. માટઇં-વ્યભિચાર થાઈં. કેવલજ્ઞાન પછી જે ઔદારિક શરીર સ્થિત્યાદિક તિહાં દિવ્યાહાર વર્ગણા નઇં હેતુપણું કહીઈં, તેહનેં ન ઘટે. જે માટે નિરંતર આવતા દિવ્યાહાર પરમાણું શરીર છઇં તિહાં તાઇં ૧૪મે ગુણઠાણઇં પણિ લાગી જાઇં. એણે કરી પરમૌદારિકશરીરઇં તે હેતુ, તે પણિ નિરાકર્યું, જે માટે-દિવ્યાણુસંક્રમ સિદ્ધિ પરમૌદારિકની સિદ્ધિ, અને તેહની સિદ્ધિ દિવ્યાણુસંક્રમસિદ્ધિ, એ અન્યોન્યાશ્રય થાઇં તથા, ઇમ કરતાં અન્વયવ્યતિરેકેં કેવલજ્ઞાનનેં જ દિવ્યાહાર હેતુપણું હોઇં, તિવારિં કેવલજ્ઞાનપૌદ્ગલિક હુઇ જાઇ તો- નિયતકાલવેદનીયોદય-જનિત કવલાહાર કેવલિનેં માનતાં સ્યું જાઈં છઇ ? જે સર્વતન્ત્રવિરુદ્ધ અદૃષ્ટ કલ્પના કીજે ?

उक्तं च **रत्नाकरावतारिका**याम्—

आहारपर्याप्तिनामकर्मोदयवेदनीयोदयप्रबलप्रज्वलदौदर्यज्वलनोपतप्यमानो हि पुमानाहारमाहारयति-इति । અને કેવલજ્ઞાન ઊપના પછી મંદાગ્નિપણાનો દોષ હોઇં, એહવું તો સંભવે નહી.

[(ગુ) બીજું-રોમહાર કહે છેં તેણે દિગમ્બર પ્રક્રિયા પણ સમજી નથી, દિગમ્બરવ્યંજનાવગ્રહ વિના કેવલીનેં સ્પર્શે આહાર લેવો ન માને.

'रहिदं तु उग्गहादिहि' ઈત્યાદિ **પ્રવચનસાર** વચનાત્ (૧-૫૯)

केवलिनाम् - ઈત્યાદિ (**સ્યાદ્વાદકલ્પલતા**-૧૦ સ્ત૦)

**ટબાર્થ :** કેવલજ્ઞાન બળે જ આવેલી આહાર વર્ગણા જો કેવળી-શરીરવૃદ્ધિ-પોષહેતુ કહેશે-તો જૂઠું-એહવું તો મનોભક્ષી દેવતાને જ હોય. કેવલીને એમ કલ્પીએ તો અદૃષ્ટ પરિકલ્પના થાય. જે માટે ઔદારિક શરીરની સ્થિતિ-વૃદ્ધિ-પુષ્ટિ કવલાહારે જ દીઠી છે. ભગવંતના ઔદારિક શરીરની સ્થિતિ પહેલાં તેહ વિના નથી, માટે વ્યભિચાર થાય. કેવલજ્ઞાન પછી જે ઔદારિક શરીરસ્થિત્યાદિક - ત્યાં દિવ્યાહાર વર્ગણાને હેતુપણું કહીએ - તેહનેં ન ઘટે. જે માટે નિરંતર આવતા દિવ્યાહાર પરમાણુ શરીર છે. ત્યાં તે ચૌદમે ગુણઠાણેં પણ લાગી જાય એમ કરી પરમૌદારિક શરીરે તે હેતુ-તે પણ નિરાકર્યું (નિરાકરણ કર્યું) જે માટે દિવ્યાણુસંક્રમ સિદ્ધિએ પરમૌદારિક સિદ્ધિ, અને તેની સિદ્ધિએ દિવ્યાણુસંક્રમસિદ્ધિ, એ અન્યોન્યાશ્રય થાય. તથા એમ કરતાં અન્વયવ્યતિરેકેં કેવલજ્ઞાનનેં જે દિવ્યાહાર હેતુપણું હોય. તે વારે કેવલજ્ઞાન પૌદ્ગલિક થઇ જાય તો-નિયત કાલવેદનીયોદયજનિત કવલાહર કેવલીને માનતાં શ્યું જાય છે ?-જે સર્વતન્ત્રવિરુદ્ધ અદૃષ્ટ કલ્પના કરીએ ? **રત્નાકરાવતારિકા**માં કહ્યું છે- आहार- ઈત્યાદિ અને કેવળજ્ઞાન ઉપન્યા પછી મન્દાગ્નિપણાનો દોષ હોય, એહવું તો સંભવે નહીં.]

**સમજૂતી** – કેવળજ્ઞાન થયા પછી કવળાહાર ન હોય એમ દિગમ્બરો માને છે. આ નિયમ સદાકાળ માટે સર્વ કેવળીને આશ્રયીને એક સરખો લાગુ પડે છે, અને એ રીતે માનતાં અનેક ગૂંચવણો ઉત્પન્ન થાય છે.

ક્રોડ પૂર્વના આયુષ્યવાળા કોઈ આત્મવિશેષને આઠ વર્ષની ઉમ્મરે કેવળજ્ઞાન થાય એટલે તેમનો કેવલી પર્યાય દેશોન પૂર્વ કોટિ વર્ષનો

થાય. દેશોન પૂર્વ કોટિ વર્ષ-એટલે ૭૦૫૫૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯-૯૯૯૨ વર્ષો. એટલાં વર્ષ સુધી વગર આહારે શરીર કેમ ચાલે ? એ એક પ્રશ્ન છે. શ્વેતામ્બરો તો કેવલીને કવલાહાર નિષેધતા નથી એટલે એમને એવી કોઈ ગૂંચવણો ઉત્પન્ન થતી નથી. ઔદારિક શરીરને આહાર વગર હાનિ પહોંચે છે એ સ્પષ્ટ છે. એટલે કેવલીને પણ આહારની જરૂર તો પડે. દિગમ્બરો જ્યારે કવલાહારનો નિષેધ કરે છે એટલે કેવલિના શરીરની વૃદ્ધિ-તુષ્ટિ-પુષ્ટિ માટે શું કરવું ? તે માટે તેઓ અનેક વિવિધ પ્રકારની વિચારણા ઊભી કરે છે. એ વિચારણાઓ સદોષ છે તે અહીં સમજાવ્યું છે.

૧. કેવલીને કવલાહાર નથી પણ રોમાહાર છે. એટલે તેમને વૃદ્ધિ-પુષ્ટિમાં કાંઈ બાધ આવશે નહિ. એ પ્રમાણે સમાધાન કરનાર દિગમ્બર, દિગમ્બરપ્રક્રિયાથી અજાણ છે. રોમાહારમાં આહારના પુદ્‌ગલો રોમદ્વારા શરીરમાં પ્રવેશે છે અને શરીરનું પોષણાદિ કરે છે. જેમ અતિશય તાપથી અતિતપ્ત થયેલ પુરુષ શીતલ સરોવરને કાંઠે આવીને સુંદર વૃક્ષની પ્રગાઢ છાયામાં વિશ્રામ લે ત્યારે તેના શરીરમાં રોમદ્વારા પ્રવેશતા શીતળ-વાત-જલના અણુઓ ઉષ્ણતાને શમાવી દે છે. અહીં પુરુષે જલપાનાદિ નથી કર્યા છતાં જે શમન થયું છે તે રોમાહારને કારણે. કેવલીને આમ રોમાહાર માનવાથી ચાલી શકે એમ દિગમ્બરનું કહેવું છે. પણ એ માનવા જતાં તે તે આહારના પુદ્‌ગલો કેવલીના શરીરની સાથે સંબદ્ધ થાય-સ્પર્શનેન્દ્રિય દ્વારા કેવલી તે તે આહાર પુદ્‌ગલોને ગ્રહણ કરે ને પછી પરિણમાવે.

સ્પર્શન દ્વારા તે પુદ્‌ગલો ગ્રહણ કરવામાં વ્યંજનાવગ્રહાદિ માનવા પડે અને તે તો કેવલીને હોતો નથી, એટલે દિગમ્બર વ્યંજનાવગ્રહ વિના કેવલીને સ્પર્શે આહાર લેવો ન માને. **પ્રવચનસાર** નામના દિગમ્બર ગ્રન્થમાં કહ્યું છે કે કેવલીનો અવબોધ અવગ્રહાદિથી રહિત હોય છે.

'रहिदं तु उग्गहादिहिं'- १-५९

એટલે કેવળ રોમાહારથી જ શરીરની તુષ્ટિ-પુષ્ટિ-વૃદ્ધિ કેવલજ્ઞાનીને માનવી એ સંગત નથી.

૨. કેવલજ્ઞાનીઓને કેવળજ્ઞાનના સામર્થ્યથી મનથી ખેંચાએલ આહારના પુદ્‌ગલો શરીરમાં પરિણમે છે ને વૃષ્ટિ-પુષ્ટિ કરે છે, જે કેવલજ્ઞાનથી કેવલીભગવંતો સતત લોકાલોકના અવલોકનની ક્રીડા કરે છે તે કેવલજ્ઞાનથી આ પુદ્‌ગલો ખેંચાઇ આવે તેમાં આશ્ચર્ય શું છે ?

આ પ્રમાણે કેવલીના આહારનો પ્રશ્ન ઉકેલવા માટે દિગમ્બરો કહે છે, પણ તે વ્યાજબી નથી; કારણ કે આમ મનથી આહાર પુદ્‌ગલો ખેંચાઈ આવે અને શરીરમાં પરિણમી જાય એ તો વૈક્રિય શરીરધારી મનોભક્ષી દેવો માટે જ સાંભળવામાં આવેલ છે. ઔદારિક શરીરધારી માટે એવું કોઈ પણ સ્થળે સાંભળ્યું નથી. એટલે એવી મનસ્વી કલ્પના અનેક નવા દોષોને જન્મ આપે એવી છે.

કેવલી ભગવંતના ઔદારિક શરીર પૂરતી આવી કલ્પના કરીશું તો અન્ય કોઈ બાધ આવશે નહિ. એમ કહેવું તે પણ બરાબર નથી; કારણ કે આવી કલ્પના શા માટે કરવી જોઇએ ? ભગવંતના શરીરની સ્થિતિ-વૃદ્ધિ માટે જો આવી કલ્પના કરવામાં આવતી હોય તો તે અનર્થક છે, કારણ કે ભગવંતનું શરીર ઔદારિક છે અને ઔદારિક શરીરની સ્થિતિ-વૃદ્ધિ આદિ કવલાહારથી થાય છે એ સ્પષ્ટ છે. પ્રત્યક્ષ જણાતી કવલાહારની પ્રક્રિયાને છોડીને અદૃષ્ટ કલ્પના કરવાથી શો લાભ ?- કે જે કલ્પનામાં કોઇ પ્રમાણ નથી. વળી કેવલી ભગવંતનું શરીર જન્મથી આરંભીને નિર્વાણ સુધી એનું એ - એક જ રહે છે. તેમાં કેવળજ્ઞાન, થયા પૂર્વે એ શરીરની સ્થિતિ-વૃદ્ધિ આદિ સાથે મનથી ખેંચાએલ પુદ્‌ગલોને કોઇ વ્યાપ્તિ નથી. એ કાર્ય-કારણભાવ વ્યભિચરિત

છે. કેવલજ્ઞાન થયા પછી એ શરીરની સાથે કાર્યકારણ ભાવ જોડવામાં આવે તો ચૌદમે ગુણસ્થાનકે શૈલેશી અવસ્થામાં પણ એ માનવું પડશે અને તે સમયે ત્યાં તે માનવામાં આવતું નથી.

આ સર્વ દૂષણોને દૂર કરવા માટે દિગમ્બર કહે છે કે સયોગિકેવલિની શરીરસ્થિતિમાં દ્રવ્ય મનથી ખેંચાયેલ દિવ્ય આહાર પુદ્ગલોનો સંક્રમ કારણ છે.

આ પ્રમાણે વ્યવસ્થા કરવાથી કોઈ દોષ રહેતો નથી. પણ આમ કહેવું એ વ્યર્થ છે. કારણ કે કેવલજ્ઞાન થયા પછી પ્રતિક્ષણ આહારનો સંક્રમ થાય છે તો તેમાં સયોગી અવસ્થાનું નિયમન કરવાનું કારણ શું છે ? અકારણ એવું નિયમન કરી શકાય નહિ.

આમ આ વાત કોઈ રીતે બંધબેસતી થતી નથી એટલે કોઈ દિગમ્બર એમ કહે છે કે–

પરમૌદારિક શરીરની સ્થિતિવૃદ્ધિમાં દિવ્યાહાર અણુઓ કારણ છે. એ પણ એમનું કહેવું નિષ્ફલ છે. કારણ કે પરમૌદારિક શરીર કઈ રીતે સમજાય? જેમાં દિવ્યાહાર અણુઓનો સંક્રમ હોય તે પરમૌદારિક શરીર એમ કહેવામાં આવે તો વળી પ્રશ્ન થાય કે દિવ્યાહાર અણુઓનો સંક્રમ શેમાં થાય ? તો કહેવું પડે પરમૌદારિક શરીરમાં. એટલે આમ અન્યોન્યાશ્રય દોષ પણ સતત જાગતો રહે. વળી અન્વય-વ્યતિરેકથી કેવળજ્ઞાનને જ દિવ્યાહારમાં કારણ માનતાં કારણમાં કાર્યનો અને કાર્યમાં કારણનો ઉપચાર કરવામાં આવે છે. એ રીતે જે પ્રમાણે મતિજ્ઞાન વગેરેને પૌદ્ગલિક માનવામાં આવે છે તેમ કેવળજ્ઞાનરૂપી કારણમાં દિવ્યાહાર પરમાણુરૂપ કાર્યનો ઉપચાર કરવાથી તે પણ પૌદ્ગલિક માનવું પડશે. એટલે દિવ્યાહારથી કેવલિશરીરની સ્થિતિ-વૃદ્ધિ-તુષ્ટિ-પુષ્ટિ માનવી એ બરાબર નથી.

આ સંબંધી વિશદ વિચારણા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીએ રચેલી **શાસ્ત્રવાર્તાસમુચ્ચયની સ્યાદ્વાદકલ્પલતા** નામની ગંભીર અર્થપૂર્ણ ટીકામાં દશમા પ્રકાશમાં છે. આમ દિગમ્બરોની કલ્પના સર્વશાસ્ત્ર વિરુદ્ધ હોવાથી અશ્રદ્ધેય અને અમાન્ય છે. આહારપર્યાપ્તિનામકર્મના ઉદયથી અને વેદનીય કર્મના ઉદયથી પ્રબલ જઠરાગ્નિ જાગે છે અને તેને કારણે પુરુષ આહાર કરે છે.

શું કેવળજ્ઞાન થયા પછી જઠરાગ્નિ મંદ થઈ જાય એમ માની શકાય ? એમ માનવામાં કાંઈ કારણ નથી, એમ માનવું એ દોષ છે.

માટે કેવલીભગવંતો કવલાહાર કરે અને તેથી તેમના શરીરની સ્થિતિ-વૃદ્ધિ થાય એ યુક્તિસંગત અને શાસ્ત્રસમ્મત છે.

■ ■ ■

## પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૬)

### મૂળ પત્ર

केवलीनें ११ परीसह **श्रीभगवतीसूत्र**मध्ये पणि कहियां छइ. तथा **तत्त्वार्थ**मध्ये पणि कह्या छे; 'एकादशजिने' । ९-११ । इस्युं सूत्र छईं. पणि 'एकादशजिने न' इस्युं सूत्र न छइ. अने श्री **सिद्धसेनाचार्यकृत टीका**मध्ये इस्युं व्याख्यान पणि नथी. दिगम्बरकृत **सर्वार्थसिद्ध टीका**मांहि 'न सन्ति' इस्युं बाहिरथी लेवुं कहीउं छइ, ते सूत्रविरुद्ध व्याख्यानकर्ता तो दुर्मतग्राही महालोकने उपहसनीय छें.

बीजुं— थें इतरो विचारी देखो-बादरसंपरायें २२. सूक्ष्मसंपरायें १४ इत्यादि अनुक्रमें 'एकादश जिने' ए सूत्र चाल्युं, तो विधि अधिकारईं निषेधव्याख्यान पंडित होईं ते किम करे ?

वली मतवासनाईं दिगम्बर**प्रमेयकमलमार्तण्ड**मध्ये ईस्युं व्याख्यान करिउं छइ जे— 'एकेनाधिका न दश एकादश एतावता'- एक नहीं, दश नहीं ते ११ ईं परीसह नहीं. ते ईस्यो समास व्याकरण विरुद्ध छइं-ते **श्री स्याद्वादरत्नाकर**मध्ये कहिउं छे.

केवलीने कवलाहार मान्या विना ए सूत्र दिगम्बरनें मिलतुं न छइं. माटई ए सर्व बूडतें बाउलइं वळगवुं छइं-८४ बोल विचारमध्ये म्हें लिख्यो छे—

सूत्रनमइं परिसह कहै, वृत्ति लेउ नकार;
जो संसो उपजत नहीं, तो तुझ भ्रमको भार.

[(ગુ)- કેવલીનેં ૧૧ પરીસહ શ્રી **ભગવતીસૂત્ર**મધ્યે પણ કહ્યાં છે. તથા **तत्त्वार्थ**મધ્યે પણ કહ્યા છે. 'एकादशजिने'-૯-૧૧' એવું સૂત્ર છે. પણ 'एकादशजिने न' એવું સૂત્ર નથી. અને શ્રી **સિદ્ધસેનાચાર્યકૃત ટીકા**મધ્યે એવું વ્યાખ્યાન પણ નથી. દિગમ્બરકૃત **સર્વાર્થસિદ્ધિ-ટીકા**માં 'न सन्ति' એવું બહારથી લેવું કહ્યું છે, તે સૂત્ર વિરુદ્ધ-વ્યાખ્યાકર્તા તો દુર્મતગ્રાહી મહાલોકને ઉપહસનીય છે.

બીજું, તમે એટલું વિચારી જુઓ. બાદરસંપરાયે ૨૨. સૂક્ષ્મસંપરાયે ૧૪. ઇત્યાદિ અનુક્રમે 'एकादशजिने' એ સૂત્ર ચાલ્યું, તો વિધિ અધિકારે નિષેધ વ્યાખ્યાન પંડિત હોય તે કેમ કરે ? વળી મતવાસનાએ દિગમ્બરે **પ્રમેયકમલમાર્તંડ**મધ્યે એવું વ્યાખ્યાન કર્યું છે જે- 'एकेनाधिका न दश एकादश एतावता' એક નહીં, દશ નહીં તે ૧૧ એ પરીસહ નહીં. તે એવો સમાસ વ્યાકરણવિરુદ્ધ છે. તે શ્રી **સ્યાદ્વાદરત્નાકર** મધ્યે કહ્યું છે. કેવલીને કવલાહાર માન્યા વિના એ સૂત્ર દિગમ્બરને મળતું નથી, માટે એ સર્વ બૂડતે બાવળને વળગવું છે. ૮૪ બોલ વિચારમધ્યે અમે લખ્યું છે सूत्रनमइं-ઇત્યાદિ.]

**(સમજૂતી)** - ૧ ક્ષુધા, ૨ પિપાસા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશમશક, ૬ અચેલ-નાગ્ન્ય, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નિષદ્યા, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ જલ્લ-મલ, ૧૯ સત્કાર-પુરસ્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન, ૨૨ દર્શન સમ્યક્ત્વ. એ બાવીસ પરીસહો છે.

તેમાંથી કેવલીને ૧૧ પરીસહો હોય અને ૧૧ પરીસહો ન હોય. ક્ષુધા, પિપાસા, શીત-ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને જલ્લ-એ અગિયાર પરીસહો વેદનીયકર્મના ઉદયને કારણે હોય છે. બાકીના અગિયાર પરીસહો જ્ઞાનાવરણ, મોહનીય અને અન્તરાયકર્મના ઉદયને કારણે હોય છે. કેવલીને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મનો ક્ષય હોય છે એટલે એ કર્મજન્ય પરીસહો કેવલીને હોતા નથી, પણ વેદનીય ઉદય વર્તતો હોય છે એટલે તે ઉદયજન્ય અગિયાર પરીસહો હોય છે.

કેવલીને અગિયાર પરીસહ હોય છે તેમાં ક્ષુધા, પિપાસા પરીસહ પણ છે. એટલે એ પરીસહ ઉદયમાં આવે ત્યારે ક્ષુધા-પિપાસા કેવલીને પણ લાગે. એ દૂર કરવા માટે કેવલીને કવલાહાર કરવો અનિવાર્ય ગણાય. કેવલીને અગિયાર પરિસહો હોય છે એ હકીકત પંચમાંગ-**શ્રી ભગવતીજી સૂત્ર**માં સ્પષ્ટ છે. **શ્રી ભગવતીજીસૂત્ર**ના આઠમા શતકમાં આઠમા ઉદ્દેશમાં પરીસહનું વર્ણન છે. ત્યાં કેવલી ભગવંતને ૧૧ પરીસહો હોય તે પાઠ આ પ્રમાણે છે.

एगविहबंधगस्स णं भंते ! सजोगिभवत्थकेवलिस्स कति परीसहा पण्णत्ता ? गोयमा ! एक्कारसपरीसहा पण्णत्ता, नव पुण वेदेइ, सेसं जहा छव्विहबंधगस्स।

દિગમ્બરો કેવલીને કવલાહાર નિષેધે છે એટલે જો તેઓ કેવલીને ઉપરોક્ત અગિયાર પરીસહો માને તો તેમાં આવતો ક્ષુધા પરીસહ પણ તેઓને માનવો પડે અને એ માને તો કવલાહાર પણ સ્વીકારવો પડે. એટલે કેવલીના આ અગિયાર પરીસહો માટે દિગમ્બરોને અવનવી મનસ્વી કલ્પનાઓ ઊભી કરવી પડે છે. તેઓ શ્રી **ભગવતીજીસૂત્ર**ના પાઠને માટે એમ કહી દે કે એ અમોને માન્ય નથી. એમ કરીને ઉપરના પાઠથી તો છૂટી જાય પણ તેઓ જેને

સંપૂર્ણ માન્ય રાખે છે તે **શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં પણ આ પરીસહોનો અધિકાર છે. તેમાં નવમા અધ્યાયમાં ૧૧મું સૂત્ર एकादश जिने-૯-૧૧. એ પ્રમાણે છે. એ સૂત્ર સ્પષ્ટ કહે છે કે કેવલીને અગિયાર પરીસહો હોય છે. **શ્રી તત્ત્વાર્થસૂત્ર**ને તો તેઓ અમાન્ય છે એમ કહી શકે તેમ નથી. એટલે આ ૧૧મા સૂત્રનો અર્થ કરવામાં અનેક વિચિત્રતાઓ તેઓ ઊભી કરે છે. 'एकादश जिने' એ પ્રમાણે સૂત્ર છે પણ 'एकादश जिने न' એવું સૂત્ર નથી એ હકીકત છે. **શ્રી સિદ્ધસેનાચાર્યકૃત ટીકા**માં પણ વિધિઅનુસારી વ્યાખ્યાન છે. નિષેધ નથી. જો એવો પાઠ ઉપલબ્ધ થતો હોત તો ટીકાકાર એ સૂચન પણ કરત પરંતુ એવું કાંઈ છે નહિ.

દિગમ્બરકૃત **'સર્વાર્થસિદ્ધિ'** નામની શ્રી તત્ત્વાર્થની ટીકામાં પણ સૂત્ર તો ઉપર પ્રમાણે કાયમ રાખેલ છે. ને કવલાહારનો વાંધો આવે એટલે 'न सन्ति' એવું ઉપરથી લેવું એટલે 'અગિયાર પરીસહો જિનમાં હોતા નથી.' એવો અર્થ જણાવ્યો છે. આ પ્રમાણે સૂત્ર વિરુદ્ધ અર્થ કદાગ્રહગ્રસ્ત દુર્મતથી કરાય છે અને તે વિદ્વજ્જનને ઉપહાસ ઉપજાવે છે. આ સંબંધમાં એ પણ વિચારણીય છે- सूक्ष्मसाम्परायच्छद्मस्थ-वीतरागयोश्चतुर्दश-९-१० । बादरसाम्पराये सर्वे-९-१२ । એ પ્રમાણે બાદરસંપરાયમાં ૨૨ પરીસહો, સૂક્ષ્મસંપરાયમાં ૧૪ એ વિધિનો અધિકાર ચાલે છે તેમાં વચમાં રહેલ 'एकादश जिने' એ સૂત્રમાં નિષેધ અર્થ પંડિતજન તો ન કરે. અને કોઈ દુરાગ્રહથી કરે તો તે અર્થ સુજ્ઞને માન્ય તો ન જ થાય.

આ સૂત્રનો વિધિરૂપ અર્થ કાયમ રાખીને કવલાહારના નિષેધને વાંધો ન આવે એવો અર્થ દિગમ્બર **વિદ્યાનંદ** કરે છે. તેણે આ સૂત્રનો યથાયોગ્ય અર્થ- 'જિનમાં ૧૧ પરીસહો હોય છે' એ કાયમ રાખ્યો ને પછી શંકા કરી કે-તો જિનમાં ભૂખ આદિ નહિ રહે,

કારણ કે મોહનીય કર્મરહિત વેદનીય કર્મ ત્યાં રહ્યા છતાં નકામું છે. તે કાંઈ કરી શકે નહિ. જેમ કોઈ કાર્ય ચાલતું હોય તેમાં રસ વગરનો ઉદાસીન પુરુષ હોય તો યે શું અને ન હોય તોયે શું ? એમ, મોહનીય વગરનું વેદનીય હોવા છતાં નકામું છે ? સાચું છે, છતાં ભૂખ આદિ જિનમાં છે એ ઉપચારથી કહેલું છે. સકલ પદાર્થનો જેને સાક્ષાત્કાર છે એવા કેવલીભગવંતને મન નથી- તેથી ચિત્તવૃત્તિનો નિરોધ નથી છતાં ધ્યાન કહ્યું છે. એ પ્રમાણે ક્ષુધા આદિ પરીસહો કહ્યા છે. આવો ઉપચાર કરવાનું કારણ શું ? વેદનીયકર્મ છે એટલે તેના ઉદયજન્ય પરીસહો જણાવ્યા છે

આ પ્રમાણે **વિદ્યાનંદ** ઉપચારથી અગિયાર પરીસહો છે એમ જે કહે છે તે મિથ્યા છે. જિનમાં મુખ્ય વૃત્તિએ એ છે. જો વેદનીય મોહનીય સહિત જ પોતાનો વિપાક દેખાડે એવું માનવામાં આવે તો અન્ય પણ અનેક દોષો આવે, માટે તે તે કર્મ સ્વતંત્ર છે અને પોતાનું ફળ આપે છે. ધ્યાનની વાત જે દૃષ્ટાંતરૂપે કહી છે તે પણ તેની ગેરસમજ છે. ચિત્તવૃત્તિનો રોધ એનું નામ જ ધ્યાન નથી. શુક્લધ્યાનના તે તે પાયાઓનું સ્વરૂપ વિચારવામાં આવે તો એ ભ્રમ અંશ પણ ન રહે. ધ્યાન પણ કેવલી ભગવંતને મુખ્ય વૃત્તિએ છે; નહિ કે ગૌણવૃત્તિએ. એટલે તીર્થંકરનામકર્મ શાતાવેદનીય વગેરેની જેમ પરીસહો પણ કેવલીભગવંતને પોતાનો અનુભવ બરાબર કરાવે છે.

**વિદ્યાનંદ**ની જેમ ઉપચારથી અગિયાર પરીસહો માનનારા **સર્વાર્થસિદ્ધિ ટીકાકાર** અને **સુખબોધા**ના કર્તા **ભાસ્કરનન્દિ** પણ વ્યર્થ આયાસ કરનારા છે. એના પ્રયત્નો પણ અફલ છે.

જિનમાં કવલાહાર ન આવી જાય એ માટે અગિયારે પરીસહોનો નિષેધ કરવાનો એક વિચિત્ર પ્રયાસ દિગમ્બર **પ્રભાચંદ્રે** **પ્રમેયકમલમાર્તંડ**માં કર્યો છે.

एकादश जिने – એ સૂત્રમાં न सन्ति એવું બહારથી ઉમેરવાનું કે ઉપચારથી છે એવું ન કરતાં પ્રભાચન્દ્ર તો 'એકાદશ' શબ્દનો જ અર્થ વિચિત્ર કરે છે. એક અધિક દશ - એકાદશ એટલે અગીઆર. એકાદશ શબ્દનો આ પ્રસિદ્ધ અર્થ છે. જ્યારે **પ્રભાચન્દ્ર** અહીં એ પ્રસિદ્ધ અર્થને મૂકીને એક અધિક ન-દશ - અદશ - એકાદશ-એ પ્રમાણે એકાદશ શબ્દને છૂટો પાડીને અગિયાર નહિં એવો અર્થ કરે છે. પોતાના મતાગ્રહને પોષવાના આવેશમાં એકાદશ શબ્દનો એવો અર્થ ન થાય એ વીસરી જાય છે. એક તો પ્રસિદ્ધ પદોનો જે અર્થ લોકમાં પ્રસિદ્ધ હોય તે જ કરવો એ વિદ્વજ્જનમાન્ય છે.

બીજું એક અધિક-ન-દશ એ પ્રમાણે કરવામાં 'ન'નો અર્થ પર્યુદાસ-પ્રતિષેધ છે કે પ્રસજ્યપ્રતિષેધ છે ? જો પર્યુદાસપ્રતિષેધ છે એમ કહેશો તો- 'पर्युदासः सदृग्ग्राही' એટલે પર્યુદાસપ્રતિષેધ વસ્તુનો નિષેધ કરે છે પણ સાથે જે વસ્તુનો નિષેધ કરવાનો છે તેના સમાન અન્ય પદાર્થનો વિધિ પણ કરે છે. જેમ 'अब्राह्मणमानय' 'અબ્રાહ્મણને બોલાવો' એ વાક્યમાં બ્રાહ્મણ ભિન્ન-બ્રાહ્મણ જેવા કોઈ મનુષ્યને બોલાવવાનું વિધાન છે. એ પ્રમાણે પ્રસ્તુતમાં 'અદશ' શબ્દમાં રહેલો નિષેધપર્યુદાસ માનતાં દશભિન્નને દશસદૃશ નવ અથવા અગિયાર આવે તેને એક અધિક માનતાં દશ અથવા બારનું વિધાન પ્રાપ્ત થઈ શકે નહિ.

પ્રસજ્યપ્રતિષેધમાં 'नञ्'નો સર્વથા નિષેધ અર્થ થાય અને એ રીતે 'અદશ' શબ્દનો અર્થ દશ નહિ એવો થઈ શકે; પણ એમ કરતાં 'એક'ની સાથે એવા અર્થવાળા 'અદશ' શબ્દનું જોડાણ થાય નહીં. આવા અર્થને સમજાવવા માટે 'એકાદશ' શબ્દ વ્યાકરણથી દૂષિત છે. મનસ્વી કલ્પના કરીને ગમે તે શબ્દના ગમે તે અર્થ કરવાથી તત્ત્વ પ્રાપ્ત થતું નથી.

**વાદિદેવસૂરિજી** મહારાજકૃત '**સ્યાદ્વાદરત્નાકર**'ના બીજા પરિચ્છેદના ૨૭મા સૂત્રની વૃત્તિમાં આ વિચારણા વિસ્તારથી સ્પષ્ટ સમજાવી છે.

'**एकादशजिने**' એ સૂત્ર કેવલીને કવલાહાર માન્યા સિવાય કોઈપણ રીતે સંગત કરી શકાતું નથી. એટલે દિગમ્બરો ડૂબતો માણસ તણખલાને વળગે એવા વ્યર્થ અને તુચ્છ પ્રયત્નો કરે છે. પૂ. **ઉપાધ્યાયજી** મહારાજે શ્વેતામ્બરો અને દિગમ્બરો વચ્ચે ૮૪ વિચારોમાં જે મતફેર છે તે પ્રૌઢ વ્રજભાષામાં પદ્યમાં ગૂંથ્યા છે. તે ૮૪ બોલવિચારમાં આ વિચાર જણાવતાં તેઓશ્રીએ જણાવ્યું છે કે–

***'સૂત્રનમેં પરિસહ કહૈ, વૃત્તિ લેઉ નકાર;***
***જો સંસો ઉપજત નહીં, તો તુઝ ભ્રમકો ભાર. ૨૬'***

સૂત્રમાં અગિયાર પરીસહો કહ્યા છે ને ટીકામાં 'ન'નો ઉમેરો કર્યો છે. જો સંશય ઊપજતો ન હોય તો તે તમારો મોટો ભ્રમ છે.

એટલે આવા વિફલ પ્રયત્નો છોડીને સાચી કવલાહારની વિચારણા સ્વીકારવી એ હિતાવહ છે.

■ ■ ■

## પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૭)

### મૂળ પત્ર

'मोहनीय विना वेदनीय कर्म स्वविपाक न देखावई' इस्युं कहें छें, ते पणि युक्तिशून्य, इम कहतां नामकर्मोदयजनित देशनादिक केवलिनें किम घटें? जो कहस्यो 'ते नियत देश नियतकाल केवलिनइं स्वभावें ज होई, पणि इच्छाई न होई, ते माटइं मोहनीयकर्मनी उपेक्षा न छइं-उक्तं च **प्रवचनसारे** :

"ठाण-निसेज्ज-विहारा, धम्मुवदेसो य नियदिणा तेसिं ।
अरहंताणं काले, मायाचारोव्व इत्थीणं" ॥ १-४४ ॥

तो-कवलाहारो पणि नियतदेशकाल इच्छा विना केवलिनें मानतां स्युं जाय छईं ?

× × ×

कोइक कहस्ये- 'घातीमध्ये गणिया, माटे घाती-समान वेदनीय कर्म ज कहियुं छईं, ते घातिकर्म गया पछीइं केवलिनें स्वविपाक किम दिखावई ?

उक्तं च **कर्मकाण्डे**—

घादिव वेदणीयं, मोहस्सुदएण घाददे जीवं । इत्यादि

घादिणं मज्झे तम्हा, गणिदं दुवेदणियं

ते पणि युक्तिशून्य जाणवुं. जे माटे ज्ञानावरणीय-दर्शनावरणीय-मोहनीय मध्यें जिउं वेदनीय कहिउं, तिउं आयु-नाम-गोत्र-कर्म पणि मोह-अंतराय मध्ये य कहियां, तिवारइं-ते पणि-घातिवत् हुइ जाइं, ते माटें-ए सर्व पक्षपात कल्पना जाणवी.

× × ×

('મોહનીય વિના વેદનીયકર્મ પોતાનો વિપાક ન બતાવે,' એમ કહે છે, તે પણ યુક્તિશૂન્ય. એમ કહેતાં-નામકર્મોદયજનિત દેશનાદિક કેવળીને કેમ ઘટેં ? જો કહેશો - 'તે નિયતદેશ નિયતકાળ કેવળીને સ્વભાવે ન હોય, પણ ઈચ્છાયે ન હોય, તે માટે મોહનીયકર્મની અપેક્ષા નથી. ઉક્તં ચ– **પ્રવચનસારે**-ઠાણ ૧-૪૪'

તો કવલાહાર પણ નિયતદેશકાલ ઈચ્છા વિના કેવળીને માનતાં શું જાય છે ?

× × ×

કોઈ કહેશે - 'ઘાતી મધ્યે ગણ્યું માટે ઘાતી સમાન વેદનીય કર્મ જ કહ્યું છે, તે ઘાતિકર્મ ગયા પછી કેવળીને પોતાનો વિપાક કેમ બતાવે ?'

ઉક્તં ચ- કર્મકાંડે- घादिव-घादीणं—

એ પણ યુક્તિશૂન્ય જાણવું. જે માટે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય મધ્યેં જેમ વેદનીય કહ્યું, તેમ આયુ-નામ-ગોત્ર-કર્મ પણ મોહ-અંતરાય મધ્યે જ કહ્યાં, તેથી તે પણ ઘાતિ જેવા થઈ જાય એટલે એ સર્વ પક્ષપાત કલ્પના જાણવી.)

**(સમજૂતી)**-દિગમ્બરો કેવળીને કવલાહાર માનતા નથી, પણ વેદનીય કર્મનો ઉદય તો માને છે. વેદનીય કર્મના ઉદયથી ક્ષુધા લાગે અને તે દૂર કરવા માટે આહાર લેવો પડે.

વેદનીય કર્મ અન્ય કર્મની જેમ જો ઉદયમાં આવે અને પોતાનો વિપાકાનુભવ કરાવે તો કવલાહારનો નિષેધ કરવાનું કાર્ય વિષમ બને, એટલે તેઓને વેદનીય કર્મ પોતાનો વિપાક બતાવવા અસમર્થ છે, એ પ્રમાણે સમજાવવું પડે છે.

એ માટે તેઓ વેદનીયકર્મને મોહનીયકર્મની સાથે જોડી દે છે અને કહે છે કે મોહનીયકર્મ ઉદયમાં હોય ત્યાં સુધી વેદનીયકર્મ પોતાનો વિપાક દેખાડે અને મોહનીયકર્મનો નાશ થઇ જાય એટલે વેદનીયકર્મ પોતાનો વિપાક દેખાડે નહિ. દિગમ્બરોનું ઉપરોક્ત કથન અપ્રમાણિક છે, એ કથનમાં કોઇ પ્રમાણ તો નથી પણ જે યુક્તિ બતાવી છે તે પણ નિર્જીવ છે.

મોહનીયકર્મની સાથે હોય ત્યારે જ વેદનીયકર્મ પોતાનો વિપાક બતાવે, અન્યથા નહિ એમ કેમ બને ? જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય એ ચારે કર્મ ઘાતીકર્મ છે અને વેદનીય-આયુ-નામ અને ગોત્ર એ ચાર કર્મ અઘાતીકર્મ છે, એ હકીકત દિગમ્બરોને પણ માન્ય છે.

જો વેદનીયકર્મ પોતાનો વિપાક મોહનીયની સાથે બતાવે તો નામકર્મ કેમ ન બતાવે ? અને નામકર્મ પણ એ પ્રકારનું છે એમ માનવામાં આવે તો કેવળી ભગવંતને દેશના, વિહાર વગેરે કેમ ઘટે? દેશનાદિ તીર્થંકરનામ-કર્મના ઉદયને કારણે થાય છે. મોહનીયકર્મ નાશ પામ્યા પછી જે પ્રમાણે વેદનીયકર્મ પણ પોતાનો વિપાક બતાવતું નથી, તે પ્રમાણે નામકર્મ પણ પોતાનો વિપાક બતાવશે નહિ.

દેશનાદિકને માટે જો એમ કહેશો કે-એ તો નિયતદેશ અને નિયતકાલ કેવળી ભગવંતોને સ્વાભાવિક હોય છે. પણ ઇચ્છાપૂર્વક હોતા નથી. એટલે દેશનાદિકમાં મોહનીયકર્મની અપેક્ષા નથી.

આ વાત **પ્રવચનસાર**માં કહી છે કે–

ठाण–निसेज्ज–विहारा, धम्मुवदेसो य नियदिणा तेसिं ।
अरहंताणं काले, मायाचारोव्व इत्थीणं ॥ १–४४ ॥

(સ્થાન-નિષદ્ય-વિહાર અને ધર્મોપદેશ તે અરિહંતોને કાળે નિયતિથી થાય છે. સ્ત્રીઓને માયાચારની માફક.)

'જેમ સ્ત્રીઓને માયા સ્વાભાવિક હોય છે, તેમ કેવળી ભગવંતોને સ્થાનાદિ સ્વાભાવિક હોય છે, પણ તેમાં ઇચ્છાદિની અપેક્ષા નથી.' જો એ પ્રમાણે સ્થાનાદિ નિયતિથી નિયત માનવામાં કોઈ બાધ નથી તો તે જ પ્રમાણે કવલાહારને પણ નિયતિથી નિયત માની લ્યો. કવલાહારને માનવામાં બાધ શો છે ? ઇચ્છા-લાલસા વગર કવલાહાર કરી શકાય છે. કવલાહાર કરવામાં ઇચ્છા-લાલસા હોવી જોઈએ જ એવું કાંઇ નથી.

× × ×

વળી કોઈ દિગમ્બર વેદનીયકર્મ મોહનીય સિવાય પોતાનો વિપાક દર્શાવતું નથી. એ વાતની પુષ્ટિમાં એક વિચિત્ર તર્ક ચલાવે છે. તે કહે છે કે વેદનીયકર્મ છે તો અઘાતી પણ ઘાતીકર્મોની વચમાં પડ્યું છે. એટલે ઘાતી જેવું છે.

વેદનીયકર્મની આગળપાછળ મોહનીય અને દર્શનાવરણીય કર્મો છે તે ઘાતી છે એટલે વેદનીયકર્મ ઘાતીકર્મો ઉદયમાં હોય ત્યારે જ પોતાનો વિપાક દર્શાવે, પણ ઘાતીકર્મો નાશ પામી જાય પછી ન દર્શાવે.

**કર્મકાંડ** નામે દિગમ્બર ગ્રન્થમાં વેદનીયકર્મને ઘાતી જેવું કહ્યું છે. તે આ પ્રમાણે-

'घादिव वेदणीयं मोहस्सुदएण घाददे जीवं'

ઈત્યાદિ-(વેદનીયકર્મ ઘાતી જેવું છે. તે જીવને મોહના ઉદયપૂર્વક વિપાક બતાવે છે.)

એ જ પ્રમાણે

'घादीणं मज्झे तम्हा गणिदं दु वेदणियं'

(માટે વેદનીયકર્મ ઘાતીકર્મોની વચ્ચમાં ગણ્યું છે.)

આ પ્રમાણે દિગમ્બરોનું કથન છે તે યુક્તિશૂન્ય છે, કારણ કે-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને મોહનીયની વચ્ચે રહેલું વેદનીયકર્મ જો ઘાતી જેવું હોય તો મોહનીય અને અંતરાય કર્મની વચ્ચે રહેલા આયુ, નામ અને ગોત્ર એ ત્રણ કર્મો ઘાતી જેવા કેમ ન માનવા? ઘાતીની વચ્ચે રહેલ વેદનીયને જો ઘાતીની અસર થાય છે તો ઘાતીની મધ્યમાં રહેલાં એ ત્રણ કર્મોને અસર કેમ ન થાય? અને જો એક-બીજાં કર્મોની અસર એ રીતે એકબીજા ઉપર માનવામાં આવે તો વેદનીય અને આયુષ્ય એ બે અઘાતીકર્મ વચ્ચે રહેલ મોહનીય કર્મને અઘાતી જેવું કેમ ન માનવું ? માટે આવી મનસ્વી સર્વ કલ્પનાઓ કેવળ પોતાના મિથ્યામતને પુષ્ટ કરવા માટે પ્રમાણ વગરની-પક્ષપાત કલ્પનાઓ છે, એમાં કાંઈ તથ્ય કે વજૂદ નથી.

એટલે વેદનીયકર્મના ઉદયજન્ય ક્ષુધા અને તે અંગે કવલાહાર કેવળીને અંગે માનવો એ સપ્રમાણ છે.

■ ■ ■

## પત્રમાં તત્ત્વજ્ઞાન

### (૮)

*મૂળ પત્ર :-*

ईणइं करी— 'वली दोरडी सरखा ४ कर्म केवलीनें कहे छे' ते पणि परमार्थरा अजाण कहेवा. इम कहतां–तीर्थंकरनामकर्मविपाक पणि तिस्यां हुई जाई 'वेदनीयकर्मज केवलीनें दग्धरज्जुसंम' ए पक्षपातमात्र शास्त्रविरुद्ध छे.

उक्तं च **सूत्रकृताङ्गवृत्तौ—**

"यदपि दग्धरज्जुस्थानिकत्वमुच्यते वेदनीयस्य तदप्यनागमिकम-युक्तिसङ्गतं च । आगमे ह्यन्यथोदयः सातस्य केवलिन्यभिधीयते । सातासातयोश्चान्तर्मुहूर्तं परिवर्तमानतया यथा सातोदयः, एवमसातो-दयोऽपि, इति ।

× × ×

'केवलीने क्षुधा तृषा मानिइं तो अनन्त सुखनो व्याघात थाईं,' इस्युं कहै छे, ते पणि शून्यवचना, जे माटे अनन्तसुख भवस्थकेवलीनें तो केवलज्ञानरूप उपयोगाव्याघातईं उपचरी कहीउं छइं.

*जादं सयं सम्मतं णाणमणंतच्छविच्छिदं विमले ।*
*रहिदं हु उग्गहाइहिं सुहंति एयंतियं भणिदं ॥ १-५९ ॥*

*(प्रवचनसार)*

पणि-क्षायिक अव्याबाध सुख गुण तो सिद्धने ज होई-परमार्थथी.

उक्तं च- अनंते सुखवीर्ये च, वेद्यविघ्नक्षयात् क्रमात् ।

जे **प्रवचनसार**मध्ये-

***पुण्णफला अरहंता, तेसिं किरिया पुणो हि ओदइगा ।***
***मोहादीहिं विरहिदा, तम्हा सा खाइगत्ति मदा ॥ १-४५ ॥***

प्रकृष्ट पुण्यफलरूप अरिहंत छे. तेहने स्थान निषद्या विहारादि क्रिया उदयभावनी जे कही छे ते मोहादिकरहित, माटे क्षायिक ज करी गणिईं. ईसी परिभाषा कही छे तेय युक्ताहारक्रियामांहिं पणि वाधती न छे ।

(એથી કરી બળેલી દોરી જેવા ૪ કર્મ કેવલીને કહે છે. તે પણ પરમાર્થના અજાણ કહેવા. એમ કહેતાં તીર્થંકરનામકર્મ વિપાક પણ તેવા થઈ જશે. વેદનીયકર્મ જ દગ્ધરજ્જુસમ (છે) એ પક્ષપાત માત્ર શાસ્ત્રવિરુદ્ધ છે.

**સૂત્રકૃતાંગવૃત્તિ**માં કહ્યું છે–

यद्यपि............ઇત્યાદિ

× × ×

કેવલીને ક્ષુધા તૃષા માનીએ તો અનંત સુખનો વ્યાઘાત થાય, એમ કહે છે તે પણ શૂન્ય વચનવાળા. જે માટે અનંત સુખ ભવસ્થ-કેવલીનેં તો કેવળજ્ઞાનરૂપ ઉપયોગના અવ્યાઘાતમાં ઉપચાર કરીને કહ્યું છે.

जादं-ઇત્યાદિ. **પ્રવચનસાર**-

પણ ક્ષાયિક અવ્યાબાધ સુખગુણ તો સિદ્ધને જ હોય પરમાર્થથી.

કહ્યું છે કે-अनंते-ઈત્યાદિ. જે 'પ્રવચનસાર'માં पुण्णफला ઈત્યાદિ.

પ્રકૃષ્ટ પુણ્ય ફળરૂપ અરિહંત છે, તેને સ્થાન, નિષદ્યા-વિહાર આદિ ક્રિયા ઉદયભાવની જે કહી છે તે મોહાદિકરહિત-માટે ક્ષાયિક જ કરી ગણીએ. એવી પરિભાષા કહી છે. તે યુક્તાહારક્રિયામાં પણ બાધક થતી નથી.)

**સમજૂતી :** 'કેવળીને કવલાહાર ન હોય' એ પોતાની માન્યતા પુષ્ટ કરવા માટે દિગમ્બર અનેક વ્યર્થ પ્રયત્નો કરે છે તેમાં-કેવળીને અઘાતી ચાર કર્મોનો ઉદય વર્તતો હોય છે. વેદનીય કર્મના ઉદયને કારણે ક્ષુધા લાગે અને એ શમાવવા માટે આહારની આવશ્યકતા રહે એટલે ઉદયમાં વર્તતા વેદનીયાદિ ચારે અઘાતી કર્મો નિર્બળા છે-પોતાનો પ્રભાવ દર્શાવવામાં અસમર્થ છે, એમ સમજાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે.

દિગમ્બરો કેવળીને ઉદયમાં વર્તતા ચારે કર્મો બળી ગએલી દોરડી સમા છે-એમ કહે છે, પણ તેમનું એ કથન નિરર્થક છે. પોતાના મન્તવ્યને દૃઢ કરવા માટે તેઓએ ઉપાય તો વિચાર્યો પણ ઉપાય વિચારનારે અપાયનો પણ વિચાર કરવો જોઈએ. નહિ તો એક વાંધો ટળે અને બીજા અનેક વાંધા ઊભા થાય. અહીં પણ જો ચારે કર્મોને બળેલી દોરડી જેવા માની લઈએ તો તે ચાર કર્મમાં તીર્થંકરનામકર્મ પણ આવી જાય. એટલે તેને પણ બળેલી દોરડી જેવું માનવું પડે. જે નામકર્મના ઉદયને કારણે તીર્થંકરનું વૈશિષ્ટ્ય છે એ કર્મ જ જો પોતાનો વિપાક દેખાડવામાં અસફળ બને તો વૈશિષ્ટ્ય રહે નહિ. એ દિગમ્બરને પણ ઈષ્ટ નથી.

તીર્થંકરનામકર્મ બળેલી દોરડી જેવું ન થાય એટલા માટે કેવળ વેદનીય કર્મને બળેલી દોરડી સમાન કહેવું એ તો યુક્તિશૂન્ય-મનસ્વી વચન માત્ર છે. શાસ્ત્રવિરુદ્ધ એવા કથનની કાંઈ કિંમત નથી.

**શ્રીસૂત્રકૃતાંગ સૂત્રની ટીકામાં શ્રી શીલાંકાચાર્ય** ભગવંતે કહ્યું છે કે-यदपि-ઈત્યાદિ "જો વેદનીયને બળેલી દોરડી જેવું કહો તો તે પણ આગમસમ્મત ને યુક્તિસંગત નથી. આગમમાં સાતાવેદનીયનો ઉદય કેવળી ભગવંતને જુદા પ્રકારનો કહ્યો છે. સાતા અને અસાતા અન્તર્મુહૂર્તે ફરે છે એટલે જેમ સાતાનો ઉદય તેમ અસાતાનો ઉદય પણ છે. એ પ્રમાણે."

વળી વેદનીય કર્મને બળેલી દોરડી જેવું માનવાથી સાતાવેદનીયનો ઉદય પણ એવો જ માનવો પડશે. એટલે તીર્થંકર ભગવંતો જે સાતાવેદનીય વેદે છે તે પણ અકિંચિત્કર બની જશે.

ત્રણ જગતમાં અજોડ પરમસાતાને આપનાર કર્મને બળેલી દોરડી સમાન માનવામાં અને મનાવવામાં વ્યર્થ વિડંબના જ છે.

× × ×

કેવલીને જો કવલાહાર માનીએ તો તેમને ભૂખ-તરસ લાગે છે એ માનવું પડે. જો કેવળીને ભૂખ-તરસ છે તો તે દુઃખરૂપ છે અને કેવળીને તો અનન્તસુખ છે. દુઃખનો અંશ પણ નથી-આમ કવળાહાર માનવાથી અનંતસુખનો વ્યાઘાત થાય છે, માટે કવળાહાર માનવો નહિ-એ પ્રમાણે કેટલાક દિગમ્બરો કહે છે. પરન્તુ એ પણ તેઓનું કથન વગરવિચાર્યું છે. ભવસ્થ કેવળીને જ અનંત સુખ છે તે વેદનીયકર્મના વિગમજન્ય નથી પણ અનન્ત કેવળજ્ઞાનના ઉપયોગરૂપ છે. જ્ઞાનાદિ ઉપયોગનું જે સાતત્ય રહે છે તેમાં અનંત સુખનો ઉપચાર કરવામાં આવ્યો છે. બાકી વેદનીયકર્મનો સર્વથા અભાવ થાય અને અનન્ત અવ્યાબાધ સુખ સંપજે એ તો સિદ્ધ પરમાત્માને જ હોય.

**પ્રવચનસાર**માં પણ આ હકીકત સ્પષ્ટ કહી છે.

સ્વયં,'સમ્મત, અનન્ત અર્થ વિસ્તૃત, નિર્મળ, અને અવગ્રહાદિથી રહિત જે જ્ઞાન થયું તે જ સુખ એ પ્રમાણે કહ્યું છે.

બીજું જો કેવળી ભગવંતને નિરુપચરિત અનંત સુખ માનવામાં આવે તો વેદનીય-કર્મના વિગમથી સિદ્ધ પરમાત્માને ક્યો ગુણ ઊપજે. કહ્યું છે કે-વેદનીય અને અન્તરાય કર્મના ક્ષયથી અનુક્રમે અનંત સુખ અને અનન્તવીર્ય ઉત્પન્ન થાય છે.

બીજું, **પ્રવચનસાર**માં જે કહ્યું છે કે -

અરિહંત પરમાત્મા પ્રકૃષ્ટ પુણ્ય ફળસ્વરૂપ છે, તેમને સ્થાન, નિષદ્યા ને વિહારાદિક ક્રિયા જે ઉદયભાવના કહ્યા છે-તે મોહાદિક રહિત છે, માટે ક્ષાયિક જ કરીને માનવા અર્થાત્ ઔદયિક ભાવના એ ભાવો પણ ક્ષાયિક ભાવ જેવા ભાસે છે એ પ્રમાણેની પરિભાષા કહી છે. એ પરિભાષા પ્રમાણે જેમ સ્થાન-નિષદ્યા-વિહારાદિમાં બાધ આવતો નથી તેમ યુક્ત-આહારક્રિયા કેવળી કરે તો તેમાં પણ કોઈ બાધ થાય નહિ.

જો વિહારાદિ ક્રિયા સાથે કેવળજ્ઞાનને વિરોધ નથી તો આહારક્રિયા સાથે પણ કેવળજ્ઞાનને વિરોધ નથી, મોહજન્ય અન્ય ક્રિયાની જેમ આહારાદિક મોહજન્ય જ નથી, જેમ વિહારાદિ ક્રિયા નથી. તેમાં એટલે યુક્તાહાર ક્રિયા કેવળી કરે એમાં કાંઈ બાધક નથી.

■ ■ ■

# પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૯)

**મૂળ પત્ર :-**

"जे कोई कही छे 'अनन्त वीर्य केवली छे, तहनइं क्षुधा न बाधई'

तेहने कहीइं क्षुधादिके वीर्यहानि न होई, पणि बलापचय होईं, माटइं कवलाहार उदय नियत करईं ज.

बलं शारीरम्, वीर्यं चान्तरशक्तिविशेषः इति शास्त्रसिद्धम् ।

'आहार प्रमादरूप छईं, ते माटे छट्ठा गुणठाणा ज लगें हुईं'-

इउं जे कहें छें, तिणे स्थाननिषद्याविहारादि क्रिया केवलीनें किउं करि कहेवी ? ते क्रिया जिउं प्रमादाप्रमादरूप होईं, तिउं आहारक्रिया पणि विवरी कहेवी, 'आहार होइं तिहां निद्रा होई ज' ए व्याप्ति न छईं, वेदनीयकर्मउदयथी कवलाहार होस्यें, अनई दर्शनावरणीय कर्म गयाथी निद्रा नहीं होइं ।

*तस्माद्विपरीतबाधकतर्काभावान्न व्याप्तिः* '

(જે કોઈ કહે છે- 'અનંતવીર્ય કેવળી છે તેને ક્ષુધા ન બાધે' તેને કહીએ-ક્ષુધા વગેરેથી વીર્યહાનિ ન હોય પણ બલાપચય હોય, માટે કવળાહાર ઉદય નિયત કરે જ.

બળ શારીરિક છે અને વીર્ય આંતરિક શક્તિ વિશેષ છે. એ શાસ્ત્રસિદ્ધ હકીકત છે.

'આહારસંજ્ઞા પ્રમાદરૂપ છે. તે માટે છઠ્ઠા ગુણઠાણા જ સુધી હોય' એવું જે કહે છે તેનાથી સ્થાન નિષદ્યાવિહાર વગેરે ક્રિયા કેવળીને કેમ કરી કહેવાય? તે ક્રિયા જેમ પ્રમાદ-અપ્રમાદરૂપ હોય તેમ આહાર ક્રિયા પણ વિવરણ કરી કહેવી.

'આહાર હોય ત્યાં નિદ્રા હોય જ' એવી વ્યાપ્તિ નથી. વેદનીય કર્મ ઉદયથી કવળાહાર હોશે અને દર્શનાવરણીય કર્મ ગયાથી નિદ્રા નહીં હોય.

માટે વિપરીત બાધક તર્કનો અભાવ હોવાથી વ્યાપ્તિ નથી.)

**સમજૂતી :**

કેવળીને કવળાહાર ન હોય એવી માન્યતાના અનુસંધાનમાં કોઈ દિગમ્બરો એવો એક વિચાર કહે છે કે-અન્તરાય કર્મનો સર્વથા ક્ષય થયો હોવાથી કેવળીને ક્ષુધાની બાધા ન હોય; જ્યારે ક્ષુધાની બાધા કેવળીને ન હોય તો શા માટે કેવળી આહાર કરે ? અર્થાત્ ન જ કરે. આવું કહેનાર દિગમ્બરો, વીર્ય અને બળનો જે સૂક્ષ્મ ભેદ છે એ સમજી શક્તા નથી. અને સમજતા હોય તો આગ્રહવશ એનું જુદા-પણું કબૂલ કરી શકતા નથી. ક્ષુધા આદિથી વીર્ય ન ઘટે એ નિર્વિવાદ છે પણ બળ તો ઘટે જ, એટલે કેવળી કવળાહારને ઉદય પ્રમાણે નિયતપણે કરે જ.

બળ એ શરીરમાં રહેલ શક્તિ છે જ્યારે વીર્ય એ આત્માની અંદર રહેલ સામર્થ્ય છે. એ વાત કાલ્પનિક નથી, શાસ્ત્રસિદ્ધ હકીકત છે.

બળ અને વીર્યનો ભેદ સમજવા માટે કેટલીક નીચેની વાતો વિચારવા યોગ્ય છે.

(૧) કોઈ લાંબા સમયથી માંદગી ભોગવતો માણસ પથારીવશ પડ્યો હોય, તેને બેઠો કરવા માટે પણ મદદની આવશ્યકતા રહેતી હોય, એ જ માણસ જ્યાં રહેતો હોય ત્યાં આગ લાગે અથવા સાપ નીકળે કે એવો કોઇ અકસ્માત્ બને ત્યારે જીવ બચાવવા માટે ઊભો થઇને દોડવા લાગે છે. અહીં શરીરમાં જે બળહીનતા હતી તે સ્પષ્ટ છે અને આત્મસામર્થ્યથી દોડે છે એ વીર્યની વિશેષતા પણ સ્પષ્ટ છે.

(૨) એક ગામમાં એક રજપૂત રહેતો, બંધાણી અને સૂકલકડી. બાજુમાં એક ઘાંચી રહે. શરીરમાં સમાય નહિં એવો. બન્નેની સ્ત્રીઓ નવરી પડે ત્યારે વાતે ચડે - એમાં ઘાંચીની સ્ત્રી વાતવાતમાં પોતાના ધણીના શરીરની અને રજપૂતાણીના ધણીના શરીરની સરખામણી કરે. રજપૂતાણી પોતાના ધણીને વાત કરે ને રજપૂત વાતને ગળી જાય. એક દિવસ ગામ પર ધાડ પડી ને બુંગિયો ફુંકાયો. રજપૂતને શૂર ચડ્યું. ઘરમાંથી કટાએલી કૃપાણ કાઢીને એ નીકળ્યો બહાર. બાજુમાં ઘાંચી ઘાણી ચલાવતો બેઠો હતો. તેની પાસે કોશ પડી હતી. રજપૂત ત્યાં આવ્યો ને કહ્યું કે-ચાલ ! ખાલી શરીર વધાર્યું છે, ચાલ ગામને બચાવવા. પેલાએ હાથ જોડ્યા. રજપૂતે કોશ હાથમાં લીધી અને ઘાંચીના ગળામાં બેવડ વાળીને પહેરાવી દીધી. રજપૂત મેદાને પડ્યો અને ધાડપાડુઓને મારી હટાવ્યા. પાછો ઘરે આવ્યો અને લોથ થઇને માંચીમાં પડ્યો. અહીં પેલો ઘાંચી કોશ કાઢવા માટે બૂમાબૂમ કરતો હતો. રજપૂતને કહ્યું કે - મહેરબાની કરીને કોશ કાઢી આપો. રજપૂતે કહ્યું એ તો વાત ગઇ, હવે તો ફરી ધાડ પડે ત્યારે બને.

અહીં બળ અને વીર્યનો ભેદ સ્પષ્ટ જણાય છે. રજપૂતના શરીરમાં બળ ન હતું પણ આત્મામાં વીર્ય હતું.

(૩) પરમાત્મા મહાવીરસ્વામીના પૂર્વભવની વાત છે. વિશ્વભૂતિના ભવનો પ્રસંગ છે, સંયમ લીધું છે, તપ કરી-કરીને શરીર કૃશ કરી

નાખ્યું છે. માસખમણને પારણે મથુરામાં ગોચરી માટે નીકળ્યા છે. ધીરે ધીરે ચાલે છે, ગાયનો ધક્કો લાગ્યો અને મુનિ લડથડી પડ્યા. તેમના પિતરાઇ ભાઇ વિશાખનંદી પ્રસંગે ત્યાં આવ્યા છે. તેમની સાથેનો આ મુનિનો પૂર્વપ્રસંગ વિચિત્ર છે, તેણે આ દૃશ્ય જોયું અને તેનાથી બોલાઇ ગયું કે- 'ક્યાં ગયું પેલા કોઠા પાડવાનું બળ !'

વિશ્વભૂતિને શૂર ચડ્યું અને ગાયને શિંગડે ભમાવીને આકાશે ઉછાળી. પડતાં પડતાં ઝીલી લીધી અને આગળ વધ્યા.

આ ત્રણ પ્રસંગોથી બળ અને વીર્યનો વિવેક સ્પષ્ટ સમજી શકાય છે.

એટલે કવળાહારને અને અનંતવીર્યને કોઇ વિરોધ નથી.

× × ×

વળી કોઇ દિગમ્બર એમ કહે છે કે– 'આહાર કરવો એ પ્રમાદ છે, પ્રમાદ તો છટ્ઠા ગુણસ્થાનક સુધી જ હોય, પછીથી પ્રમાદ ન રહે, સાતમે ગુણસ્થાનકે પણ પ્રમાદ નથી રહેતો તો તેરમે તો ક્યાંથી હોય? માટે કેવળીને કવળાહાર ન હોય-એ સિદ્ધ છે.'

દિગમ્બરનું આ કથન વ્યાજબી નથી, કારણ કે જો આહાર પ્રમાદરૂપ જ હોય તો બરાબર છે પણ એવું નથી. જે પ્રમાણે સ્થાન-આસન-વિહાર વગેરે ક્રિયાઓ દિગમ્બર કેવળીને માને છે તે પ્રમાણે આહારને પણ માનવો જોઈએ. ઉપરોક્ત ક્રિયાઓ પ્રમાદ અને અપ્રમાદ એમ ઉભય સ્વરૂપે છે. પ્રમાદસ્વરૂપ હોય તેમ અપ્રમાદીને તે ક્રિયાઓ અપ્રમાદસ્વરૂપ હોય છે. આહાર પણ પ્રમાદ અને અપ્રમાદ બન્ને સ્વરૂપ છે - એ પ્રમાણે પૃથક્કરણ કરવું આવશ્યક છે, પ્રમાદીઓનો આહાર પ્રમાદરૂપ છે અને અપ્રમાદી આત્માઓનો આહાર અપ્રમાદરૂપ છે.

× × ×

જ્યાં આહાર હોય ત્યાં નિદ્રા અવશ્ય હોય જ. કેવળીને જો આહાર માનીએ તો નિદ્રા પણ માનવી જોઈએ. કેવળીને નિદ્રા નથી એ સિદ્ધ અને ઉભયપક્ષ માન્ય હકીકત છે, એટલે કેવળીને નિદ્રા નથી તો આહાર પણ નથી એમ માનવું જોઈએ.

આ પ્રમાણે આહાર અને નિદ્રાને વ્યાપ્ય-વ્યાપક-ભાવરૂપ વ્યાપ્તિ કરીને જ કેટલાક દિગમ્બરો કેવળીને આહાર નથી એમ કહે છે એ પણ મિથ્યા છે.

આહાર અને નિદ્રાને પરસ્પર કોઈ વ્યાપ્તિ નથી. બન્નેના હેતુ જુદા છે. જેનાં કારણો જુદાં છે એવા પદાર્થોને પરસ્પર વ્યાપ્ય-વ્યાપકભાવ ઘટી શકે નહિ. વેદનીયકર્મના ઉદયથી કવલાહાર હોય છે અને દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા હોય છે. કેવળીને દર્શનાવરણીય-કર્મનો સર્વથા ક્ષય થયો છે એટલે તેમને નિદ્રા ન હોય એ નિર્વિવાદ સિદ્ધ છે, જ્યારે વેદનીયકર્મનો ઉદય કેવળીને હોય છે એ વાત પણ દિગમ્બરને માન્ય છે. વેદનીયકર્મનો ઉદય છે તો ક્ષુધા છે અને ક્ષુધા છે તો તેના નિવારણ માટે કવળાહાર છે એ પણ સિદ્ધ છે.

આ હકીકતમાં વિપરીત બાધક કોઈ તર્ક કે યુક્તિ નથી માટે આહાર હોય ત્યાં નિદ્રા હોય જ એવો નિયમ સિદ્ધ થતો નથી. અને કેવળીને કવળાહારમાં કોઈ બાધકપણું રહેતું નથી.

■ ■ ■

# પત્રમાં તત્ત્વજ્ઞાન

## (૧૦)

**મૂળ પત્ર :-**

कोई कहस्यइ 'आहारसंज्ञा सातमई गुणठाणें नथी, तो आगलि किहांथी? आहारसंज्ञा विना आहार केवलीनें किम होइ?'

ते जूठुं.

जे माटे–आहारसंज्ञा खल्वाहाराभिलाषः । ईस्युं गोमटसारटीका धुरिं ज सातमई पत्रई ज छइ.

ते माटे–अभिलाष रहित आहार अप्रमत्तसाधुनई होई, तिहां दूषण ना छें. किं बहुना ! आवश्यकादि क्रिया पणि साधुनें विकल्परहित असंगक्रियारूप छे. पणि वीतरागवचनप्रणिधान संकल्पपूर्ववचनक्रियारूप न छें, तो–आहारक्रिया प्रमत्तसाधुथी विलक्षण होईं, तेहनुं कांई कहिवुं? अतएव–भिक्षाटनादि क्रिया पणि केवलीव्यवहारानुगत छद्मस्थ व्यवहारथी भिन्न देखीउं. आसन करवो वचनासंगानुष्ठान भेद जाणवा. षोडशकग्रन्थ–मध्ये श्रीहरिभद्रसूरिए आर्या कही छई–

चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति ।
वचनासङ्गानुष्ठानयोत्तु तज्ज्ञापकं ज्ञेयम् ।।

ए योगदृष्टिग्रन्थ श्रोतानें अगोचर न रहई, ते ग्रंथरो भाव सज्झायरूपे बांध्यो छई, ते पणि मोकलस्युं—

(કોઈ કહેશે 'આહારસંજ્ઞા સાતમે ગુણઠાણેં નથી, તો આગળ ક્યાંથી? આહારસંજ્ઞા વિના આહાર કેવળને કેમ હોય?' તે જુઠું. જે માટે - 'आहारसंज्ञा खल्वाहाराभिलाषः' એ પ્રમાણે **ગોમટસાર ટીકામાં** આગળજ ૭મે પાને જ છે તે માટે અભિલાષ રહિત આહાર અપ્રમત્ત સાધુને હોય. ત્યાં દૂષણ નથી. કિંબહુના? આવશ્યક આદિ ક્રિયા પણ સાધુને વિકલ્પ રહિત અસંગ ક્રિયારૂપ છે, પણ વીતરાગ વચન પ્રણિધાનસંકલ્પ પૂર્વ વચનક્રિયારૂપ નથી, ત આહારક્રિયા પ્રમત્ત સાધુથી વિલક્ષણ હોય તેમાં શું કહેવું ? માટે જ ભિક્ષાટન આદિ ક્રિયા પણ કેવળી વ્યવહારાનુગત છદ્મસ્થ વ્યવહારથી ભિન્ન દેખ્યું. આસન કરવો વચનાસંગાનુષ્ઠાન ભેદ જાણવા. ષોડશક ગ્રન્થમધ્ય શ્રી હરિભદ્રસૂરિએ આર્યા કહી છે. चक्रभ्रमणं એ યોગદષ્ટિ ગ્રન્થ શ્રોતાને અગોચર ન રહે, તે ગ્રન્થનો ભાવ સજઝાયરૂપે બાંધ્યો છે. તે પણ મોકલશું.)

**સમજૂતી:-** કોઈ દિગમ્બર વિશેષ કહે છે કે- કેવળીને આહાર ન હોય કારણ કે કેવળી તેરમે ગુણસ્થાનકે હોય છે. આહારસંજ્ઞા તો સાતમા ગુણસ્થાનકથી જ હોતી નથી, આહારસંજ્ઞા વગર આહાર કેમ સંભવે? ન જ સંભવે.

જે દિગમ્બર આ પ્રમાણે કહે છે તે મિથ્યા છે, કારણ કે આહાર-સંજ્ઞા ચાર કારણથી જન્મે છે : પેટ ખાલી થઈ જવાથી, ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી, આહારકથાના શ્રવણથી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી અને આહાર અંગે સતત ચિંતા-વિચારણા કરવાથી. જે માટે શ્રી **સ્થાનાંગસૂત્ર**ના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે :-

"चउहिं ठाणेहिं आहारसण्णा समुप्पज्जइ । तं जहा ओमकुट्ठयाए, छुहावेयणिज्जस्स कम्मस्सुदएणं, मईए. तदट्ठोवओगेणं" ति.

આહારસંજ્ઞાનાં ઉપરોક્ત ચાર કારણો સ્વતંત્ર છે. તેમાંનું કોઈ પણ કારણ હોય તો પણ આહારસંજ્ઞા થાય. ચારે સાથે મળવા જોઈએ એવો કોઈ નિયમ નથી એટલે તેરમે ગુણસ્થાનકે ક્ષુધા વેદનીયરૂપ કારણ હોવાથી તેનાથી થતી આહારસંજ્ઞા-ઈચ્છાતીત-અભિલાષા-લાલસા વગરની આહારપ્રવૃત્તિ માનવામાં કાંઈ બાધક નથી. અને જો આહાર-સંજ્ઞાનો અર્થ આહારની ઈચ્છા-અભિલાષા-એ પ્રમાણે માનવામાં આવે તો તે સાતમે અને તેથી આગળ ન હોય તેમાં પણ કાંઈ વાંધો નથી પણ અભિલાષ ન હોય તેટલા માત્રથી પ્રવૃત્તિ ન હોય એમ માની શકાય નહિ.

"आहारसंज्ञा खल्वाहाराभिलाषः" એ પ્રમાણે સાતમે પાને શરૂઆતમાં ગોમ્મટસારની ટીકામાં કહ્યું છે. આ વાત તે સમયની હસ્તલિખિત પ્રતને આશ્રયીને સમજવાની છે. વર્તમાનમાં 'ભારતીય જૈન સિદ્ધાંતપ્રકાશિની સંસ્થા'એ ગોમ્મટસાર પ્રકાશિત કર્યો છે. તે ગ્રન્થના કર્તા આચાર્ય નેમિચંદ્ર છે. તે ગ્રન્થ પર કેશવવર્ણીકૃત જીવતત્ત્વપ્રદીપિકા અને અભયચંદ્રાચાર્યકૃત મંદપ્રબોધિકા એમ બે સંસ્કૃત ટીકાઓ છે અને ટોડરમલજીકૃત હિંદી ભાષા ટીકા છે. આના પર કર્ણાટકી ટીકા પ્રાચીન હતી એવો પણ ઉલ્લેખ છે.

ગોમ્મટસારના પ્રારંભમાં છટ્ઠી ગાથામાં સંજ્ઞાનો વિચાર છે. તે ગાથા આ પ્રમાણે છે.

"माया लोहे रदिपुव्वाहारं, कोहमाणगह्मि भयं ।
वेदे मेहुण सण्णा लोहह्मि परिग्गहे सण्णा ।। ६ ।। (પૃ૰ ૨૬)

રવિપૂર્વક આહાર એ આહારસંજ્ઞા ને તેનો અંતર્ભાવ માયા અને લોભ કષાયમાં થાય છે. ભય સંજ્ઞા ક્રોધ અને માનમાં આવે છે. મૈથુન સંજ્ઞા વેદમાં અને પરિગ્રહ સંજ્ઞા લોભમાં આવે છે.

જીવનપ્રદીપિકામાં- આ ગાથા પર ટીકા કરતાં કહ્યું છે જે "मायाकषाये लोभकषाये च आहारसंज्ञांतर्भूता, आहाराकाङ्क्षाया रतिकर्मोदयपूर्वकत्वसद्भावात् रतिकर्ममायालोभकषाययोश्च रागहेतु-कषायान्तः प्रविष्टत्वात् । (पृ.२७)

આગળ ૧૩૫મી ગાથામાં **શ્રી સ્થાનાંગસૂત્ર**ને અનુસાર આહાર-સંજ્ઞાનાં ચાર કારણો કહ્યાં છે, તે આ પ્રમાણે.

आहारदंसणेण य तस्सुवजोगेण ओमकोठाए ।
सादिदरुदीरणाए हवदि हु आहारसण्णा हु ।। १३५ (पृ. ३४८)

જી. પ્ર.માં કહ્યું છે :–

विशिष्टान्नादिचतुर्विधाहारदर्शनेन तत्स्मरणकथाश्रवणाद्युपयोगेन रिक्तकोष्ठतयेति बाह्यकारणैः असातवेदनीयोदीरणातीव्रोदयाभ्याम् अन्तरङ्गकारणाभ्यां च आहारसंज्ञा भवति-जायते । आहारे विशिष्टान्नादौ संज्ञा वाञ्छा आहारसंज्ञा ।।१३५।।

પૂ. ઉપાધ્યાયજી મહારાજ 'आहारसंज्ञा खल्वाहाराभिलाषः' એ પ્રમાણેનો ગોમ્મટસાર ટીકાનો ઉલ્લેખ કઈ ટીકાનો છે એ જાણમાં નથી આવતું, પણ ઉપલબ્ધ બન્ને ટીકાઓના ઉલ્લેખથી એ તો સ્પષ્ટ છે. ઉપરના વાક્યમાં કોઈ પણ પ્રકારનો વિરોધ તો નથી જ. અને દિગમ્બર મંતવ્ય પ્રમાણે આહારસંજ્ઞાને તેઓ મોહનીય કર્મમાં અન્તર્ભાવ કરે છે. આહારસંજ્ઞાનાં કારણોમાં જો ચાર કારણો સ્વતંત્ર માનીએ તો મોહનીયમાં આહારસંજ્ઞાનો કરેલો અન્તર્ભાવ ઘટે નહિ. એટલે ટીકાકારે આહારદર્શન, આહારોપયોગ અને રિક્તોદર એ ત્રણને બાહ્ય કારણો જણાવીને તેથી અસાતા વેદનીયની ઉદરણા ને ઉદયને જન્માવીને આહારસંજ્ઞામાં તેને જ આન્તર કારણ તરીકે જણાવેલ છે, પણ એ વાસ્તવિક નથી. આહારસંજ્ઞાનો અર્થ આહારની ઇચ્છા- એ ઇચ્છામાં

ચારેને સ્વતંત્ર કારણ માનવા એ જ ઉચિત છે. અનુભવ પણ એ પ્રમાણે કહે છે.

જો આહારસંજ્ઞા વગર આહારક્રિયા ન જ થાય એવી વ્યાપ્તિ થતી હોય અને આહારસંજ્ઞા મોહનીયના ઉદયપૂર્વક જ હોય તો મોહ નથી ત્યાં આહાર કેમ હોય ? એ પ્રમાણે પ્રશ્ન સંભવે પણ અભિલાષ વગર આહારસંજ્ઞા સિવાય આહારક્રિયા જોવામાં આવે છે. એટલે એવી વ્યાપ્તિ નથી એ સિદ્ધ છે.

અભિલાષ રહિત આહાર અપ્રમત્ત સાધુ કરે છે તેમાં કોઈ પણ દૂષણ નથી. સર્પ બિલમાં-દરમાં પેસે એ પ્રમાણે આહારને મુખમાં મમળાવ્યા વગર ઉદરમાં ઉતારી દેતા મુનિવરોને મોહોદયજન્ય આહાર સંજ્ઞાપૂર્વક આહાર કરનારા માનવા એ કેટલું ઉચિત છે?

અપ્રમત્ત ભાવમાં વર્તતા મુનિવરો અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. આવશ્યકાદિ ક્રિયા કરે છે. તે તે સર્વ પ્રવૃત્તિઓ જે પ્રમાણે મોહ વગરની હોય છે તે પ્રમાણે આહાર પ્રવૃત્તિ પણ મોહ વગર હોય છે એમ માનવું સત્ય ને તથ્ય છે. તે તે મુનિવરોની ક્રિયા વિકલ્પ રહિત અસંગ અનુષ્ઠાનરૂપ વર્ણવી છે. જો મોહ તેમાં ભાગ ભજવતો હોત તો તે ક્રિયાનુષ્ઠાનો અસંગ અને વિકલ્પમુક્ત ન કહેવાત. મુનિવરોના તે તે અનુષ્ઠાનો વીતરાગ વચન-પ્રણિધાન-સંકલ્પ-પૂર્વવચન ક્રિયારૂપ નથી તો પછી આહારપ્રવૃત્તિ પ્રમત્ત સાધુથી અપ્રમત મુનિવરોની જુદા પ્રકારની હોય તેમાં કહેવું જ શું ?

એટલે જ ભિક્ષા માટે ફરવું વગેરે ક્રિયાઓ પણ કેવળી વ્યવહારને અનુગત છદ્મસ્થ વ્યવહારથી ભિન્ન-જુદા પ્રકારની જાણવી, આસન કરવો-વગેરે. વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાનનો ભેદ વિચારવો. એ ભેદ સ્પષ્ટ સમજાય માટે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ વિરચિત ષોડશકગ્રન્થની આર્યાનું મનન કરવું.

"चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति ।
वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ।।"

દંડથી જે પ્રમાણે ચક્રભ્રમણ થાય છે અને પછીથી દંડ કાઢી લીધા પછી પણ તે ચાલુ રહે છે. એ પ્રમાણે વચનાનુષ્ઠાન દંડથી થતા ચક્રભ્રમણ સમાન છે અને અસંગાનુષ્ઠાન દંડ કાઢી લીધા બાદ ચાલુ રહેતા ચક્રભ્રમણ સમાન છે.

**યોગદૃષ્ટિ** ગ્રન્થમાં આ વિચારણા આવે છે. પૂજ્યશ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજનો એ ગ્રન્થ ગહન અને તત્ત્વપૂર્ણ છે. તેના ગહન અર્થો ભાષાજ્ઞાનવાળાને ઉપયોગી થાય એ માટે પૂજ્ય **ઉપાધ્યાયજી મહારાજે** સજ્ઝાયરૂપે ગૂંથ્યો છે, તે પણ - જેસલમરના શ્રાવકો પર મોકલવાનું સૂચન પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે અહીં કર્યું છે.

(અહીં ઉપરોક્ત લખાણમાં કેટલીક સંગતિઓ વિશેષ વિચારવાની આવશ્યકતા છે. વાચકે તે લક્ષ્ય રાખીને વિચારવું.)

ऐँनमः

# બે કાગળો

## કાગળ ૧લો

[કર્તાના હસ્તાક્ષરની પ્રતિ ઉપરથી]

॥ ऍँ ॥

श्रीजेसलमेरदुर्गेउ-

श्रीजशविजयगणिदत्तोत्तरप्रश्नः ॥

## ૧

થેં લિખ્યો છેં, જે - "કેવલી કવલાહાર કરઈ. પણિ-તિણરી યુગતિ કિઉ નથી લિખી?"

તે-લિખતાં ગ્રંથાંતર થાઈ, તે ભણી ન લિખીતી. બીજાં સર્વ પ્રસનરી યુગતિ તો થાંનઈ પુહુતી, થાંહરું દિલ પ્રસન્ન હુઉં. હવે-તે યુગતિ જાણ્યારી ઈચ્છા છઈ, સા **गदाधरमहाराज** હસ્તે **अध्यात्ममत परीक्षारो बालावबोध** લિખાવી આપસ્યાં. તેથી સર્વ પ્રીછયો.

ઈઉ મતી જાણો, જે– "**श्रीजिनभद्रगणिक्षमाश्रमणः श्रीउमा-स्वातिवाचक** પ્રમુખેં **दिगंबर** ન નિષેધ્યું છે. **श्रीहेमाचार्य** પ્રમુખ અર્વાચીન આચાર્યઈજ નિષેધ્યું છઈ."

જે માટે – **विशेषावश्यक** મધ્યે ૭ નિહ્નવ દેશ વિસંવાદી કહ્યા છઈ. આઠમો નિહ્નવ-સર્વવિસંવાદી દીગંબર કહીઉ છઈ.

"**छव्वाससएहिं नवुत्तरेहिं सिद्धिगयाओ वीरस्स ।**

तो बोडीयाण दिट्ठी रहवीरपुरे समुप्पन्ना" ઈત્યાદિ ઉત્પત્તિ કહી છઈ. તે-**विशेषावश्यक श्रीजिनभद्रगणिक्षमाश्रमणकृत** છઈ. તથા **श्रीउमास्वातिवाचकें श्रीप्रशमरति** ગ્રંથમધ્યે સાધુને ધર્મોપગરણ થાપ્યા છઈ, કિં બહુના ? શ્રીસૂત્રમધ્યે ઘણી સ્ત્રી દીક્ષા લેઈ મોક્ષે ગઈ કહી

છઈં । **श्रीमल्लिनाथ** સ્ત્રી પર્યાયેંજ કહ્યા છઈં. ૮૪૦૦૦ **स्याद्वादरत्नाकर** ગ્રંથ હુંતો, તે મધ્યે ૪૦૦૦ ગ્રંથ મહાતર્ક યુક્તિસહિત સ્ત્રીમુક્તિ ઉપરિજ હુતા. હવણા-સકલ **श्वेताम्बर** તર્ક ગ્રંથ **दिगंबरमत** નિર્દલકજ છેં. એ મોટો અંતર છે. ઈણમેં જો સંદેહ કીજઈ, "એ શ્વેતાંબર યુક્તિ છઈ, એ દિગંબરયુક્તિ છઈં, પછિં-જિન જાણેં" તો પરીક્ષકલોકને બડી ખામિ છઈં. રાગદ્વેષી નામ ધરાવણો ટલેં છઈં, પણિ-મિથ્યાત્વ આવઈં છઈં.

"छागमपनयतः क्रमेलक-प्रवेशः" न्यायः ।

उक्तं च हेमाचार्यैरयोगव्यवच्छेदद्वात्रिंशिकायाम्-

सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ! मुद्रामतिशेरते ते ।

माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ॥२.२७॥

**અર્થઃ-** હે નાથ! હે વીતરાગ દેવ! એ મઈં સુનિશ્ચિત છેં, જે-તે લોક મત્સરીરી મુદ્રા અતિક્રમતા ન છઈં, એતાવતા-મત્સરી જ છે. જે **માધ્યસ્થ્ય ક૦** મધ્યસ્થપણા પ્રતિ, આસ્થાય ક૦ - આદરી-શ્રદ્ધાન કરી પરીક્ષક હુંતા, મણિમાં અને કાચમાં **સમાનુબંધ ક૦** સરખેં પરણામે છઈં, કાચ-રતનરો અંતર ન દેખાવઈં. મધ્યસ્થ રહઈં, પરીક્ષકલોક અવિષય અર્થઈં જિનનેં ભલાવઈં. બીજો-જિનરો નિર્ણય થાઈં ઈતરો નિર્ણય કરી પરીક્ષક ગીતાર્થરી આજ્ઞા પ્રમાણ કરઈં. અનિશ્ચિત અર્થ-સાચોઈં કહઈં, તો-પરીક્ષક અપવાદમાં પડઈ,-

उक्तं च **सम्मतिमहातर्के**-

***एयंतासब्भूयं सब्भूयमणिच्छियं च वयमाणो ।***
***लोइअपरिच्छयाणं वयणिज्जपहे पडइ वाई ॥ ३.५९॥***

**અર્થઃ-** એકાંતઈ અસદ્ભૂત અર્થ દૂર રહો, સદ્ભૂત અર્થ પણિ જો **અનિશ્ચિત ક૦** સંદેહાક્રાન્ત કહઈં, તો વાદી, લૌકિક અને પરીક્ષક જે

લોક, તેહનો - **વચનીય પથ ક૦** નિંદામાર્ગ, તેહમાં-પડે. તે માટે- સંદેહ ન કરવો.

બીજું,-

જે લિખ્યો છઈ - "લાભાંતરાય કર્મરા ક્ષયથી કેવલીનેં દિવ્ય- પરમાણુચયોપચય રોમરોમ હુઈ રહ્યો છેં. તે માટેં - આહાર કહ્યો છઇ, કેવલીનેં-પણિ કવલાહાર નથી,"

એ વાત થાંરા દિલમાં જ કિઉં પઇસેં ? એ આહાર તો ક્ષાયિક હુઈ જાઇં, ક્ષયરો કાર્ય તો સિદ્ધને પણિ છબઇં. "ક્ષયરો કાર્યઃ અનઇં પુદ્ગલવિપાકી ! ઈસડો તો **दिगंबर** જ યુક્તિ શૂન્ય સદ્દહઇં *

બીજું, -

લાભાંતરાય કર્મક્ષયથી લાભ જ હોઈ, તો-ઉપચય જ હોઇં. તદિઇં- કઠઇં ચયોપચયાંતરાય કર્મ જો દીઠું હુઇ, તો-તિણરેં ક્ષયઇં ચયોપચય કહી સકિઈ.

બીજું,-

રોમાહાર કહે છેં, તેણિ दिगंबर પ્રક્રિયા પણિ સમઝી ન છેં. दिगंबर વ્યંજનાવગ્રહ વિના કેવલીનેં-સ્પર્શઇં આહાર લેવો ન માંનઇ-

"रहिदं तु उग्गहादिहि" ઈત્યાદિ **प्रवचनसार**वचनात् [१.५९]

"केवलिनामनवरतलोकालोकावलोकनकेलिसमुपजृम्भमाणकेवलज्ञानमहिम्ना मनसोपनीता एवाहारवर्गणा वृद्धिपोषदायिन्यः" इति चेत् ?

"न, मनोभक्षिणां देवानां वैक्रियशरीरानुगतानामेव तासां श्रवणाद्."

भगवत्यौदारिकशरीरानुगता अपि ताः परिकल्प्यन्ते" इति चेत्?

"किमर्थम् ?"

"भगवच्छरीरस्थितिवृद्ध्याद्यर्थम्" इति चेत् ?

"न, औदारिकस्थितिवृद्ध्यादेः कवलाहारनिमित्ताया एव दृष्टत्वाद्, अदृष्टपरिकल्पनायां प्रमाणाभावात्, भगवदौदारिकस्थितित्वावच्छिन्नेपि तदव्यभिचाराच्च। केवलज्ञानोत्तरभगवतौदारिक स्थितौ तद्धेतुत्वे शैलेश्यां तत्प्रसङ्गः, "सयोगिजिनशरीरस्थितौ द्रव्यमनोऽवष्टम्भोपनतदिव्याहाराणु-संक्रमो हेतुः"

इत्यपि रिक्तं वचः-केवलज्ञानोत्तरं प्रतिक्षणं जायमानस्य तस्य कालनियमे मानाभावात् । एतेन-परमौदारिकत्वावच्छिन्ने हेतुत्वमप्यपास्तम्, अन्योन्याश्रयाच्च,

किंच- एवम्-अन्वयव्यतिरेकाभ्यां केवलज्ञानस्यैव दिव्याहारहेतुत्व-प्रसक्तौ कारणकार्योपचारादिना मतिज्ञानादेरिव पौद्गलिकत्वप्रसङ्गः, इति। न किंचिदेतत्।

इत्यादिकम्-अस्मत्कृतशास्त्रवार्तासमुच्चयवृत्तौ **स्याद्वादकल्पलता**-नाम्न्याम् ।। १० स्त० ।।

**टબાર્થ:**- કેવલજ્ઞાન બલઈં જ આવી આહાર વર્ગણા જો કેવલિ-શરીરવૃદ્ધિપોષહેતુ કહીસિ, તો-જૂઠું, એહવું તો - મનોભક્ષી દેવતાનઈં જ હોઈં. કેવલીનેં ઈમ કલ્પિઈં, તો-અદૃષ્ટપરિકલ્પના થાઈં, જે માટે ઔદારિકશરીરની સ્થિતિ-વૃદ્ધિ-પુષ્ટિ કવલાહારઈં જ દીઠી છઈં. ભગવંતના ઔદારિકશરીરની સ્થિતિ પહિલાં તેહ વિના ન છઈં, માટઈં વ્યભિચાર થાઈં. કેવલજ્ઞાન પછી જે ઔદારિક શરીર સ્થિત્યાદિક, તિહાં દિવ્યાહારવર્ગણાનઈં હેતુપણું કહીઈં, તેહનેં - ન ઘટે. જે માટે નિરંતર આવતા દિવ્યાહાર પરમાણું શરીર છઈં, તિહાં તાઈં ૧૪મે ગુણઠાણઈં પણિ લાગી જાઈં, એણેં કરી પરમૌદારિકશરીરઈં તે હેતુ, તે પણિ નિરાકર્યું. જે માટેં-દિવ્યાણુસંક્રમસિદ્ધિં પરમૌદારિકની સિદ્ધિ, અને તેહની સિદ્ધિ દિવ્યાણુસંક્રમસિદ્ધિ એ અન્યોન્યાશ્રયદોષ થાઈં. તથા, ઈમ કરતાં-અન્વયવ્યતિરેકેં કેવલજ્ઞાનનેં જ દિવ્યાહાર હેતુપણું હોઈં, તિવારિં-

કેવલજ્ઞાન પૌદ્ગલિક હુઈ જાઈ, તો-નિયતકાલવેદનીયોદયજનિત-કવલાહાર કેવલીનેં માનતાં સ્યું જાઇ છઈ? જે સર્વતન્ત્રવિરુદ્ધ અદષ્ટ કલ્પના કીજે ?

उक्तं च **रत्नाकरावतारिका**याम्-

आहारपर्याप्तिनामकर्मोदयवेदनीयोदयप्रबलप्रज्वलदौदर्यज्वलनोपतप्यमानो हि पुमानाहारमाहारयति, इति ।।

અને કેવલ જ્ઞાન ઊપના પછી મંદાગ્નિપણાનો દોષ હોઈં, એહવું તો-સંભવે નહીં.

કેવલીનેં ૧૧ પરીસહ **श्रीभगवतीसूत्र** મધ્યે પણિ કહિયાં છઈ. તથા-**तत्त्वार्थ**मध्ये પણિ કહ્યા છે :

"एकादश जिने" ॥ ९. ११. ઈસ્યું સૂત્ર છઇં.

પણિ- "एकादश जिने न" ઈસ્યું સૂત્ર ન છઇ.

અને **श्रीसिद्धसेनाचार्यकृत टीका** મધ્યે ઈસ્યું વ્યાખ્યાન પણિ નથી. **दिगम्बर** કૃત **सर्वार्थसिद्धि** ટીકામાંહિ "न संति" ઈસ્યું બાહિરથી લેવું કહીઉં છઈ, તે સૂત્રવિરુદ્ધ વ્યાખ્યાનકર્તા તો દુર્મતગ્રાહી મહાલોકને ઉપસહનીય છેં.

બીજું-

થેં ઈતરો વિચારી દેખો-

બાદરસંપરાયેં ૨૨, સૂક્ષ્મસંપરાયેં ૧૪, ઈત્યાદિ અનુક્રમેં- "एकादश जिने" એ સૂત્ર ચાલ્યું, તો વિધિ અધિકારઇં નિષેધ વ્યાખ્યાન, પંડિત હોઇં, તે-કિમ કરેં ?

વલી-મતવાસનાઇં **दिगम्बर प्रमेयकमलमार्तण्ड** મધ્યે ઈસ્યું વ્યાખ્યાન કરિઉં છઈ, જે-

एकेनाधिका न दश एकादश. एतावता- એક નહીં, દશ નહીં, તે-૧૧ઈં પરીસહ નહીં, તે ઈસ્યો સમાસ વ્યાકરણ વિરુદ્ધ છઈં, તે **श्रीस्याद्वादरत्नाकर** મધ્યે કહિઉં છેં.

કેવલીનેં કવલાહાર માન્યા વિના એ સૂત્ર **दिगम्बर**નેં મિલતું ન છઈં.

માટઈ-એ સર્વ બૂડતેં બાઉલઈં વળગવું છઈં. **८४ बोल विचार**મધ્યે મ્હે લિખ્યો છે.

***सूत्रनमइं परिसह कहे वृत्ति लेउ नकार ।***
***जो संसो उपजत नहीं तो तुझ भ्रमको भार ॥ १ ॥***

"મોહનીય વિના વેદનીય કર્મ સ્વવિપાક ન દેખાવઈં."

ઈસ્યું કહે છેં, તે પણિ-યુક્તિશૂન્ય. ઈમ કહતાં-નામકર્મોદયજનિત વિહાર દેશનાદિક કેવલીને કિમ ઘટેં ? જો કહસ્યો-"તે નિયત દેશઃ નિયતકાલઃ કેવલિનઈં સ્વભાવેં જ હોઈ, પણિ ઈચ્છાઈં ન હોઈ, તે માટઈ-મોહનીય કર્મની અપેક્ષા ન છઈં, उक्तं च-**प्रवचनसारे**—

ठाण-णिसेज्ज-विहारा धम्मुवदेसो य णियदिणा[१] तेसिं ॥
अरहंताणं काले मायाचारोव्व इत्थीरणं[२] ।।१.४४।।"

તો કવલાહારો પણિ **નિયતદેશ** કાલ ઈચ્છા વિના કેવલીનેં માનતાં સ્યું જાય છઈં?

કોઈક કહસ્યે- "ઘાતીમધ્યે ગણિયા, માટે ઘાતીસમાન વેદનીય કર્મજ કહિયું છઈં, તે-ઘાતિકર્મ ગયા પછીઈં કેવલિનેં સ્વવિપાક કિમ દિખાવઈ?

उक्तं च-**कर्मकाण्डे**-

---

१. णियदयो २. इच्छीणं પાઠાન્તર છાપેલું પુસ્તક-પૃ.-૫૭

"घादिव वेदणीयं मोहस्सुदएण घाददे जीवं ઈत्याहि.

घादीणं मज्झे तह्मा गणिदं दुवेदणियं."

ते पणि-युक्तिशून्य જાણવું. જે માટેં-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીયઃ મધ્યે જિઉં વેદનીય કહિઉં, તિઉં આયુ-નામ-ગોત્ર-કર્મ પણિ-મોહ-અંતરાય મધ્યે જ કહિયાં. તિવારઈ- તે પણિ-घातिवत् હુઈ જાઈ. તે માટેં એ સર્વપક્ષપાત કલ્પના જાણવી.

ઇણઇં કરી-"બળી દોરડી સરખાં ૪ કર્મ કેવલીંનેં કહેં છે," તે પણિ-પરમાર્થરા અજાણ કહેંવા. ઈમ કહતાં-તીર્થંકરનામકર્મ વિપાક પણિ તિસ્યા હુઈ જાઈ. "વેદનીયકર્મ જ કેવલીનેં દગ્ધરજ્જુસમ." એ પક્ષપાત માત્ર, શાસ્ત્રવિરુદ્ધ છે.

उक्तं च -**सूत्रकृताङ्गवृत्तौ**-

यदपि दग्धरज्जुस्थानिकत्वमुच्यते वेदनीयस्य,

तदप्यनागमिकमयुक्तिसंगतं च । आगमे ह्यन्यथोदयः सातस्य केवलिन्यभिधीयते। सातासातयोश्चान्तर्मुहूर्तं परिवर्तमानतया यथा-सातोदयः, एवमसातोदयोऽपि, इति ॥

"કેવલીનેં ક્ષુધાઃ તૃષાઃ માનિઇં, તો-અનન્તસુખનો વ્યાઘાત થાઈ."

ઈસ્યું કહૈ છે, તે પણિ-શૂન્યવચના. જે માટે-અનન્ત સુખ ભવસ્થકેવલીનેં તો કેવલજ્ઞાનરૂપ ઉપયોગાવ્યાઘાતઈ ઉપચરી કહીઉં છઈ.

जादं सयं सम्मतं नाणमणंतच्छ[१]विच्छि[२]दं विमलं

रहिदं हु[३] उग्गहाइ[४]हिं सुहंति एयंतियं भणिदं ।। १.५९ ।।

પણિ-ક્ષાયિક અવ્યાબાધ સુખગુણ તો સિદ્ધનઈ જ હોઈ, પરમાર્થથી.

---

પાઠાન્તર १. तत्थ. २. त्थि. ३. तु. ४. दिहि. मुद्रित **પ્રવચનસાર**માં

उक्तं च –अनंते सुखवीर्ये च वेद्यविघ्नक्षयात् क्रमात् ।

જે **प्रवचनसार**मध्ये–

***''पुण्णफला अरहंता तेसिं किरिया पुणो हि ओदइगा ।***
***मोहादीहिं विरहिदा तह्मा सा खाइगत्तिमदा ॥ १.४५ ॥***

પ્રકૃષ્ટ પુણ્યફલરૂપ અરિહંત છે તેહને- સ્થાન, નિષદ્યા, વિહારાદિ ક્રિયા ઉદયભાવની જે કહી છે, તે-મોહાદિક રહિત, માટે ક્ષાયિક જ કરી ગણિઈં.'' ઈસી પરિભાષા કહી છે, તે યુક્તાહાર ક્રિયામાંહિં પણિ બાધનીન છેં.

જે કોઈ કહી છે. **"અનંત-વીર્ય કેવલી છે, તેહનઈં ક્ષુધા ન બાધઈ."**

તેહને કહીઇં-ક્ષુધાદિકે વીર્યહાનિ ન હોઈ, પણિ બલાપચય હોઇં. માટઈં-કવલાહાર ઉદયનિયત કરઈં જ.

बलं शारीरम्, वीर्यं चान्तरशक्तिविशेषः, इति शास्त्रसिद्धम्।

''આહાર પ્રમાદરૂપ છઈં, તે માટે-છઠ્ઠા ગુણઠાણા જ લગેં હુઈં.''

ઈઉં જે કહેં છેં, તિણે સ્થાનનિષદ્યાવિહારાદિ ક્રિયા કેવલીનેં કિઉં કરિ કહેવી? તે-ક્રિયા જિઉં- પ્રમાદાપ્રમાદરુપ હોઈં, તિઉં-**આહારક્રિયા પણિ વિવરી કહેવી. "આહાર હોઇં-તિહાં નિદ્રા હોઇ જ" એ વ્યાપ્તિ** ન છઈ, વેદનીય કર્મ ઉદયથી કવલાહર હોસ્યેં, અનઈં-દર્શનાવરણીય કર્મ ગયાથી નિદ્રા નહીં હોઈં.

तस्माद्विपरीतबाधकतर्काभावान्न व्याप्तिः ।

કોઈ કહસ્યઇ-''આહાર સંજ્ઞા સાતમઈ ગુણઠાણેં નથી, તો-આગલિ કિહાંથી? આહારસંજ્ઞા વિના આહાર કેવલીનેં કિમ હોઈ ?''

તે જૂઠું.

જે માટેં-

आहारसंज्ञा-खल्वाहाराभिलाषः ।

ઈસ્યું **गोमटसारटीका** धुरिं જ ७मઇ પત્રઈ જ છઈ. તે માટે - અભિલાષ રહિત આહાર પ્રમત્તસાધુનઈ હોઈ, તિહાં દૂષણ ના છેં. किं बहुना? આવશ્યકાદિ ક્રિયા પણિ અપ્રમત્ત સાધુનેં વિકલ્પરહિત અસંગક્રિયા રૂપ છે પણિ-વીતરાગવચનપ્રણિધાન સંકલ્પપૂર્વવચન ક્રિયારુપ ન છે, તો-આહારક્રિયા પ્રમત્તસાધુથી વિલક્ષણ હોઈ, તેહનુ કાંઈ કહિવું ? अतएव- ભિક્ષાટનાદિ ક્રિયા પણિ કેવલીવ્યવહારાનુગત છદ્મસ્થ વ્યવહારથી ભિન્ન દેખીઉં. આસન કરવો વચનાસંગાનુષ્ઠાન ભેદ જાણવા. **षोडशकग्रन्थ**मध्ये **श्रीहरिभद्रसूरिए** આર્યા કહી છઈ.

***चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति।***
***वचनासङ्गानुष्ठानयोस्तु तद्ज्ञापकं ज्ञेयं ॥***

એ **योगदृष्टि** ગ્રંથ શ્રોતાનેં અગોચર ન રહઈ, તે ગ્રંથરો ભાવ સજ્ઝાય રૂપે બાંધ્યો છઈ, તે પણિ-મોકલસ્યું.

**વલી કોઈ વાઙ્માત્ર અધ્યાત્મી** કહેં છે- "સાતાવેદનીયની ઉદીરણા સાતમા ગુણઠાણાથી ટલી છઈ, તો કેવલીનેં કવલાહાર કિમ હોઈ? તેહથી તો સાતા ઉદીરાઈ છઈ."

તે મિથ્યા. જે માટેં-ઉદીરણા કરણ આન્તર શક્તિ વિશેષ છે. બાહ્યયોગાનુગત ન છેં. નહીં તો સ્થાન-નિષદ્યાદિ ક્રિયાઇ પણિ સાતાવેદનીયની ઉદીરણા હુઈ જાઇ, તે કેવલીને સ્વભાવઈ છે, ઉદીરણારૂપ ન છેં. એ વચન તો-કવલાહારઈ સમાન, પણિ-કેવલ સ્વભાવવાદ માનિઇં बौद्धमत થાઈ. તે હતો-

***"हेतुभूतिर्निषेधो[1] न स्वानुपाख्यविधिर्न च ।***
***स्वभाववर्णना नैवमवधेर्नियतत्वतः" ॥ १ ॥***

ઇત્યાદિ **न्यायकुसुमाञ्जलि** ગ્રન્થે **उदयनाचार्यइं** નિષેધ્યો છઈ.

१. हेतुभूतिर्निषेधो न-એવો પાઠ હોવાનું સ્મરણમાં છે.

**ઈણરો અર્થઃ**- "अकस्मात्कार्यं भवति" ઈસ્યો **बौद्ध** કહે છે. તિણનેં-આચાર્ય કહેં છઈં- अ શબ્દરો કુંણ અર્થ ? પ્રસજ્ય પ્રતિષેધ છઈં ? કોઈ કારણથી ન હોઈં. એ અર્થ-૧? કઈં હોઈજ નહીં. એ અર્થ ૨? કઈં સ્વથી હોઈં. એ અર્થ ૩? કઈં **અનુપાખ્ય ક૦** અનિર્વચનીયકારણ, તેહથી-હોઈં. એ અર્થ ૪? કઈં સ્વભાવથી હોઈ ૫? એ પાંચઈં અર્થ ન સંભવઈ, જે માટે -પૂર્વ પશ્ચાદ્‌ભાવરૂપ અવધિ નિયત છે, તે માટે.

अनन्यथासिद्धनियतपूर्ववर्त्ति कारणम् । अनन्यथासिद्धनियतपश्चाद्भावि कार्यम्

એ-લક્ષણ લોકવ્યવહારે અવશ્ય માનવાં. તો સ્વભાવવાદ યુક્તિશૂન્ય છઈં, એ चिन्तामणितर्करो માર્ગ.

"સર્વવસ્તુ કથંચિત્ સ્વભાવજનિત છઈં, કથંચિત્ કર્માદિજનિત છે" એ-स्याद्वादतर्कमार्ग, "णिययणिययं संतं" ઈતિ **श्रीसूत्रकृताङ्ग**-वचनात्.

તે માટે-કેવલીરી આહારાવિહારાદિક્રિયા कथंचित् कर्मजनित, कथंचित् उद्यमजनित પણિ સદ્દહવી. કેવલ સ્વભાવ માંનેં, તે **बौद्ध** મતમાંહિં પઈસઈ.

જે કહેં છઈ- "કેવલીનેં આહાર માંનતાં અર્થાપત્તિસિદ્ધનિહારાદિ વિડંબના આવઈં, તે દેવદેવનેં કિમ ઘટેં?

કર્મજનિત ભાવમાં જે ઈમ લાજઈં છેં, તેણે-યોનિજન્મનિષ્ક્રમણ પણિ ન માનવું. સદા શુદ્ધ પરમેશ્વર પરે માન્યો છઈં, તિસ્યો જ માંનવો. જિઉં-લાજ ન લાગઈં, **કેવલી હુઆ પછી સપ્ત ધાતુ રહિત પરમૌદારિક શરીર** માંનેં છઈં, તો અશરીર જ કિઉં ન માંનઈં? તો શરીરનામકર્મ રહિઓ છે, જે માટે સશરીર જ હોઈં, સંહનન નામકર્મ પુદ્‌ગલવિપાકી રહિઉં છે, તે માટઈં-સપ્ત ધાતુ રહિત કિમ ઘટઈં ?

"संहणणमट्ठिनिचओ" इतिवचनात् ।

તથા- "केवलज्ञान મહિમાંઇ ૭ ધાતુ ઘટઇ."

તો મનઃપર્યાયજ્ઞાને કેતા ધાતુ ઘટેં ? ૭ ધાતુ રહિત જિનશરીર હોઇ તો કેતા ધાતુરહિત ગણધર શરીર હોઇં? ઇત્યાદિ બોલરો કિસ્યો ઉત્તર હોઇં ?

તે માટેં- જિસ્યાં કર્મ રહ્યાં છે, તેસ્યો વિપાક કેવલીનેં પણિ સદ્દહતાં સમ્યગ્દૃષ્ટિનેં કિસીઇં લાજ લાગતી ન છેં. તે પૃચ્છયો.

એમ-બાધક નિરાકરિ નઇં, સાધકવચન દેખાવઇ છઇંઃ-

**શ્રીભગવતીસૂત્ર મધ્યે સીહઇં અણગારઇં શ્રીમહાવીરને** સ્પષ્ટ આહાર(પાણી) આંણી આપ્યો છઇં. તથા- खंदारें अधिकारें કહીઉં છેં.

ते णं काले णं ते णं समए णं समणे भगवं महावीरे वियट्टभोई आवि होत्था

ઇહાં - वियट्टभोई શબ્દરો એ અર્થ છઇં. व्यावृत्ते सूर्ये भुङ्क्ते, इत्येवं शीलो व्यावृत्तभोजी प्रतिदिनभोजी, इत्यर्थः

એ અક્ષરથી તો દિન ૨ પ્રતિ કવલાહાર કેવલીનેં આવઇં, કારણાઽભાવઇ આહારવિચ્છેદ નથી. તથા **श्रीसमवायांग** મધ્યે ૩૪ અતિશય કેવલીનઇં કહ્યાં છે, તે ૩૪ તો ૧૩મેં ગુણઠાણઇ મિલેં. તે મધ્યેં આહાર-નીહાર-વિધિ અદૃશ્ય. તે-સહજાતિશયમધ્યે કહિઓ. તે વિના તો ૩૩ અતિશય થઈ જાઇં.

તે માટે જેહવો આહારનીહારપૂર્વઇં હુંતો તેહવો કહેવો.

તથા-છેહડઇં ભક્તચ્છેદ કહિઓ છે. તે પૂર્વઇં ભક્તવિધિ માન્યા વિના કિમ મિલઈ?

લોમાહારવિચ્છેદ તો તો ન છેં.

दिगंबर કોઈ કહે છૈ -"છેહડેં નિયતદિન સમાધિના છઇં."

તે પ્રકટ જાૂઠું, જે માટે સમાધિ કહતાં ધ્યાન કહિઈં, તે તો કેવલીનેં એતું ન છે. શુલ્ક ધ્યાનના ૨ પાયા ધ્યાયા પછી ધ્યાનાંતરિ કાઈં કેવલજ્ઞાન ઊપજે ? બે પાયા રહિયા છેં. તે તો છેહલઈ'અંતર્મુહૂર્ત્તઇં હોઈ, પક્ષ-માસાદિ માન હોઇં.

જો કહસ્યઇં-"તાવદ્દિનમાન મૌન કરી બઇસઇ, એહ જ સમાધિ"

તેહ તો- પ્રયોજનશૂન્ય તાદૃશ કર્મ કારણ વિના કિમ મનાઇં ? ખોટો અર્થ બનાવી કહિઓ. પણિ સાચો ન પ્રતિભાસઇં. ઇહાં તો હેતુ સહસ્ર **દેખાડઈં છે.** પણિ-આપણિ મતિરઇં ભેદપણઇં **હેતૂદાહરણ** ન સ્ફુરઇ. તો પણિ-સૂત્રવચન યુક્તિ રિક્ત ન કહીજૈ. उक्तं च-

**श्रीआवश्यकनिर्युक्तौ-**

हेउदाहरणासंभवे विसइ सुठु जं न बुज्झिज्जा ।

सव्वन्नुमयमवितहं तहाथितं चिन्तए मतिमंति

કેવલી કેવલવ્યવહારઇં સ્વયં ભિક્ષા કરઇં, તિહાં-અંતરાય ન હોઇં. उक्तं च **विशेषावश्यके-**

***दिंतस्स लभंतस्स व भुजंतस्स व जिणस्स एस गणे ।***
***खीणंतराइअत्ते जं से विग्घं ण संभवेइत्ति ॥***

યતનાપૂર્વક છદ્મસ્થાનીત આહારગ્રહણ કરઇં, તે પણિ શ્રુતવ્યવહાર પ્રામાણ્ય કરી, કેવલ વ્યવહાર જ છઇં. દ્રવ્યદોષનો દોષ નથી. નહીં તો સમવસરણ મધ્યે શબ્દ, રૂપ, રસ, ગંધ, પ્રવીચારે તો મૈથુનાતિક્રમ હુઈ જાઈ.

તે માટે કવલાહારનિમિત્ત ભિક્ષાવ્યવહારઈં **આગમવ્યવહારીનઇં દોષ ન હોઇં-૧.**

તથા–

## २

તુમ્હે લિખ્યો છે, જે - "એક સમય સિદ્ધ દ્રવ્યનઈં, તથા અલોકાકાશદ્રવ્યનેં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય કિમ સધાઈં ?"

તેહ ઉપરિ-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ૨ પ્રકારેં કહિયાં છઈં.

એક-પ્રાયોગિક, એક-વૈશ્રસિક.

તિહાં- પ્રાયોગિકઃ પુદ્ગલ, જીવઃ દ્રવ્યનઈ વિષઈ સ્પષ્ટ જણાઈ છઈ;

વૈશ્રસિકઃ અનુમાનગમ્ય છઈં. જિઉ-

"सर्वं क्षणिकम्, सत्त्वान्यथानुपपत्तेः"

એ **बौद्ध** સાધન છઈં.

તિઉં - "सर्वं उत्पाद-व्ययध्रौव्यात्मकम्, सत्त्वान्यथानुपपत्तेः"

એ जैन સાધન છઈં.

સિદ્ધનઈં જ્ઞાનપર્યાય પ્રથમ સમયઈં જ वर्त्तमानज्ञेयाकारोत्पादः, દ્વિતીય સમયેં तन्नाशः. તિહાં "अतीतज्ञेयाकारोत्पादः" ઈત્યાદિ સંભવઈં.

અલોકાકાશઈં - तत्तत्समयसंबन्धोत्पादे વિનાશ માનવા જ. નહીંતર, ક્ષણસંકર થાઈં. દ્રવ્યાર્થક નય કાલત્રયસંબંધરૂપ જ સત્તા માનઈં છઈં. પર્યાયાર્થકનય મધ્યમક્ષણરૂપ જ સત્તા માનઈં છઈં. ઉભય નય મિલને - ત્રયાત્મક વસ્તુ સિદ્ધ થાઈં. अत्र **संमतिगाथाः**-

***दव्वं पज्जवविजुअं दव्वविउत्ता य पज्जवा णत्थि ।***
***उप्पायट्ठिइभंगा हंदि दवियलक्खणं एयं ।। १.१२।।***

***एए पुण संगहओ पाडिक्कमलक्खणं दुवेण्हं पि ।***
***तम्हा मिच्छद्दिट्ठी पत्तेयं दो वि मूलणया ।। १.१३।।***

***ण य तइओ अत्थि णओ, ण य सम्मत्तं ण ते सुपडिपुण्णं।***
***जेर्ण दुवेगंता[1] वि भज्जमाणा अणेगंतो ।। १.१४।।***

---

પાઠાન્તર ૧. दुवे एगन्ता. છાપેલ પુસ્તકમાં.

**અર્થ:-** દ્રવ્ય પર્યાયરહિત નથી, પર્યાય દ્રવ્યરહિત નથી. ઉત્પાદ, સ્થિતિ:ભંગ એ દ્રવ્યલક્ષણ. એ પણિ-પ્રત્યેકિરનું લક્ષણ નથી. તે માટેં એકગ્રાહી, ૨ મૂલનય મિથ્યાદષ્ટિ, ત્રીજો તો નય નથી. તેં માટેં-૨ નયમાં પૂર્ણ સમ્યક્ત્વ નહીં, ઈમ ન કહેવું. જે માટેં એ-૨ એકાંત સ્યાત્કારઇં ભજનાક્રાન્ત થકા અનેકાંત.

એ પ્રક્રિયાઇં-સર્વત્ર સ્વાભાવિક ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય કહવા.

***''आगासईआणं तिण्हं परपच्चओऽणियमा''*** ।। ३.३३ ।।

ए **संमति** गाथा प्रतिकें અકાર પ્રશ્લેષેં अनियमात् એ પણિ વ્યાખ્યાન ટીકાકારઇં કર્યું છઇં.

તે માટેં પર પ્રત્યય: તે પણિ કથંચિત્ સ્વપ્રત્યય કહિઇં.

''युक्तं चैतत्-द्वयोरेकैकानतिरिक्तत्वाद्'' इति अस्मत्कृताने-कान्तव्यवस्थायाम्.

આત્મખ્યાતિમાંહિ પણિ-એ અર્થ સિદ્ધ છઇ. ઈમ-અણુસંયુક્ત વિઉક્તલોક પ્રદેશાવધિક પરાર્દ્ધાદિસંખ્યાપર્યાયઇં તત્તદ્વિષયતા પર્યાયઇં પણિ અલોકાકાશ પ્રદેશમાંહિં શુદ્ધ ઉત્પાદ, વ્યય વખાણવા સાપેક્ષ પર્યાય મિથ્યા જ. એ પણિ એકાંત ન છે.

''कथंचित् सापेक्षम्, कथंचिन्निरपेक्षं सर्वम्'' इत्यादिव्यवस्थिते:

એ રીતે એક સમયેં એક દ્રવ્યઇં ઘણાઇં ઉત્પાદ, વ્યય, હોઈં. તદનુગત તાવત્ ધ્રૌવ્ય પણિ કહવાં तथा च **संमति:-**

***एगसमयंमि एगदवियस्स बहुआ वि हुंति उप्पाया ।***
***उप्पायसमा विगमा ठिइ उ उस्सग्गओ णियमा*** ।। ३.४० ।।

અગુરુલઘુપર્યાય ઉત્પાદ, વ્યય તો સર્વત્ર આજ્ઞાજ સિદ્ધ જ છઇ.૨

તથા જે લિખ્યો-

"કાલ દ્રવ્ય સમયરૂપ શ્વેતાંબર માંને છઈં, તિહાં -ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય કિમ સધાઇં ?"

તે તો ઉભય રૂપ કીજૈ, તદી જ સધાઈં, પર્યાય અર્પણાઈઃ- ઉત્પાદ, વ્યય, દ્રવ્યાર્પણાઇં, ધ્રૌવ્ય, ઉભયવિવક્ષાઇં ધર્મત્રાય. उक्तं च **श्रीतत्त्वार्थसूत्रे**-अर्पितानर्पितसिद्धेः ।। ५.३१ ।। ઇતિ.

હવઇં કહસ્યો-" તે સમય કિણરઇં આધારઇં છઇં ?"

તો કહિઇં જીવાજીવદ્રવ્યરઇં આધારેં. જીવાજીવદ્રવ્યરો કાલ, તે વર્ત્તનારૂપ પર્યાય છેં. દ્રવ્ય ન છેં. તે વર્ત્તના પર્યાયરાં ભાજન દ્રવ્ય-જીવાજીવ છઇં, तथा च सूत्रम्-

"किमयं भंते ! कालुत्ति पवुच्चइ? गोयमा ! जीवा चेव अजीवा चेव" ઇતિ.

अत एव પર્યાયઇં દ્રવ્યોપચાર કરી, અનંત કાલદ્રવ્ય સૂત્રેં ભાષ્યાં. तथा च-**श्रीउत्तराध्ययनसूत्रम्**-

***धम्मो अधम्मो आगासं दव्वं इक्किक्कमाहियं ।***
***अणंताणि य दव्वाणि कालो पुग्गलजंतवो" त्ति ॥***

**प्रशमरतिग्रन्थे श्रीउमास्वातिवाचकै**रप्युक्तम्—

"धर्म्माधर्म्माकाशाद्येकैकमतः परं त्रिकमनन्तम्" इति ।

त्रिकम् जीवपुद्गलास्तिकायाद्धासमयलक्षणम् ।

કોઈ કહેસ્યે જે -"અવગાહનાદિહેતુતાગુણેં જિમ આકાશાદિ પૃથક્ દ્રવ્ય હોઇં, તિમ વર્ત્તનાહેતુતાગુણેં કાલદ્રવ્ય પણિ પૃથક્ કિમ નાવઇં?"

તેહનેં કહીઇં-અવગાહનાદિહેતુતાઇં અવગાહનાદ્યનાશ્રયદ્રવ્ય કલ્પિઇં, તિમ-વર્ત્તનાહેતુતાઇં વર્ત્તનાનાશ્રયદ્રવ્ય કલ્પાઇં, તે તો- નથી. અવૃત્ત દ્રવ્યઃ-શશશૃંગ પ્રાય છઇં. તે માટેં -"धर्मिकल्पनातो धर्मकल्पना लघीयसी" ઇતિ ન્યાયેં :- કાલ તે-જીવાજીવ પર્યાય જ યુક્ત. એ

तअस्मत्कृत सिद्धान्ततर्कपरिष्कार-**न्यायालोका**दि ग्रंथ प्रसिद्ध छइं.

जे दिगंबर- "मंद गतिं परमाणुने जे आकाश प्रदेश व्यतिक्रमण, तदवच्छिन्नपर्यायसमय. तदनुरूपद्रव्यसमयाणु लोकाकाश प्रदेश-प्रमाण रत्नराशि सम" कहइं छइं.

तेणें-प्रदेश व्यतिक्रमणावच्छिन्नदिग्द्रव्याणु पणि किम न मांनवा?

" तादृश आगम नथी."

तो आगळ जईनइं आगम प्रमाणे करवो, तो-पहिलो किम न करीइं? ते आगम तो- जीवाजीवात्मक कालप्रतिपादक देखाड्यो छइं. कालिक-परत्वापरत्वनिमित्त जिम काल, तिम-दैशिक परत्वापरत्वनिमित्त दिग् द्रव्य पणि तान्त्रिकप्रसिद्ध छइं.

हवइं कहस्यो "द्रव्यशक्तिवैचित्र्यें दिक्कार्यहेतुताः अने -अवगाहनाहेतुता. आकाशद्रव्यने ज कल्पिइं छइं, लाघवात्. तथा च-

गन्धहस्ती-**द्वात्रिंशिका**याम्-

"आकाशमवगाहाय तदनन्या दिगन्यथा" इति।

तो स्वस्वगुणकारी जीवाजीवद्रव्यनें ज वर्त्तनाहेतुता कल्पतां कुण निवारें? जिहां-सहाय आगम बलिओ छइं.

बीजुं-

मंदगतिंअणुसंक्रमानुसारइं कालाणु कल्पिइं, तो -मंदपरमाणवगाहनादिहेतुताइं आकाशादि अणुआ पणि कल्पिया जोईइं. साधारणअवगाहनादिहेतुताइं -आकाशादिस्कंधकल्पनोत्तरतदणुकल्पना जो स्कंधाजहद्वृत्ति प्रदेशकल्पना पर्यवसन्न होइं, तो -ए न्यायः काल द्रव्यें पणि समान साधारणवर्त्तनाहेतुतानुसारइं एक कालस्कंध आवइं, पछइं-तत्प्रदेश आवई. सिद्धान्त विरोधथी जो ए कल्पना न करवी, तो उक्त सिद्धांत ज युक्ति सिद्ध मांनो.

જે મતાંતરે-મનુષ્યક્ષેત્રમાન કાલ દ્રવ્ય કહિઓ છઈ, તે-જ્યોતિશ્ચક્રચારવ્યાપકવર્ત્તનાપર્યાયસમૂહનેં વિષેં દ્રવ્યનો ઉપચાર કરીનેં. उक्तं च **नयचक्रे**-

"पर्याये द्रव्योपचारः" ઇતિ.

એ-૨ મત **श्रीहरिभद्रसूरि**कृत **धर्मसंग्रहणी** મધ્યે છઈ, तथा च तत्पाठः

***जं वत्तणादिरूवो कालो दव्वस्स चेव पज्जाओ ।***

***सो चेव ततो धम्मो कालस्स वजस्स जो लोएत्ति ।।***

**અર્થ– જં ક૦** જે કારણ માટે, વર્ત્તનાદિરૂપ કાલ છઈ, તે-દ્રવ્યનો જ પર્યાય છઈ. **ततः** ક૦ તે માટેં **સો ચેવ** ક૦ તે વર્ત્તનારૂપજ પર્યાય જ કાલધર્મ કહીઈ. અથવા કાલ જે **લોએ ક૦** મનુષ્યક્ષેત્રમાંહિ જ્યોતિશ્ચક્રચારાભિવ્યંગ્ય છઈ, તેહનો ધર્મ, તે કાલ.

ઇહાં - કાલદ્રવ્ય, તે પર્યાયસમૂહનેં જ કહિઓ. એ દ્રવ્ય અનપેક્ષિત છઈ. પથિન્યાદિ સમૂહ રૂપ એક राजगृह नगर સમાન તે પારમાર્થિક દ્રવ્યના છે. પણિ-કહવારૂપ છે. अत एव "कालश्चत्येके" એ **तत्त्वार्थसूत्रे** એકીયમતે કાલદ્રવ્ય કહિઉં. તે -અનપેક્ષિત દ્રવ્યાર્થિકને મતેં वृत्तिकारें જોડયું છઇ. अत एव અનાદિ ઉપચારેં કાલદ્રવ્ય લેઇનેં, सूत्रइं ષટ્દ્રવ્ય કહ્યા છઇ. તે માટિં-સૂક્ષ્મપર્યાયમાં ઉત્પાદઃ વ્યયઃ તે પ્રથમાપ્રથમાદિભાવઈ સહજ હોઈ. સમયદ્વયધારાંશ જીવાજીવ, તેહજ દ્રવ્ય. ઈમ રૂપત્રયે ભાવના કરવી.

એ અતિ સૂક્ષ્મ અર્થ છઇ **द्रव्यगुणपर्यायरास**मध्ये अह्मे વખાણ્યો છઇ, તિમ-સદહવો કાલદ્રવ્યના અણુઆ દેષાવઇ છઈ, તેહનેં ગલેં દિગ્ દ્રવ્યના અણુઆ પણિ પડઈ ૩..

તથા જે લિખ્યો છઈ :-

"થાપિઈં, તે થાપના એ તો - પુરુષવ્યાપાર છે. તે 'આદિ-અંત હુવે છેં. તે શાશ્વતપ્રતિમા:-ઋષભ: ચંદ્રાનન: વારિષેણ: વર્દ્ધમાન: નામઈં છેં, તઠે કિઉં સંભવઈ? શાશ્વતા ભાવમાંહિં પુરુષવ્યાપાર ન છેં, તે માટેં."

તિણરો-ઉત્તર એ જે-

શાશ્વતમાંહિં અનાદિપ્રવાહઈં પુરુષવ્યાપાર છઇ જ. अत एव-દ્વાદશાંગી પણિ अविच्छित्तिनयार्थतायां શાશ્વત કહી છઇ,-

"**एसा णं दुवालसंगी अव्वुच्छित्तिणयट्ठयाए सासया**" इति सूत्रात्.

स्थापनं स्थापना, એ ભાવવ્યુત્પતિં અભિપ્રાયરૂપ પુરુષવ્યાપાર તે સ્થાપના, તે પ્રવાહાનાદિતાઈં અનાદિ. "स्थाप्यते" इति स्थापना. એ-કર્મવ્યુત્પત્તિવ્યાપારાશ્રય, તે સ્થાપના. તે-સ્વત: અનાદિવ્યાપારોપરાગેં પ્રવાહઈં અનાદિ. ઈહાં કોઈ દૂષણ નથી. विहिततदभिप्रायविषया, इत्येतत् स्थापना. अत एव-गुर्वाभिप्रायविषयाक्षादिगुरुस्थापना, जिनाभिप्राय-विषयप्रतिमा, ते जिनस्थापना કહિઈં, સદ્ભાવ-સ્થાપના, અસદ્ભાવ સ્થાપના. વિશેષ-**अनुयोगद्वारसूत्रे** પ્રસિદ્ધ જ છેં. અશાશ્વતસ્થલઈં-ઈતિકર્ત્તવ્યતાશુદ્ધપ્રતિષ્ઠાવિધિં અભિપ્રાયાધાન હોઈ, શાશ્વતસ્થલેં પૂર્વ-પૂર્વાભિપ્રાયજ્ઞનેં જ કુશલાનુબંધ જ હોઈં, શાશ્વતાશાશ્વતાસ્થાપના ઉભયવંદન -જંઘાચારણાદિકનઈં सूत्रइं કહીઉં છઇં.

"तहिं-चेइयाइं वंदइ, तओ पडिनियत्तइ, इहमागच्छइ, इहं चेइंआइं वंदइ" इत्यादिपाठात्।

ઋષભાદિ નામનો વિરહ ૧૫ કર્મ ભૂમિમધ્યે ન હોઈં, તે માટેં-શાશ્વતપ્રતિમા મધ્યે તદભિપ્રાયપ્રવાહાવિચ્છેદેં હોઈં. એ- પરમાર્થ.

"નામનિક્ષેપની પરિ સ્થાપનાનિક્ષેપ ભાવસ્મારકપણઈં હિતાવહ." ઈમ ઘણા કહઈં છઇં, આહાર્ય અભેદારોપેં -પ્રતિમા તેહ જ જિન. ઈમ જાણી - આત્મ-પરમાત્માનું અભેદ ધ્યાન ઉપજાવી સમાપત્તિ ફલઇં જ મહાહિત હોઈં. એ **हरिभद्रादिग्रन्था**નુસારી अस्मदीयानुभव છઈં. નામઃ-વાચ્યવાચક ભાવસંબંધઈં, સ્થાપનાઃ- પ્રતિકૃતિ-સંબંધઇં, દ્રવ્યઃ-સમવાય સંબંધઈં, ભાવસંબદ્ધ છઈં. ભાવ તે સાક્ષાદ્ ગુણાવહ છઈં. એ-૪ નિક્ષેપની ભાવના.

"णमो बंभीए लिवीए"

એ - **भगवती** પ્રતીક પરમાર્થ વિચારતાં જ श्रीमेघजीऋषिनइं ગુણ થયો છઇં.

ઇહાં-શિષ્યજનના હિતને અર્થઇં अस्मत्कृत**जैनतर्कभाषा**नुसारें નિક્ષેપ-નય યોજનિકા કહીંઈ છઈં

નામાદિ ૩ નિક્ષેપઃ દ્રવ્યાસ્તિક નય જ માનેં. પર્યાયાસ્તિક નયઃ ભાવ નિક્ષેપને જ માનઈં. દ્રવ્યાસ્તિકનયના ભેદઃ-સંગ્રહ ૧. વ્યવહાર ૨. નૈગમ-સામાન્ય ગ્રાહીઃ સંગ્રહમાં જ અંતર્ભવઈં. વિશેષગ્રાહીઃ વ્યવહારમાં. જે માટે ત્રીજો ભેદ નથી.

પર્યાયાર્થિકના ૬ ભેદ

**सिद्धसेन** મત **विशेषावश्यकइं** કહિઉં.

णामाइतियं दव्वट्ठियस्स भावो अ पज्जवणयस्स ।
संगहे ववहारा पढमग्गस्स सेसा उ इयरस्स ।
એ ગાથાઇં-સ્વમતેં नमस्कार निक्षेप विचारस्थलइं કહિઉં.

"भावं चिय सद्द-णया, सेसा इच्छंति सव्वा णिक्खेवे. ।"

શબ્દ નયઃ શુદ્ધપણા માટઇ-ભાવનિક્ષેપ વાંછઇં, ઋજુસૂત્રાંત ૪ અશુદ્ધપણા માટિં -સર્વ નિક્ષેપ વાંછઇં.

એહનો અર્થ- "ઋજુસૂત્ર-નામ નિક્ષેપઃ ભાવનિક્ષેપઃ એ ૨ જ વાંછઇ." ઇંમ કોઈ કહઇં છઇં,

તે જુઠું. જે માટઇં–

"उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्यावस्सयं"

એ સૂત્રઇં જ-ઋજુસૂત્રનઇં દ્રવ્યાભ્યુપગમ દેખાડયો છઇં.

અનઇં-પિંડાવસ્થાઇં સુવર્ણાદિ દ્રવ્ય અનાકાર, ભવિષ્યત્ કુંડલાદિ પર્યાય-ભાવહેતુપણઇં વાંછતો, વિશિષ્ટ ઇંદ્રાદ્યભિલાપહેતુભૂત સાકારસ્થાપના પ્રતિં એ નય ન માંનઇં, તો એ નય સૂક્ષ્મદર્શી કિમ થાઇ ?

તથ-इंद्रादि શબ્દમાત્રઃ અથવા તદર્થરહિત ઇંદ્રાદિ શબ્દવાચ્ય गोपालदारकः નેં ભાવકારણપણાનેં અવિશેષેં-નામેંદ્ર વાંછતો, એ નય-નામઃ સ્થાપનાઃ ૨ નિક્ષેપનેં કિમ વાંછઇ? જો આગલિ જઈ યુક્તિ દર્શી થાઈ સાહમું વાચ્યવાચકભાવસંબંધઇસંબદ્ધ નામથી इंद्र, मूर्ति लक्षण દ્રવ્ય વિશિષ્ટતદાકાર સ્થાપનાનઇં इंद्र પર્યાયરૂપભાવનેં વિષઇં તાદાત્મ્ય સંબંધઇ રહ્યા. માટઇં-વિશેષ છઇં. તો એ ૨ નિક્ષેપા ઋજુસૂત્ર કિમ ઉથાપઇં?

વલઇં, એહનઇં મનાવવા "સંગ્રહઃ વ્યવહારઃ એ ૨. નયસ્થાપના વર્જ ૩. નિક્ષેપા માનેં છઇં." એહવું કેતલાઈક કહઇં છઇં.

તે પણિ-જુઠું.

જે માટઇં-સંગ્રહિક ૧, અસંગ્રહિક ૨, અથવા-અનર્પિતભેદ-પરિપૂર્ણભેદ ૩-નૈગમ સ્થાપના વાંછઇં, તે તો અવશ્ય માનવું. સંગ્રહઃ વ્યવહારઃન્ય(નય?) દ્રવ્યાર્થિકનયેં સ્થાપનાનિક્ષેપનું વર્જન નથી.

તે માટે-આદ્ય પક્ષઇ -સંગ્રહનયેં સ્થાપનાનિક્ષેપ બલેં આવઇં, જે માટઇ-તન્મત-સંગ્રહિક નૈગમમતથી ભિન્ન ન છે.

દ્વિતીય પક્ષેઃ- વ્યવહારનયઈં સ્થાપનાભ્યુપગમ બલઈં આવઈં, જે માટઈં, - તન્મત - અસંગ્રહિક નૈગમમતથી અવિશિષ્ટ છે.

તૃતીયપક્ષઈંઃ- નિરક્ષેપ-સંગ્રહઃ વ્યવહારઃ ન માનઈ, તો પણિ-સંપૂર્ણનૈગમરૂપસમુદિત ૨ નયનઈં સ્થાપનાપક્ષ દુર્નિવાર છે. જે માટેં-અવિભાગસ્થનૈગમથી પ્રત્યેકઈં એકૈકભાવ ગ્રહઈ છઈં.

બીજું-

સંગ્રહઃ વ્યવહારઃ નૈગમમાંહિ આવઈ, તો-તન્મત સ્થાપના સંગ્રહ વ્યવહાર માંહિ કિમ નાવઈં? ઉભયવિષયકત્વરૂપ નૈગમધર્મ એકેકમાં ન પઈસી સકઈં, પણિ-સ્થાપનાવિષયકત્વરૂપ નૈગમધર્મનઈં સંગ્રહઃ વ્યવહારઃ એ ૨ નયમાં પ્રવેશઈ-બાધક નથી. જિમ-સહસ્રપણું શત સંખ્યામાંહિ ન પઈસઈ, પણિ-તદ્ગત દશકાદિ સંખ્યા સુખે પઈસેં.

કેવલ સ્થાપના સામાન્યઃ અનઈ તદ્ગત વિશેષઃ માનવઈં- સંગ્રહઃ વ્યવહારઃ નયનેં વિશેષ જાણવો.

ઇત્યાદિ **विशेषावश्यकादि** મહાગ્રંથાનુસારઈં अह्मो **जैनतर्कभाषा**માંહિ લિખ્યું છઈ. તે प्राकृतभाषाइ लेखमध्ये तुम्हनें લિખી જણાવ્યું છઇ. એ લેખનઈં મહાશાસ્ત્ર કરી જાણવું યુક્ત જ છઈં.

**किं नाम-स्मरणेन न प्रतिमया किं वा भिदा कानयोः**
**संबन्धः प्रतियोगिना न सदृशो भावे किं वा द्वयोः ।**
**तद्वन्द्यं द्वयमेव वा जडमते! त्याज्यं द्वयं वा त्वया**
**स्यात्तर्कादत एव लुम्पमुखे दत्तो मषीकूर्चकः ।।**

अस्मत्कृत-**प्रतिमाशतके** ॥

બીજું-

स्थाप्यते, इति स्थापना । એ વ્યુત્પત્તિનિમિત્ત જ છઈ. પણિ-तदाकारत्वात् प्रवृत्तिनिमित्त તે છઇં. માટઇં-શાશ્વત પ્રતિમા માંહિ સ્થાપના

શબ્દાર્થ ઘટઈં. જિંમ- "गच्छति" इति गौः એ ગો શબ્દ વ્યુત્પત્તિનિમિત્ત છઈં, ઈમ કહતાં-બઈઠી ગાયમાંહિં ગોપદાર્થ નાવઈં, માટઈ-સાસ્નાદ્યભિવ્યંગ્યગોત્વજાતિગોપદપ્રવૃત્તિનિમિત્ત કહિઈં છઈ' તિમ-ઈહાં જાણયો, સૂધું સદહયો. ૪

## ૫

વલી-જે તુમ્હે લિખ્યો છઇ "સ્પષ્ટ શ્રાવકકરણી મધ્યે જિનપૂજાવિધિ કિહાં કહીઉં છઈં?"

તે તો -द्रौपदी પ્રમુખ પૂજાવિધિ સ્પષ્ટ જ છઈં, તદીય પ્રાસાદાદિકૃત્ય શ્રુતાર્થાપત્તિસિદ્ધ જ છઈં. તથાપિ-વિધિવાદઈં સ્પષ્ટાક્ષરઃ **श्रीमहानिशीथसूत्र**तृतीयाध्ययन મધ્યે છે, તે લિખિઈં છઈં.

***अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो***

***जे कसिणसंजमविऊ पुप्फाईअं न कप्पए ।। १ ।।***

तेसिं किं मन्ने गोयमा ! एस बत्तीसिंदाणुट्ठिए जम्हा, तम्हा उभयंपि अणुट्ठेज्जा.

न बुज्झसि विणिओगमेअं? तिसिं भावत्थवाऽसंभवो. तहा भावच्चणाइ उत्तमं दसण्णभद्देण उदाहरणं, तहेवय-चक्कहर-भाणु-ससि-दत्त-दमगादीहिं

पुच्छंते वि णिद्दिसे गोयमा ! ताव-जं सुरिंदेहिं भत्तिउ सव्विड्ढिए अणण्णसामण्णपू आसक्कारे कए.

ता किं तं सव्वसावज्जविरएहिं अणुट्ठियं? उयाहु-सव्वहा अविरएहिं सुभत्तीए पूआसक्कारे कए ?

ता जइ एवं तओ बुज्झ गोयमा ! णीसंसयं देसविरय अविरयाणं विणुयोगमुभयत्थं विवण्णियं ( ?)

એ અક્ષરો તો ચોથા તથા પાંચમા ગુણસ્થાને નિ:સંશય દ્રવ્યસ્તવફલ પણિ દેખાડયું છઈ.

***काऊण जिणाययणेहिं मंडियं सयलमेइणीवट्टं ।***
***दाणाइचउक्केणवि सुट्ठुवि गच्छिज्ज अच्चुअं ।। १ ।।***

गुण સ્થાન માફક ભક્તિયતના પરિણામેં જલ-પુષ્પાદિ વિરાધના તો દોષાવહ નથી, સાહમું ગુણાવહ છઈ. નહીં તો, અભિગમનવંદનાદિ વિધિ પણિ ઉચ્છિન્ન થાઈ. ઉષ્ણ જલાદિકે સ્નાત્ર, હીરફૂલ પ્રમુખેં પૂજા, તથા-સ્તોકજલપુષ્પાદિકે પૂજા, તો ભક્તિનેં ઠામેં અભક્તિ પરિણામ વધારતાં બોધિબીજનો જ નાશ કરેં.

उक्तं च **पञ्चाशके**-

***अण्णत्थारंभओ धम्मेणारंभओ अणाभोगो ।***
***लोए पवयणखिंसा अबोहिबीयंति दोसाय ।।***

જો સાધુનેં અસત્કારી-અસન્માની સૂઝતું અથવા અસૂઝતું દેતાં એકાંત પાપ બંધ કહ્યો છઈ, તો ભક્તિ પરિણામવંચનાઈ સ્તોકપુષ્પાદિપૂજાઈ શંકિયાનઈ બોધિબીજનો નાશ કિમ ન હોઈ ? બલિઢૌકન: પુષ્પપૂજા: ૧૭ ભેદ: અનેકવિધિ सूत्रें હુંતો, તેહજ પરંપરાઈ કહવાઈ છઈ, उक्तं च-**श्रीमहानिशीथे**—

तं सव्वं महया वित्थरेणं अरहंतचरियाभिहाणे अंतगडदसाणं अज्झयणे कसिणं विन्नेयं

सिद्धांत પૂર્વઈ હુંતો, તે તો હવણા ન છે. હવણાં-છિન્ન-પટ-સંધાન ન્યાયઈ **देवर्द्धिगणिक्षमाश्रमणवाचनानुगत पंचांगी** શુદ્ધ આલંબતાં કિસી ન્યૂનતા નથી. તથા-કોઈક સિદ્ધાંતઈ થોડુ કહિઉં હોઈ, કિહાંઈક ઘણું કહીઉં હુઈ. તિહાં-સંદેહ ન કરવો. એ સિદ્ધાંત શૈલી જ છે. उक्तं च-

*कत्थइ देसग्गहणं कत्थइ घिप्पंति निरवसेसाइं ।*
*उक्कमवइक्कमाइं सहाववसऊ णिरुत्ताइं ॥*

એ સર્વ જાણી, કુલક્રમદાક્ષિણ્ય મૂકી, ભલીભક્તિ જિનપદ પામવા ભણી જિનપૂજા કીજે, તો જ જાણ્યાનું સાર છે. પામર લોકનો ભય રાખીને જન્મ સફલતા ન કીજે તે ન ઘટઇ. श्रीवीतराग દાસપણાનો ભાવ તેહનો લોકોત્તરવિનય સાચવ્યા વિણ કિમ નિર્વહઇ? દેવપૂજા વેલા સામાયિકાદિ લેઈ બઈસી શુભ પરિણામ દેષાવઈ, તિણે સાધુદાનાવસરિં પણિ સામાયિક લેઈ છૂટવું. કૃત્રિમ ભાવ અને અકૃત્રિમ ભાવમાં ઘણો અંતર છે.

૬

વલી, જે 'ચંદ્રજ્યોત્સ્ના સમાંન કેવલી કહીયા છે,'' તે-પરા નામ આઠમી યોગદષ્ટિં કેવલજ્ઞાનજ્યોત્સ્નાની અપેક્ષાઈ. અને दिगंबरीय **समंतभद्र** आचार्यइं: **उपासकाध्ययनटीका**कारइं: **श्रावकाचार**मध्ये લિખ્યું છઇ–

*अनात्मार्थं विनाश गैः शास्ता शास्ति सतो हितम् ।*
*ध्वनन् शिल्पिकरस्पर्शान्मुरजः किमपेक्षते ? ॥*

એ શ્લોક. તે માદલની પરિં કેવલીને ધ્વનિ માન્યો છઈ, તે તો ન ઘટઇ. જે માટેં-અનક્ષરનઇ અક્ષર પરિણામ અદષ્ટ છઇ. ભાષા-પર્યાપ્તિ નામ કર્મનો ઉદય છેં, તે માટેં-ભાષારૂપ જ શબ્દ કેવલીનેં ઘટઇ. અનઇ-વિકલ્પપૂર્વક તો સઘલી ક્રિયા છદ્મસ્થાનેં છઇ. કેવલીનેં તો સ્થાન, નિષદ્યા, આહાર, વિહારાદિ, સર્વક્રિયા અવિકલ્પપૂર્વક અઘાતિ કર્મોદયનિમિત્ત માંનઇ, તેહનઈજ-તાદશ દેશનાધ્વનિ માનતાં પૂરવઈ, दिगंबरने તો જિમ-ભિત્તિમાંહિંથી ધ્વનિં નિકલઇ, તિમ-માન્યું જોઇઇ. તત્તત્કાલઇ તત્તકાર્યકર્ત્તવ્યત્વવિષયક કેવલજ્ઞાનપર્યાય જ કેવલીનઇ તત્તકાર્યકારી કહિઇ, તો સંભવઇ. उक्तं च-**ओघनिर्युक्तौ**—

*णाऊण वेयणिज्जं अइबहुंअं आउअं च थोवागं ।*
*कम्मं पडिलेहेउं वच्चंति जिणा समुग्घायं ॥*

ઈહાં-**क्त्वा** પ્રત્યયાર્થ કેવલ પર્યાય લીજે, તો જ સંભવઇ. એ ચર્ચા **विशेषावश्यकादिके** ઘણી છે.

૭

તથા "મૂલગેં વિમાને ચંદ્રમા સૂર્ય આવઇ" ઇત્યાદિ અચ્છેરામાં આશ્ચર્ય લાગેં, તે તો-આશ્ચર્ય પદનો અર્થ જ છઇ. ૧૦ અચ્છેરાઃ તે-ઉપલક્ષણ-અત્યંત સ્થાવર હૂઇનઇં **શ્રીમરુદેવા** સિદ્ધ થયાઃ ઈત્યાદિ ભાવ પણિ પ્રાયઇં અસંભવવિભાવ સંભવ હોઇં. તે આશ્ચર્યભૂત જ જાણવા. એવું **पञ्चवस्तु** મધ્યે કહિઉં છેં.

૮

માર્ગાનુસારી ત્રિધા-એક-પુદ્ગલપરાવર્ત્તથી યોગદષ્ટિં ધર્મબીજ સાહમો થયો. ૧. **પછિં-માર્ગપતિત કO** માર્ગ સાહમો ચાલ્યો, पत्लृं पथि गतौ **૨. માર્ગાનુસારી કહિતાં** ગ્રંથીદેશિં પોહતો ૩. માર્ગાભિમુખ ૧. માર્ગપતિત ૨. માર્ગાનુસારી ૩.

૯

यतीनां षट् कर्माणि— અધ્યયન ૧, અધ્યાપન ૨, દેવભક્તિ ૩, ગુરુભક્તિ ૪, મૂલગુણ અભ્યાસ ૫, ઉત્તરગુણ અભ્યાસ ૬, ઈતિ ષટ્.

ब्रह्मणां षट्— અધ્યયન ૧, અધ્યાપન ૨, યજન ૩, યાર્જન ૪, અનુગ્રહ ૫, પ્રતિગ્રહ ૬, ઈતિ.

૧૦

પડિક્કમણાનાં છ આવશ્યક કર્મના નામ લિખીઇં છઇં :-

દોષસંગ્રહ ૧, આલોચના ૨, પ્રતિક્રમણ ૩, ક્ષામણવિધિ ૪, વ્રણચિકિત્સા ૫, ગુણધારણા ૬. अस्यार्थः-

भावालोचना १, द्रव्यालोचना २, दोष-जुगुप्सया दोष-शुद्धिः ३, आचार्यादीनां आशातनाशुद्धिः ४, चारित्रादीनां ३ लघुदोष शुद्धिः ५, उत्तरगुणशुद्धिः ६.

*आवश्यकाध्ययनोपलक्षितकर्माणि आवश्यककर्माणि ६ ।।*

तेन – प्रथमकर्माणि–आत्मसाक्षिकदोषालोचनया दोषसंग्रहः कार्यः।

तद्विधिस्तु–**करेमि भंते**०, **इच्छामि**०, कायोत्सर्ग, यतीनां **सयणासण**० गाथया दोषसंग्रहः कार्यः, श्राद्धेन तु अष्टगाथया.

एतेन–प्रतिक्रमणपीठं दर्शितम्. पीठदाढर्यार्थं **चतुर्विंशतिस्तवः** पठनीयः १

ततः–गुरोः पुरतो दोषप्रकाशनम्, तद्विधिस्तु–मुखपटीप्रतिलेखनातो वन्दनकं दत्त्वा "**इच्छाकारेण**० **दे**० **आलो**० **जो**० **ठाणे**० २.

ततः–अपुनःकरणतया दोषान्निवर्त्तनं प्रतिक्रमणम् ।

तद्विधिस्तु–प्रथमम्–सव्व० इत्यादि पठनपूर्वं प्रायश्चित्तं मार्गयित्वा, द्वितीयम्–गुरुदत्तं प्रायश्चित्तं प्रतिपद्योपविश्य विधिना प्रतिक्रमणसूत्रं पठति, तेन–ज्ञानदर्शनचारित्रतपोवीर्यशुद्धिः स्पष्टा ३. ।

ततः–तद्गदाशातनाशुद्धिः क्षामणकेन विधेया । वन्दनकादारभ्य– "**आयरिय उ**०" इत्यादिपर्यन्तो विधिरत्रावसेयः ४।

ततः–व्रणचिकित्सावत् चारित्रादीनां ३ शुद्धिर्विधेया । तद्विधिस्तु– **इच्छामि ठाउं**० **करेमि भं**० **१ तस्स उ**० कायोत्सर्गे **लोगस्स** २ ततो– **लो**० **कायो**० ततः–**पुक्खर**० **कायो**० **सिद्धाणं**० **कायो**० ५

ततः–पूर्ववदुत्तरगुणशुद्धिः, उत्तरगुणास्तपःप्रभृतयः ।

नमस्कारेणानुवादो विधीयते ६.

ततः– क्रियाप्रभावना ।

ततः– सामान्यतो गुणदाढर्यार्थं कायो०

इति दैवसिक–प्रतिक्रमणविधिः

एवम् सर्वत्र ५ भाव्यम् ।।

११

न च पञ्चतीर्थी–चतुर्विंशति–पट्टकादौ मिथः स्नात्रजलस्पर्शादिना दोष आशङ्क्यः । यदाहुः—

**रायप्पसेणइज्जे सोहम्मे सूरिआभदेवस्स ।**
**जीवाभिगमे विजयापुराइ विजयाइदेवाणं ।।**

भिंगाइ–लोमहत्थय–लूहणया–धूवदहणमाईयं पडिमाणं सकहाणय पूआए इक्कयं भणियं । इति **धर्मसंग्रहे**।।

१२

**एक–वस्त्रो न भुञ्जित न कुर्याद्देवतार्चनम् ।**
**न कञ्चुकं विना कार्या देवार्चा स्त्रीजनेन तु ॥१।।**

एवं हि–पुंसां वस्त्रद्वयं स्त्रीणां च वस्त्रत्रयं विना देवपूजनादि न कल्पते।।

१३

तहारूवं समणं वा माहणं वा पडिहय–पच्चक्खाय पावकम्मं अफासुएणं अणेसणिज्जेणं असण–पाण–खाइम–साइमेणं पडिलाभेमाणे भंते! किं कज्जइ?

गोयमा! अप्पे पावे कम्मे, बहुअरिआसे णिज्जरा कज्जइ, त्ति **भगवत्याम्**।।

१४

ततः—

अंहि्– जानु–करांसेषु–मूर्ध्नि ९ पूजां यथाक्रमम् ।

इत्युक्तैर्वक्ष्य ? प्रमाणत्वात् सृष्ट्वा नवाङ्गेषु कर्पूरकुङ्कमादिमिश्र–गोशीर्षचन्दनादिनार्चयेत् ।।

केऽप्याहुः– पूर्वं भाले तिलकं कृत्वा नवाङ्गपूजा कार्या ।। इति।। छ।।

# કાગળ ૨ જો

॥ ऐँ ॥

स्वस्ति श्रीपार्श्वजिनं प्रणम्य—

श्रीस्तम्भतीर्थनगरतो न्यायाचार्योपाध्याय-श्रीजशविजयगणयः सपरिकराः सु-श्रावक-पुण्य-प्रभावक-श्रीदेवगुरुभक्तिकारक-श्रीजिनाज्ञाप्रतिपालक-संघमुख्य **साह-हरराज-साह-देवराज**-योग्यं-धर्मलाभ-पूर्वकमितिलिखन्ति, अपरम्—

ઇહાં-ધર્મકર્મ સુખઇ નિવર્ત્તઇ છઈ. તુમ્હારા ધર્મોદ્યમના સમાચાર જણાવીને પરમસંતોષ ઉપજાવવા.

તથા-તુમ્હારો લિખ્યો લેખ ૧ પ્રથમ ચૈત્રશુદિનો લિખ્યો-આવ્યો, સમાચાર પ્રીછયા, સંતોષ ઊપના.

તથા-પ્રશ્નરો ઉત્તર—

साध्वी नानबाईरी અવધિજ્ઞાનરી કપટમાત્ર જણાઈ છઇં.

તથા- खंभात મધ્યે શ્રાવક સૂત્ર વાચઈ છઇ, તે - ढुंढिया આજ્ઞા વિરોધી અભિન્નગ્રંથ છઇ. જે -આપણા વચનઇ અનુસારઇ બોધવંત

છઈ, તે તો અર્થગ્રાહી છઈ. યોગ વહિયા વિના, જ્ઞાનાચાર ક્રિયા-શુદ્ધિ વિના, વિશિષ્ટ જ્ઞાન વિના, સૂત્ર ન વાંચઈ.

तओ अवायणिज्जा पं० अविणीए विगईपडिबद्धे अविउसवियपाहुडे। **स्थानाङ्गे.**

***गिहे दीवमपासंता पुरिसादाणीया णरा वि ते ।***
***वीराणुबंधणं मुक्का णा य कंखंति जीवियं ।।*** **सूत्रकृताङ्गे**

देविंद-नरिंद-भासियत्थं महरिसीण य सुअप्पदिन्नं. **प्रश्नव्याकरणे**

ઇત્યાદિ અક્ષર બલઈ યત્યાચારક્રિયા વિના સૂત્ર વાંચણો ન છઈ. વિચારી દેખજ્યો.

તથા-ગુરુશિષ્ય સંવાદ તો બુદ્ધિં જાણવો.

વડો લેખ લિખાવી મોકલ્યો છઈ, **સા. ગદાધર** થાનઈ ઠાઊકો મોકલ્યો છઈ. તિણમાં-નયઃ નિક્ષેપઃ પ્રમાણરી મણા ન રહી છઈ. વારંવાર વિચારયો.

તથા -**श्रीवर्द्धमानस्वामी क्षत्रीकुण्डग्रामे** हवा. તે તો- આગમ પ્રમાણ મધ્યે અંતર્ભવઈ છઈ. સામાન્યથી આમ સદ્ભાવે તો શેષવત્ અનુમાનપ્રવર્તઈ. જે માટઈ -અબાધિત સ્યાદ્વાદ પ્રવચન રૂપ કાર્ય છઈ, તે આમ કારણ વિના ન સંભવેઈ. पूर्ववदादि શબ્દરો એ અર્થ છઈ.

पूर्वं कारणं विद्यते लिङ्गतया यत्र, तत् शेषवत् । एतदन्यदनुमानं दृष्टसाधर्म्यवत्, तदेव सामान्यतो दृष्टमित्युच्यते ।।

તથા-न्यायाचार्य बिरुद तो भट्टाचार्यइ न्यायग्रन्थरचना કરી, દેખી પ્રસન્ન હુઈ, દિઊં છઈ. ગ્રન્થ સંમાપ્તિં લિખ્યા છઈ-

पूर्वं न्याय-विशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधै-
र्न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम्।

शिष्यप्रार्थनया· नयादिविजयप्राज्ञोत्तमानां शिशु–

स्तत्त्वं किंचिदिदं **यशोविजय** इत्याख्यात्तदाव्यानवान् ॥

ન્યાયગ્રંથ ૨ લક્ષ કીધો છઇ. તો- બૌદ્ધાદિકરી એકાંત યુક્તિ ખંડી, સ્યાદ્વાદપદ્ધતિ માંડીનઇ. એ યુક્તિ જૈન ન્યાયાચાર્યબિરુદ પરિણતશિષ્ટ લોક કહઇ. તેઈ-પ્રમાણ છઇ. તે પ્રીછયો.

તથા-જ્ઞાનરૂપ સમકિત કહઈ છઈ, તિણરઈ મતઇં-જ્ઞાનાવરણી-યક્ષયોપશમઈ સમકિત હોઈ.

"દર્શનસપ્તક્ષયોપશમઇ સમકિત કિમ કહિઉં ?"

તિણરો ઉત્તર-જ્ઞાનાવરણીય ક્ષયોપશમનઈ દર્શન સપ્તક ક્ષયોપશમ સહકારી છઈ, જ્યૂં કેવલ જ્ઞાનપ્રતઈ કેવલજ્ઞાનાવરણીયક્ષય કારણઈ છઇ, ઇસ્યું-**तत्त्वार्थवृत्ति** મધ્યે કહિઊં છઇ.

તથા- અમ્હે તો સ્વકૃત ગ્રન્થમધ્યે–

से य सम्मत्ते पसत्थ–समत्तवेयणिज्ज–कम्माणु वेयणोवसमखयसमुत्थे सुहे आयपरिणामे पण्णत्ते ।।

એ સિદ્ધાંત વચનાનુસારઇં આત્મપરિણામરૂપ જ સમ્યક્ત્વ થાપ્યો છઈ. નહીં તો-સમ્યક્ત્વ ષટ્ ષષ્ટિ ૬૬ સાગરોપમ સ્થિતિં કહિઊં છઈ, તે અપર્યાપ્તાવસ્થાઇં પણિ લાભઈ, તે-કિમ ઘટઇ? વિશેષદર્શનરૂપ ઉપયોગ અપર્યાપ્તાવસ્થાઇં ન સંભવઇં.

એ યુક્તાયુક્ત વિચારજ્યો.

તથા-ધર્મલાભ જાણજ્યો, ધર્મોદ્યમ વિશેષથી કર્યો, ધર્મ્મસ્નેહ વૃદ્ધિવંત રાષજ્યો.

इति श्री कल्याणमस्तु ।।

[**શ્રાવક-ભીમસિંહ માણેકે** છપાવેલા **પ્રકરણ રત્નાકર ભાગ ૩-જાના** ૬૯૭ થી ૭૧૦મા પૃષ્ઠ સુધી **ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજી મહારાજનો એક કાગળ** છપાયેલો છે. તે આ **પહેલા કાગળ** સાથે લગભગ મળતો છે, તે કાગળમાં છ આવશ્યકના સ્વરૂપથી માંડીને પહેલો પત્ર સંપૂર્ણ થાય, તેટલો ભાગ નથી. તથા કોઈ કોઈ ઠેકાણે જે કાંઈ વિશેષતા છે, અથવા પાઠભેદ છે, તે અહીં નીચે બતાવીએ છીએ : જે કાંઈ આ છપાયેલ પત્ર કરતાં તેમાં ખામી છે, તે બતાવેલ નથી. પરંતુ આના કરતાં તેમાં વિશેષ છે તે જ અહીં બતાવવામાં આવેલ છે.]

## પૃષ્ઠ ૪૫

૧ લી પંક્તિ– શ્રી જિનાય નમઃ

स्वस्ति श्री स्तम्भनक-पार्श्वजिनं प्रणम्य—

श्रीस्तम्भतीर्थनगरतः श्रीजेसलमेरु-महादुर्गे न्यायाचार्योपाध्याय-श्रीयशोविजयगणयः सपरिकराः सुश्रावक-पुण्यप्रभावक-श्रीदेवगुरु-भक्तिकारक-श्रीजिनाज्ञाप्रतिपालक-गीतार्थ-परंपराप्राप्त-सामाचारी-रुचिधारक-आगमाध्यात्मविवेककारक-मोक्षैकतान-सर्वावसर-सावधान **शा. हरराज शा. देवराज** योग्य धर्मलाभपूर्वकं लिखितम् ।( ?) —

અઠે ધર્મકાર્ય સુખે પ્રવર્તે છે. अपरम्- થારા કાગદ સમાચાર પાયા. વાંચી બહુત સુખ પાયા. અત્ર જ્ઞાનગોષ્ઠીગરિષ્ટ એસી સભા છે, જે દેખી થાસરખાં જ્ઞાનપ્રિય લોકને ઘણું સુખ ઉપજે તે પ્રીછજો.

## પૃષ્ઠ ८८

૧૬ મી પંક્તિ- બલઈ મને જ આવી –

## પૃ. ८૯

૨ જી પં. - દિવ્યાહારપણું.

### પૃ. ૯૧

૨૧મી પં.– પણિ-પરમાર્થથી ક્ષાયિક.

### પૃ. ૯૨

૧૭મી પં.– વેદનીય કર્મ ઉદયથી નિદ્રા કવળાહાર.

### પૃ. ૯૩

૭મી પં.– કેવલ વ્યવહારાનુગત છદ્મસ્થ વ્યવહારથી ભિન્ન દેખી ઉન્ત્રાસન કરવો. વચન-અસંગાનુષ્ઠાન ભેદ જાણવા.

કવલાહાર સમાન; પણિ-કેવળ સ્વભાવવાદ માનઈં તો બૌદ્ધ મત થાઈં.

### પૃ. ૯૪

૨ બીજી પં. - એ શબ્દરો કુંણ અર્થ ?

૩૭મી પં.– પ્રસજ્ય પ્રતિષેધે કોઈ કારણથી ન હોઈં.

૬ઠ્ઠી પં. – એ પાંચમો અર્થ ન સંભવે, જે માટે.

૨૪મી પં. – જો શરીર નામકર્મ રહિઓ છે.

### પૃ. ૯૬

૧૯મી પં. – દ્રવ્યે દોષ તો દોષ જ નથી.

૧૦મી પં. – તો પણિ કેમ સૂત્રવચન યુક્તિરિક્ત કરીજે ?

૨૩મી પં. – કિસ્યો દોષ ન હોઈં.

### પૃ. ૯૭

૧૪મી પંક્તિ – વર્તમાન-જ્ઞેયાકારોત્પાદ : ઇત્યાદિ.

૧૫મી પં. – પ્રાયોગિકાકારોત્પાદ : અતીત જ્ઞેયાકારોત્પાદઃ

### પૃ. ૯૮

૧૬મી પંક્તિ યુક્તિલૌકિક (વિયુક્તલોક જોઈએ)

૨૧મી પં. – તાવત્ દ્રવ્ય પણિ કહવા.

૨૪મી પં. – એ બે તો સર્વત્ર.

## પૃ. ૧૦૦

૨જી પં. – વર્તમાનાશ્રય દ્રવ્ય.

૯મી પં. – "રત્નરાશિસમઇ" કહઇ છઇ

૨૫મી પં. – મંદપરમાણ્વવગાહનાદ્યનુસારે

## પૃ. ૧૦૧

૧લી પં. – જો સ્કન્ધ જહદ્વૃત્તિ

૧૯મી પં. – તે પારમાર્થિક દ્રવ્ય નથી.

૨૧મી પં. – અનપેક્ષિ દ્રવ્યાર્થિક બે પ્રકારે વૃત્તિકારે

૨૨મી પં. – સૂક્ષ્મપર્યાય સમયમાં ઉત્પાદઃ

## પૃ૦ ૧૦૩

૬ઠ્ઠી પં. – સમાપત્તિ સમયે જ મહાહિત

૧૭મી પં. – એ બે નૈગમ સામાન્ય ગ્રાહી

૧૮મી પં. – તે માટે ત્રીજો ભેદ નથી.

૧૯મી પં. – પર્યાયાર્થિકના ૪ ભેદ ઋજુ સૂત્રાદિક, તે-**સિદ્ધસેન**મત તથા **વિશેષાવશ્યક**માં इआ णामाइ भावचिय सद्दहणा या सेसा०—

## પૃ. ૧૦૪

૮મી પં. – સુવર્ણાદિ દ્રવ્ય અલંકાર ભવિષ્યતિ કુંડલાદિ

૯મી પં. – ઇંદ્રાદ્યભિલાષ

૧૨મી પં. – શબ્દ નામ ગોપાલ દારકને

૧૪મી પંક્તિ – નામ સ્થાપનાઃ એ બે નિક્ષેપને કિમ ન વાંછે?

૧૬મી પં. – નામથી ઇંદ્રમૂર્તિ લક્ષણ દ્રવ્ય વિશિષ્ટસ્તદાકાર સ્થાપના માને

૨૦મી પં. – એ ત્રણ નિક્ષેપા.

૨૪મી પં. – સંગ્રહ વ્યવહારાન્યદ્રવ્યાર્થિક

## પૃષ્ઠ ૧૦૫

૨જી પં. – નૈગમથી ભિન્ન છે.

૪થી પં. – નૈગમનયથી અવિશિષ્ટ છે

૧૭મી પં. – વિશેષાવશ્યક-મહાગ્રન્થાનુસારે.

## પૃ. ૧૦૬

૩૭મી પં. — तदाकारत्व ते प्रवृत्ति निमित्त छे.

## પૃ. ૧૦૭

૧લી પં. – નિઃસંશયદ્રવ્યસ્તવ ભાવસ્તવઃ ઉભય કરવા કહ્યાં તથા તત્ર જ દ્રવ્યસ્તવ ફળ પણ.

## પૃ. ૧૦૯

૬ઠ્ઠી પં. – જો કોઈ મતનિરપેક્ષ થોડે પણ ક્ષયોપશમે વર્તે, મહાશાસ્ત્રરો અભ્યાસ કરવા ચાહે, તેહને મેં તર્ક-સિદ્ધાંત-શાસ્ત્રરો દાન દ્યાં. તિણસું મારે એકાંત સ્નેહ છે, તે પ્રીછજો.

દેવાણંદારી કૂખીથી શ્રીવીતરાગ ગર્ભ ત્રિશલા કૂખે આણ્યો, તે તો દેવશક્તિ છે, તિહાં અસાધ્ય કાંઈ નથી.

૧૨મી પં. —पत्तेयबुद्धलाभा हवंति अच्छेरभूया **इत्युपदेशमालायाम्**

## પૃ. ૧૧૧

તથા " ન્યાય માહરો કર્યો છે, તે માંહેથી પ્રતો પાંચ સાત અઠેથી લઈ જાઈ" ઇસ્યું. **સા. ગદાધર** મહારાજને લખજો. બીજી ભલામણ જે લિખણી હોવે, તે લિખજો. પરિણતિ શુદ્ધ રાખજો. **શા. વચ્છા. શા. જેતસી** પ્રમુખને પણ કાગલ લિખજો.

એક શ્રદ્ધાવંતને ધર્મકુટુંબ કરી જાણજો.

આ પક્ષમાં સમજનાર ધર્મપ્રિય કેટલાએક છે? તે લખજો. ધર્મરી પરિણતિ વાધે, તેમ કરજો.

નામ લઈ શ્રીદેવાધિદેવની યાત્રા કરજોજી.

ફાગુન શુદ તેરશ શ્રી ૧૦૮ શ્રી યશોવિજયોપાધ્યાયકૃત સમ્યગ્ શાસ્ત્ર વિચારસાર પત્ર સમાપ્ત.

[પહેલા કાગળમાં છપાયેલો શ્રી **મહાનિશિથ સૂત્રના ત્રીજા** અધ્યયનનો પાઠ અશુદ્ધ હોવાથી **પૂજ્ય મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ તરફથી પૂજ્ય મુનિમહારાજ શ્રીજશવિજયજી મારફત** આવેલો ગુજરાતી ભાષાંતર સાથે મૂળપાઠ અહીં આપવામાં આવેલ છે.]

***अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।***
***जे कसिणसंजमविऊ पुप्फादीयं ण कप्पए ।। १ ।।***

तेसिं तु- किं मन्ने **गोयमा** ! एस बत्तीसिदाणुट्ठिए जम्हा, तम्हा उभयं पि अणुट्ठेज्जेत्थं, न बुज्झसी विणिओगमेवं तं - तेसिं भावत्थवासंभवो, तहा भावच्चणाय उत्तमयं दसन्नभद्देण उयाहरणं, तहेव य चक्कहरभाणुससिदत्तमगादीहिं विणिद्दिसे

***पुच्छं ते गोयमा ! ताव, जं सुरिंदेहिं भत्तिओ ।***
***सव्विड्ढिए अणण्णसमे, पूया-सक्कारे कए ।। १ ।।***

***ता किं तं सव्वसावज्जतिविहऽविरएहिंऽणुट्ठितं ।***
***उयाहु सव्वथामेसुं, सव्वहा विरएसु उ ।। २ ।।***

***णणु भयवं ! सुरवरिंदेहिं, सव्वथामेसु सव्वहा ।***
***अविरएहिं सुभत्तीए, पूया-सक्कारे कए ।। ३ ।।***

***ता-जइ एवं, तओ-बुज्झ, गोयमा ! णीसंसयं ।***
***देसविरय - अविरयाणं तु, विणिओगमुभयत्थं वि सयमेव ।। ४ ।।***

**અર્થ**– સંયમમાર્ગમાં સંપૂર્ણ રીતે પ્રવૃત્તિ નહિ કરનાર એવા વિરતાવિરતોને એટલે દેશવિરતિ શ્રાવકોને જ આ દ્રવ્યસ્તવ અથવા દ્રવ્યાર્ચન યોગ્ય છે.

જે સંપૂર્ણ સંયમ અર્થાત્ સર્વવિરતિ-મહાવ્રતધારી છે, તેમને પુષ્પાદિક લેવાં કે તેનો સ્પર્શ કરવો વગેરે કલ્પી શકતું જ નથી. ૧

**હે ગૌતમ!** હું માનું છું - કે આ બન્નેય અર્થાત્ દ્રવ્યપૂજા અને ભાવપૂજા બત્રીસ ઇંદ્રોએ કરેલી છે, તેથી તેમના **અનુષ્ઠેય** એટલે કર્ત્તવ્યવિષયક વિનિયોગ અધિકાર **વિભાગને** તું આ પ્રમાણે નથી સમજી શકતો કે ૧ 'તેસિં' એટલે તેમને અર્થાત્ જેઓ પોતાને નામમાત્રથી અનગાર તરીકે ઓળખાવી ગંધ માલ્ય ણ્હવણ વિલેપન વસ્ત્રાદિ દ્રવ્યપૂજા કરે છે, તેમને - ભાવસ્તવ ઘટતો જ નથી. અપ્કાય અગ્નિકાય વનસ્પતિકાય આદિ છએ જીવકાયની વિરાધનાનાં પ્રત્યાખ્યાન કરી તત્પ્રધાન દ્રવ્યપૂજા કરતા હોવાથી.

૨ **દશાર્ણભદ્રરાજર્ષિના** ઉદાહરણથી (દ્રવ્યપૂજા કરતાં) ભાવાર્ચના-ભાવપૂજાનું જ પ્રધાનપણું છે ૩. તેમજ-**ચક્રવર્ત્તિ ભાનુ શશિદત્તમૃગાદિનાં** ચરિત્રોના આ વિભાગને **ગૌતમ!** તું સમજતો નથી.

હે **ગૌતમ!** હું તને પૂછું છું કે ઇંદ્રોએ પોતાની સંપૂર્ણ ઋદ્ધિ વડે તીર્થંકર ભગવાનની અનન્ય સમાન-અદ્વિતીય પૂજા-સત્કાર અર્થાત્ દ્રવ્યપૂજા કરી છે, તે પોતાના સંપૂર્ણ પરાક્રમથી-શક્તિથી ત્રિવિધે સાવદ્ય-પાપવ્યાપારથી વિરત થયા સિવાય કરી છે કે વિરત થઈને કરી છે? ॥૧॥૨॥

**ગૌતમ સ્વામી** જવાબ આપે કે –

હે ભગવન્! સુરેંદ્રોએ પોતાના પરાક્રમથી સર્વથા અવિરત થઈને જ-અવિરતિ રહીને જ ભક્તિપૂર્વક પૂજા-સત્કાર અર્થાત્ તીર્થંકર દેવોની દ્રવ્યપૂજા-દ્રવ્યાર્ચના કરી છે. ૩.

જો **ગૌતમ!** એમ હોય તો તું પોતાની મેળે ઉભયમાં અર્થાત્ દ્રવ્યપૂજા અને ભાવપૂજા વિષયે દેશવિરતિ અને અવિરતસમ્યગ્દૃષ્ટિના વિનિયોગ-અધિકારને નિઃશંક રીતે સમજી લે. ॥ ૪ ॥

■ ■ ■

KIRIT GRAPHICS -(079) 25352602